નૂતન
વર્ષાભિનંદન

ગુજરાત સમાચાર
મંગળવાર, તા.૧૦-૧૧-૨૦૨૬

Happy
New Year

રાશિ ભવિષ્ય

સંવત ૨૦૮૩



शुभम् करोती कल्याणम्, आरोग्यं धनं संपदा ।
शत्रु बुद्धि विनाशाय, दीप ज्योति नमोऽस्तुते ॥

નૂતન વર્ષાભિનંદન

ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

સ્વ. રાજજ્યોતિષી
પ્રિ. પદ્મનાભ અગ્નિહોત્રી
રાજજ્યોતિષી
પ્રા. અગ્નિદત્ત પદ્મનાભ
(અગ્નિહોત્રી)

સૌને નૂતન વર્ષાભિનંદન

૨૦૮૩ના વર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. નવું વર્ષ આપ સૌની મનોકામના પૂર્ણ કરે એવી શુભેચ્છા. આજના મંગલદિને વાચક મિત્રો, પત્રકારો, વિજ્ઞાપનકારો, લેખક સમુદાય અને વિતરકો હિત સૌને શુભેચ્છા.

- શ્રેયાંશ શાહ,
મેનેજીંગ તંત્રી

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રી નવદુર્ગાયૈ નમઃ ॥ ॥ શ્રી યજ્ઞપુરુષાય નમઃ ॥
॥ શ્રી ગુરવે નમઃ ॥

પરમકૃપાળુ મા નવદુર્ગા અને શ્રી એકલિંગજી દાદાની અસીમ કૃપાથી વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ કારતક સુદ એકમ મંગળવાર તા. ૧૦ નવેમ્બર ૨૦૨૬થી થાય છે. નવા વર્ષના ગ્રહયોગ અનુસાર રાશિફળ વિગતવાર જોતાં -

વર્ષ દરમ્યાન શનિની સાડાસાતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે ૨ જૂન સુધી રહે છે ત્યાર બાદ સાડાસાતીનો બીજો તબક્કો શરૂ થશે જે સોનાના પાયે રહેશે. બન્ને તબક્કા આપના માટે નબળાં રહેશે. ગુરુનું પરિભ્રમણ વર્ષ દરમ્યાન સાનુકુળ પ્રતિકૂળ રહ્યા કરે. રાહુ મધ્યમ રહેશે. તેમજ અન્ય ગ્રહોની પરિસ્થિતિ જોતાં -

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે નબળું રહેશે. તા. ૨૬ જાન્યુઆરીથી તા. ૫ જૂન સુધી ગુરુ કર્ક રાશિમાં વક્રી થઈને પરિભ્રમણ કરી રહ્યો છે. જે આપના સ્વાસ્થ્ય માટે ચિંતા ઉભી કરાવે. આ સમય દરમ્યાન આંખોની તકલીફ જણાય. પીઠ, થાપાની, કીડનીની તકલીફ રહે. તે સિવાય છાતીમાં દર્દ-પીડા, શ્વાસ લેવામાં તકલીફ, ગભરામણ જેવું લાગે તો તરત દાક્તરી સલાહ લઈ લેવી. જેમને પહેલેથી હૃદય સંબંધી તકલીફ હોય તેમમે વિશેષ સાવધાની રાખવી પડે. તેમાં પણ ૯ માર્ચથી ૨૬ એપ્રીલ સુધીનો સમય વધુ મુશ્કેલ રહે.

શનિની પનોતીના લીધે પણ આપે સ્વાસ્થ્યની કાળજી રાખવી પડે. કોઈને કોઈ શારિરીક માનસિક તકલીફ આપને જણાય. તેમાં પણ જૂન માસથી શનિનું પરિભ્રમણ આપની રાશિમાં શરૂ થઈ રહ્યું છે, જે આપના માનસિક પરિતાપ વ્યગ્રતામાં વધારો કરે. વર્ષ દરમ્યાન આપ હરો-ફરો કામકાજ કરો પરંતુ આપના હૃદય મનને શાંતિ રાહત જણાય નહીં.

આર્થિક સુખ સંપત્તિ

વર્ષારંભથી તા. ૨ જૂન સુધી શનિ મીન રાશિમાંથી પસાર થઈ રહ્યો છે પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે છે. જે આપની નાણાંકીય મુશ્કેલીમાં વધારો કરો. તેમાં પણ પોષ વદ બીજથી ગુરૂ વક્રી થઈને કર્ક રાશિમાં પરિભ્રમણની શરૂઆત કરશે જે પણ આપના માટે નાણાંકીય મુશ્કેલી રખાવે. એક બાજુ આવક સ્થગીત થઈ ગઈ છે, આવકમાં વધારો નથી થઈ રહ્યો તેવું અનુભવો અને બીજી બાજુ મોંઘવારી વધવાને લીધે કે અન્ય કારણોસર જાવકનું પ્રમાણ વધતું જાય. આપે નાણાંભીડનો સામનો કરવો પડે. ખોટા ખર્ચાઓ, આકસ્મિક ખર્ચાઓને લીધે આપની નાણાંકીય સ્થિતિ કથળતી જાય. સામાજિક વ્યવહારિક વ્યવહારો સાચવવામાં આપને તકલીફ પડે. કોઈના લીધે આપે ઘસાવું પડે.

કોઈની દેખાદેખીમાં આવી જઈને વ્યાજે રૂપિયા લાવીને કે ઉછીના ઉધાર રૂપિયા લાવીને પ્રસંગ કરવા નહીં. ખોટા ખર્ચાઓ પર કાપ મૂકવો આપના માટે હિતાવહ રહેશે. નવા કોઈ નાણાંકીય જોખમો વધારવા નહીં.

તા. ૨ જૂનથી શનિની પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે માથામાંથી પસાર થશે તેથી નાણાંકીય બાબતોનું આયોજન કરવામાં, રોકાણ કરવામાં, નિર્ણય કરવામાં આપે સાવધાની રાખવી પડે. ઉતાવળમાં, આવેશમાં આવી જઈને કે કોઈના દોરવાયા દોરવાઈ જઈને લીધેલ નિર્ણય આપની આર્થિક મુશ્કેલીમાં વધારો કરો.

જોકે ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ સાનુકુળ થતાં આપને થોડી રાહત જણાય. જૂની ઉઘરાણીના નાણાં છૂટા થવાથી આપના વ્યવહારો સાચવવામાં મુશ્કેલી ઓછી થાય. ટૂંકમાં વર્ષ દરમ્યાન બાંધી મુઠ્ઠી લાખની એમ સમજવું.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક પારિવારીક દ્રષ્ટિએ વર્ષ ઠીક રહે. તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમ્યાન આપની કૌટુંબિક પારિવારીક ચિંતા પરેશાનીમાં વધારો જણાય. માતા પિતાના આરોગ્ય આયુષ્યની ચિંતા રહે. માતૃપક્ષે બીમારી ચિંતાનું આવરણ આવી જાય. ૨ જૂન સુધી મોસાળપક્ષ સાસરીપક્ષની ચિંતા રહે. નાની વાતમાં વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખ ના થઈ જાય તેનું ધ્યાન રાખવું પડે. જૂન માસથી પત્નીની ચિંતા આપને રહે. સાંસારિક જીવનમાં મતભેદ થઈ જાય. પત્નીના આરોગ્યની ચિંતા આપને રખાવે. પત્ની સાથે કારણ વગરના કલેહ કંકાસથી આપે દૂર રહેવું.

તા. ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ સારું થતાં આપને ધીરે ધીરે રાહત થતી જાય. સંતાનના પ્રશ્નો આપની ચિંતા-પરેશાની ઓછા થતાં જાય. વિવાહ લગ્ન યોગ્ય સંતાનોના વિવાહ લગ્ન અંગે વાતચીત આવે કે નક્કી થાય. સંતાનના પરદેશાગમનના યોગ ઉભા થાય.

તા. ૨ જૂનથી શનિની પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે માથામાંથી પસાર થશે તેથી નાણાંકીય બાબતોનું ધ્યાન રાખવું પડે

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

નોકરીની દ્રષ્ટિએ સંવત ૨૦૮૩નું આપનું વર્ષ ઠીક રહેશે. વર્ષારંભે ગુરૂનું પરિભ્રમણ આપના માટે સારું રહે. આપને લાભ ફાયદો અપાવે. પરંતુ તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન વક્રી ગુરૂ આપની મુશ્કેલીમાં વધારો કરે. આપના કામ થાય નહીં. બઢતી બદલીના કામમાં રૂકાવટ જણાય. તેમાં પણ કોઈની ઓળખાણ કે ચીઠ્ઠીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરો તો આપની મુશ્કેલીમાં વધારો થાય. ભાઈભાંડુવર્ગ સગા સંબંધીવર્ગ કે પરિવારના સદસ્યને ત્યાં નોકરી કરતાં હોવ તો અપમાનીત થવું પડે. પેન્શન કે અન્ય બાબતોને લગતો કોર્ટ કેસ ચાલતો હોય તો આપને પ્રતિકૂળતા રહે. નિર્ણય આપની વિરુદ્ધમાં આવતાં આપની તકલીફોમાં વધારો થાય. પરંતુ ૨૫ જૂનથી આપને થોડી રાહત થતી જાય.

વર્ષારંભથી તા. ૨ જૂન સુધી લોખંડના પાયે શનિનું પરિભ્રમણ આપના થતાં કામમાં અડચણ ઉભી કરે. શનિની પનોતીનો બીજો તબક્કો તા. ૨ જૂનથી સોનાના પાયે શરૂ થઈ રહ્યો છે જે આપના માટે નબળો રહેશે. આપના ગણત્રી ધારણા પ્રમાણેના કામ થઈ શકે નહીં. આપની ગણત્રી ધારણાઓ અવળાં પડતાં આપ મુશ્કેલીમાં મૂકાવ. તા. ૫ ડીસેમ્બર ૨૦૨૬થી રાહુનું પરિભ્રમણ પણ મધ્યમ થઈ રહ્યું છે તેમજ કર્મસ્થાનમાંથી થઈ રહ્યું છે. જેના લીધે ઘણીવાર આપના કામ થતાં થતાં અટકી જાય. આરોગ્યની અસ્વસ્થતાં, કૌટુંબિક પારિવારીક પરિસ્થિતિના લીધે કામમાં બરાબર ધ્યાન આપી શકો નહીં. ભૂલો થવાને લીધે ઠપકાનો ભોગ બનવું પડે. વર્ષાન્તે ગુરૂનું પરિભ્રમણ આપને થોડી રાહત અપાવશે.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

ધંધાકીય રીતે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ એકંદરે આપના માટે પ્રતિકૂળ રહે. વર્ષ દરમ્યાન શનિનું પરિભ્રમણ પ્રતિકૂળ રહે છે તેમજ વર્ષની મધ્ય સુધી વક્રી ગુરૂ આપના માટે નબળો રહેશે. તા. ૫ ડીસેમ્બરથી રાહુ કર્મસ્થાનમાંથી પસાર થઈ રહ્યો છે. એકંદરે વર્ષ દરમ્યાન પ્રતિકૂળ સંજોગો વધુ સમય રહે છે તેથી ધંધામાં કામમાં અડચણ રહે. કોઈને કોઈ કારણસર કામમાં વિલંબ જણાય. લોખંડના ધંધામાં, કમ્પ્યુટર કે તેના હાર્ડવેર સોફ્ટવેર કે એસેસરીઝ સ્ટેશનરીના ધંધામાં આપને તકલીફ રહે. આપની ઘરાકી તૂટતી જાય. દિવસ દરમ્યાન એક પણ ગ્રાહક ન આવતાં ધંધા પર, દુકાન પર શા માટે આવો છો તેવા વિચાર આવ્યા કરે. સંયુક્ત ધંધામાં પિતા-પુત્ર વચ્ચે કે ભાઈઓ ભાઈઓ વચ્ચે વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખ ઉભા થઈ જાય. ધંધામાંથી છૂટા થવાના વિચારો આવે. ભાગીદારીવાળા ધંધામાં પણ છૂટા થવાના પ્રશ્નો ઉભા થાય. જૂના ગ્રાહકો પણ મોં ફેરવી લેતાં આપના આવકના સ્ત્રોત ઘટતાં જાય.

વર્ષારંભથી તા. ૧૨ નવેમ્બર અને તા. ૯ માર્ચથી ૨૬ એપ્રીલ દરમ્યાન આપે ધંધાકીય મહત્ત્વના નિર્ણય લેવાનું ટાળવું. અત્યંત જરૂરી સંજોગોમાં વડીલવર્ગ સાથે ચર્ચા વિચારણા કરી લેવા તેમ છતાં કોઈના દોરવાયા દોરવાઈ જઈને કે કોઈની શેહ-શરમમાં આવી જઈને કોઈપણ નિર્ણય કરવા નહીં. રાજકીય સરકારી કીન્નાખોરી, દ્વેષ ઈર્ષ્યાના ભોગ બનવું પડે. કાયદાકીય આંટીઘૂંટીમાં અટવાઈ જાવ.

જો કે તા. ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ સાનુકુળ થતાં આપને થોડી રાહત જણાય. કેટલાંક વિલંબમાં અટવાઈ પડેલા કામનો ઉકેલ આવતો જાય.

વિદ્યાર્થી વર્ગ

વિદ્યાર્થીવર્ગ માટે આ વર્ષ નબળું છે.મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરી શકો નહીં. કારકિર્દીનું વર્ષ હોય તેમણે વિશેષ ધ્યાન રાખવું. થોડાક ગુણ માટે વર્ષ બગડે નહીં કે લાઈન ના બદલવી પડે તેની તકેદારી રાખવી પડે. જૂઠા સ્વાર્થી વ્યસની મિત્રોથી સંભાળવું પડે. તેમની સાથે હરવા ફરવામાં મોજ, મજામાં વર્ષ બગડે નહીં કે અભ્યાસ બગડે નહીં તેનું ધ્યાન રાખવું. જૂનમાસથી આપની રાશિમાંથી પસાર થઈ રહેલા શનિ માનસિક પરિતાપ વ્યગ્રતા રખાવડાવે. વાંચવાની ઈચ્છા થાય નહીં. વાંચો તો યાદ રાખવામાં મુશ્કેલી જણાય. ભૂલી જાઓ તેવું બને. તા. ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ આપને થોડી રાહત આપનારું રહેશે. વર્ષ દરમ્યાન આપે આરોગ્યની કાળજી રાખવી પડે.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩માં ગુરુ, શનિ તેમજ રાહુનું બે રાશિમાંથી પરિભ્રમણ થઈ રહ્યું છે.ગુરૂનું પરિભ્રમણ પ્રતિકૂળ સાનુકુળ રહે, શનિ પ્રતિકૂળ રહે તેમજ રાહુનું પરિભ્રમણ મધ્યમ રહેશે. એકંદરે વર્ષ આપના માટે કઠીન રહેવાનું. સ્વાસ્થ્ય સંબંધી તકલીફોનો સામનો કરતાં કરતાં આપના કાર્યોને પૂર્ણ કરવા પડે. ઘર-પરિવારની ચિંતા જણાય. નાણાંકીય આયોજન આપે ખૂબ જ સમજી વિચારીને કરવું પડે.

મેષ (અ.લ.ઇ.)

માતા પિતાના આરોગ્ય, આયુષ્યની ચિંતા રહે. માતૃપક્ષે બીમારી ચિંતાનું આવરણ આવી જાય. ૨ જૂન સુધી મોસાળપક્ષ-સાસરીપક્ષની ચિંતા રહે...

સ્ત્રી વર્ગ

સ્ત્રીવર્ગને માટે સંવત ૨૦૮૩નું વર્ષ કપરું સાબીત થાય. વર્ષ દરમ્યાન કોઈને કોઈ શારિરિક માનસિક તકલીફોનો સામનો કરવો પડે. પેટ પેઢુ ગર્ભાશયમાં દર્દ પીડા જણાય. મેનોપોઝની તકલીફ રહે. પતિ સાથે સાંસારિક જીવનમાં મુશ્કેલીઓ ઉભી થાય. નોકરી વ્યવસાય તેમજ ઘર પરિવારની જવાબદારીઓમાં કોને પ્રાધાન્ય આપવું તેની મૂંઝવણ રહે. પહેલાને આપો તો બીજાને તકલીફ અને બીજાને આપો તો પહેલાને તકલીફ જણાય.

માતૃપક્ષે બીમારી ચિંતાનું આવરણ આવી જાય. નાણાંકીય આયોજન ખૂબ જ સાવધાનીપૂર્વક કરવું પડે. જો કે વર્ષાન્તે ગુરૂનું પરિભ્રમણ સારું થતાં આપને થોડી થોડી રાહત થતી જાય. સંતાનપ્રાપ્તિના યોગ ઉભા થાય. અવિવાહીત સંતાનના વિવાહ લગ્નની વાતચીત આવે કે નક્કી થવાથી આનંદ અનુભવો.



ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

વૃષભ (બ.વ.ઉ.)



તા. ૨૫ જૂનથી ગુરૂ અને તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ થતાં આપે નાણાંકીય રીતે સંભાળવું પડે...

વિક્રમ સંવત ૨૦૮૩માં વર્ષના પ્રારંભથી પોષવદ બીજ તા. ૨૪-૧-૨૦૨૭ સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ રહેશે. આ સિવાય વૈશાખ વદ બારસ તા. ૨-૬-૨૦૨૭થી આપ શનિની સાડાસાત વર્ષની પનોતીના બંધનમાં મૂકાશો. પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે છે જે આપના માટે કષ્ટ પીડા આપનારો રહેશે. રાહુનું પરિભ્રમણ આપના માટે મધ્યમ રહે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષનો પ્રારંભ અને વર્ષનો અંત આપના માટે કઠીન રહે. વર્ષની મધ્યમાં ગુરૂનું પરિભ્રમણ સારું રહેતાં સ્વાસ્થ્યની બાબતમાં આપને રાહત જણાય. એકંદરે આરોગ્યની બાબતમાં આપે સજાગતા રાખવી પડે.

વૈશાખ વદ બારસથી પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે પસાર થઈ રહ્યો છે જે આપના સ્વાસ્થ્ય માટે કષ્ટ પીડા આપનારો રહેશે. જૂની બીમારી ફરી ઉથળો મારે. વારસાગત બીમારી લાગુ પડતાં આપે સાવધાની રાખવી પડે. વર્ષારંભે અને વર્ષાન્તે ગુરુનું પરિભ્રમણ આપની હૃદય સંબંધી તકલીફોમાં વધારો કરો. જેમને પહેલેથી જ હૃદયને લગતી કોઈ બીમારી કે તકલીફ છે તેમણે વિશેષ સાવધાની રાખવી પડે.

તા. ૧૨ નવેમ્બરથી તા. ૯ માર્ચ અને તા. ૨૬ એપ્રીલથી તા. ૪ જૂન દરમ્યાન બી.પી.ની તકલીફ, લોહી સંબંધી તકલીફ જણાય. આંખોની પેટની તકલીફ આપને રહ્યા કરે.

વર્ષના ઉત્તરાર્ધમાં આરોગ્યની દ્રષ્ટિએ સમય આપના માટે વધુ નબળો છે. તેથી આપની ખોટી હોંશીયારી કે બેદરકારીના લીધે આપનું સ્વાસ્થ્ય વધુ કથળે નહીં તેની તકેદારી રાખવી. સમેય સમયે દાક્તરી નિદાન અને સલાહ લેતા રહેવું આપના માટે હિતાવહ રહેશે.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ વર્ષ ઠીક રહે. વર્ષારંભથી પોષ વદ બીજ દરમ્યાન આકસ્મિક કોઈને કોઈ ખર્ચ આવી જાય. તા. ૨૪-૧-૨૦૨૭થી ગુરૂનું પરિભ્રમણ આપને લાભ-ફાયદો આપનારું બની રહે. જૂની ઉઘરાણીના નાણા છૂટા થાય. આકસ્મિક કોઈ ધનલાભ મળી રહે. પરદેશથી આવનારા આપના પેમેન્ટ આવી જતાં આપને રાહત જણાય. ખર્ચ ઘટતાં ધાર્યા પ્રમાણે બચત કરી શકો. પરંતુ તા. ૨૫ જૂનથી ગુરૂ અને તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ થતાં આપે નાણાંકીય રીતે સંભાળવું પડે. સ્વાસ્થ્ય સંબંધી તકલીફોના લીધે કોઈને કોઈ આકસ્મિક ખર્ચ આવ્યા કરે. ખોટા ખર્ચાઓને લીધે નાણાંભીડનો આપે સામનો કરવો પડે.

આ સમય દરમ્યાન યાત્રા પ્રવાસમાં પૈસા ભરેલું પાકીટ ખોવાઈ કે ચોરાઈ ન જાય તેની આપે તકેદારી રાખવી પડે. પરદેશથી સમયસર આપનું પેમેન્ટ ના આવતાં આપના વ્યવહારો અટકી પડે. આપે નાણાંભીડનો સામનો કરવો પડે. કોઈના દોરવાયા દોરવાઈ જઈને આપે નાણાંકીય રોકાણ કરવું નહીં. કૌટુંબિક પારિવારીક પ્રશ્ને ખર્ચ જણાય.

તા. ૧૨-૧૧-૨૦૨૬થી તા. ૯-૩-૨૦૨૭ સુધી તેમજ ૨૬ એપ્રીલથી તા. ૪ જૂન દરમ્યાન આપને રાજકીય સરકારી, ખાતાકીય કામકાજ અંગે ખર્ચ જણાય. આ સમય દરમ્યાન સરકારી કાર્યવાહી થતાં બેંક ખાતા સીલ થઈ જાય અને અન્ય નાણાંકીય સ્ત્રોત બંધ થઈ જવાથી આપની મુશ્કેલીમાં વધારો થાય. ટૂંકમાં વર્ષ દરમ્યાન આપે નાણાંકીય બાબતોમાં સાવધ રહેવું પડે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ નોકરીમાં ઠીક રહે. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષાન્ત સુધી ગુરૂનું પરિભ્રમણ આપને પ્રતિકૂળતા રખાવશે. આપના કાર્યો થઈ શકે નહીં. તેમાં પણ તા. ૨ જૂનથી શનિની સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે શરૂ થઈ રહ્યો છે જે આપની મુશ્કેલીમાં વધારો કરે. આપની મહેનત બુદ્ધિ અનુભવ આવડતનો લાભ આપના કરતાં બીજાને વધુ થાય.

અગત્યના, સારા પ્રોજેક્ટ આપની પાસેથી લઈ બીજાને આપવામાં આવે. મહત્ત્વના પ્રોજેક્ટની આપને દૂર રાખવામાં આવે. આપના કામ કરવાની ક્ષમતા પર સવાલો ઉભા થાય. આપની સાથે રહેનારા માણસો દ્વારા જ આપને દગો વિશ્વાસઘાત થાય.

વર્ષ દરમ્યાન આપનું સ્વાસ્થ્ય આપને સાથ ના આપતાં કામમાં ભૂલો થાય, પુરું ધ્યાન ના આપી શકો. ઘર પરિવારની ચિંતાના લીધે પણ કામમાં મન લાગે નહીં તેવું બને. વારંવારની રજાઓના લીધે ઉપરીવર્ગ તરફથી ઠપકો સાંભળવો પડે કે નોકરીમાંથી છૂટા કરવામાં આવે નહીં તેની તકેદારી રાખવી.

જો કે પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુઆરીથી વૈશાખ વદ બારસ તા. ૨૫ જૂન દરમ્યાન ગરૂનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ રહેશે. બઢતી બદલીના કામ થઈ શકે. આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. સહકાર્યકરવર્ગ નોકર ચાકરવર્ગનો સાથ સહકાર મળી રહે. કંપની તરફથી પરદેશ જવાની કાર્યવાહી થવાથી આનંદ અનુભવો. નવી કોઈ જગ્યાએ વાત ચાલતી હોય કે ઈન્ટરવ્યુ આપ્યો હોય તો તમાં સાનુકૂળતા સફળતા મળી રહે.

પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ.થી વૈશાખ વદ બારસ તા. ૨૫ જૂન સુધીનો સમય આપના માટે સાનુકુળતાવાળો રહે...

ધંધામાં વર્ષ કેવું પસાર થાય

ધંધાકીય દ્રષ્ટિએ વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે ઠીક રહે. પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ.થી વૈશાખ વદ બારસ તા. ૨૫ જૂન સુધીનો સમય આપના માટે સાનુકુળતાવાળો રહે. આ સમય દરમ્યાન ગુરૂનું સાનુકુળ પરિભ્રમણ આપને લાભ-ફાયદો કરાવે. આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવા કામકાજ થાય. આપના ઉત્સાહમાં વધારો થાય. નવી કોઈ વાતચીત આવે કે નવો કોઈ ઓર્ડર મળી રહે. ધંધાકીય નવું કોઈ આયોજન વિચારતાં હોવ તો તે થઈ શકે. ભાઈભાંડુ નોકર ચાકરવર્ગનો સાથ સહકાર મળી રહે. પરંતુ વર્ષારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી તેમજ તા. ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ બની રહેશે. તા. ૨ જૂનથી શરૂ થઈ રહેલી શનિની પનોતી પણ આપની મુશ્કેલીમાં વધારો કરશે. આપના કામ થતાં થતાં અટકી જાય.

રાહનું પરિભ્રમણ દેશ પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં રૂકાવટ રખાવે. નવા ઓર્ડરો મળવામાં મુશ્કેલી ઉભી થાય. ઘરાકી ધીરે ધીરે ઘટતી જાય અને આવક બંધ થઈ જાય કે સ્થગિત થઈ જાય. શું કરવું તેનું સૂઝ પડે નહીં.

સંયુક્ત ધંધામાં, ભાગીદારીવાળા ધંધામાં વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખ થઈ જાય. ભાગ લઈને છૂટા પડવાનો સમય આવે. દગો વિશ્વાસઘાત થવાથી બધું મૂકીને જવાનો સમય પણ આવે. તેથી કોઈના પર વધુ પડતો ભરોસો રાખવો નહીં. આ સમય દરમ્યાન ધંધો વધારવાની જગ્યાએ નવું સાહસ કરવાની બદલે જૂના ગ્રાહકો જળવાઈ રહે અને બાંધી આવક સચવાઈ રહે તેવા પ્રયાસો કરવા. ટૂંકમા ધંધાકીય રીતે વર્ષ આપના માટે ઠીક રહે.

સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગ માટે આ વર્ષ ઠીક પસાર થાય. વર્ષના પ્રારંભમાં ઘર પરિવારની ચિંતા જણાય. જમીન મકાન વાહનના પ્રશ્ને આપને પ્રતિકૂળતા રહ્યા કરે. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન સુધીનો સમય થોડો સાનકુળ રહે. નોકરી ધંધામાં નવી તક પ્રાપ્ત થાય. આપના કામની કદર પ્રશંસા થાય. અવિવાહીત વર્ગને વિવાહ લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. પરંતુ તા. ૨ જૂનથી શનીની પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે શરૂ થતાં તેમજ તા. ૨૫ જૂનથી ગુરૂ પ્રતિકૂળ થતાં આપની મુશ્કેલીમાં એક પછી એક વધારો થતો જાય. એક પરેશાનીમાંથી બહાર આવો ન આવો ત્યાં બીજી પરેશાની આવી પડે. નોકરીયાત વ્યવસાયી મહીલાઓને ઘર પરિવાર અને નોકરી વ્યવસાયના કામ વચ્ચે સંતુલન જાળવાવમાં તકલીફ અનુભવાય. પતિ સાથે વાદ વિવાદ થઈ જાય. આપે ધીરજ અને શાંતિ રાખીને વર્ષ પસાર કરી લેવું.

વિદ્યાર્થી વર્ગ

વિદ્યાર્થી વર્ગ માટે વર્ષ એકંદરે નબળું છે તેથી વર્ષારંભથી જ આપે અભ્યાસ અંગેનં આયોજન કરી તે પ્રમાણે મહેનત શરૂ કરી દેવી. પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ.થી વૈશાખ વદ બારસ તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂનું સાનુકુળ પરિભ્રમણ આપને મદદરૂપ થશે. અભ્યાસમાં આપને સરળતા જણાય. મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરી શકો. પરંતુ વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષાન્ત સુધી ગુરૂ પ્રતિકૂળ રહેશે તેમજ તા. ૨ જૂનથી શનીની પનોતી શરૂ થતાં આપને અભ્યાસમાં મુશ્કેલી ઉભી થાય. આમ, વર્ષ દરમ્યાન સાનુકુળ સમય ઓછો અને પ્રતિકૂળ સમય વધુ છે તેથી નાની સફળતામાં છકી ગયા વગર વધુ પડતા આત્મવિશ્વાસમાં આવ્યા વગર એકધારી મહેનત જરૂરી બની રહેશે. પરીક્ષા સમયે બીમારી અકસ્માતથી સંભાળવું પડે. કારકીર્દીનું વર્ષ હોય તેમણે આટલા વર્ષોની મહેનત બગડે નહીં તેની કાળજી રાખવી પડે. થોડાક ગુણ માટે વર્ષ બગડે કે લાઈન બદલવી પડે નહીં તેની તકેદારી રાખવી.

ખેડૂત વર્ગ

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ એકંદરે આપના માટે પ્રતિકૂળ રહેશે. વર્ષ દરમ્યાન સારો સમય ઓછો અને ખરાબ સમય વધુ રહેછે તેથી આપની મુશ્કેલીઓ ઘટવાનું નામ ના લે. સરકારી યોજના પર બહુ આધાર રાખવો નહીં. વ્યાજે કે ઉછીના નાણાં લઈને ખેતી કરવી નહીં. જમીનની ફળદ્રુપતા ઘટી જતાં આપને પાક ઓછો મળે. સરકારી નોકરી સાથે ખેતીમાં નામ ચલાવી સરકારી યોજનાના લાભ લેતા હોવ તો આપની મુશ્કેલીમાં વધારો થાય. આપની પર સરકારી કાયદાકીય કાર્યવાહી થાય.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩માં આપના માટે સાનુકુળ સમય ઓછો અને પ્રતિકૂળ સમય વધુ રહે છે તેથી વર્ષ દરમ્યાન આપને લાભ ઓછો અને તકલીફો વધરે રહેશે. નોકરી ધંધો, ઘર-પરિવાર બધી બાજુની મુશ્કેલીઓમાં આપ ઘેરાઈ જાવ. બહાર આવવાનો રસ્તો સૂઝે નહીં. શું કરવું જોઈએ ? શું ના કરવું જોઈએ ? તેની સૂઝ આપને પડે નહીં. તેમાં પણ આપનું સ્વાસ્થ્ય આપને સાથ ના આપતા આપની તકલીફોમાં વધારો થાય. બધી બાજુની ચિંતા-તણાવ, દોડધામ શ્રમની અસર આપના સ્વાસ્થ્ય પર પડે નહીં તેની કાળજી આપે રાખવી પડે.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક પારિવારીક દ્રષ્ટિએ વર્ષ મધ્યમરહે. વર્ષ દરમ્યાન ગુરૂ-શનિ તેમજ રાહુનું પરિભ્રમણ આપને ઘર-પરિવારની ચિંતા રખાવડાવે. વર્ષ દરમ્યાન માતા-પિતાના આરોગ્ય-આયુષ્યની ચિંતા રખાવડાવે. સંયુક્ત માલ-મિલકત, ધંધાના પ્રશ્ને ભાઈભાંડુ સાથે વાદ-વિવાદથી સંભાળવું પડે. મોસાળપક્ષે સાસરીપક્ષે બીમારી ચિંતાનું આવરણ આવી જાય. વડીલવર્ગની ચિંતા અનુભવાય. ભાઈભાંડુ પક્ષે આકસ્મિક બીમારી કે અન્ય પ્રશ્નના લીધે ચિંતા દોડધામ અનુભવાય.

૧૨ નવેમ્બરથી ૯ માસ અને ૨૬ એપ્રીલથી ૪ જૂન દરમ્યાન પત્નીની ચિંતા અનુભવાય. પત્ની સાથે વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખ ન થાય તેની કાળજી રાખવી પડે. પત્ની ઘર છોડીને પિયરે જતી રહે તેવું બને. વિવાદ ઉગ્ર સ્વરૂપ લઈ લે.

અશક્ય કશું જ નથી, બધું શક્ય છે.
સંતોષીકૃપા જ્યોતિષ
૧૦૦% કામની ગેરંટી ૧૦૦% સાચી સલાહ
All Gujarat & UK, USA Famous
રાજેશભાઈ જોષી (ગોલ્ડ મેડાલિસ્ટ)
લવ પ્રોબ્લેમના સ્પેશ્યાલીસ્ટ
આકર્ષણયોગ • વ્યાપારમાં ખોટ
ભૂમિનડતર • લક્ષ્મી ટકતી નથી
ફેમીલી પ્રોબ્લેમ • છુટાછેડા
નોકરી • ફસાયેલા નાણાં • પ્રેમલગ્ન
સ્ત્રી-પુરુષના અણબનાવ • વિદેશયોગ
લક્ષ્મીયોગ • ગૃહક્લેશ • મનપસંદ
સગાઈ-લગ્ન • સંતાનસુખ • વિઝાપ્રાપ્તિ
ઘરમાં બીમારી જતી નથી
Regd. No.: Guj/ams/36608-2004
જન્માક્ષર, ચહેરો, હસ્તરેખા જોઈને સચોટ માર્ગદર્શન
ફી રૂા.૫૦૦/- | નિરાશ થયેલા ખાસ મળો.
૩, સત્યદીપ એપાર્ટમેન્ટ, યુ.એસ.પીજાની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
98259 21916
santoshikrupajyotish.in

ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

મિથુન (ક.છ.ઘ.)



પારિવારીક દ્રષ્ટિએ વર્ષ જેમ જેમ પસાર થતું જાય તેમ-તેમ આપને કોઈ ને કોઈ ચિંતા રહ્યા કરે. કૌટુંબિક પ્રશ્નોમાં અટવાયા કરો...

વિક્રમ સંવત ૨૦૮૩નું આ વર્ષ આપના માટે મધ્યમ રહેશે. વર્ષ દરમ્યાન ગુરૂ ગ્રહનું પરિભ્રમણ આપના માટે સારું રહેશે. પરંતુ કારતક વદ બારસ તા. ૫ ડીસેમ્બરથી રાહુનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ થઈ રહ્યું છે તેમજ તા. ૨ જૂનથી શનીનું પરિભ્રમણ પણ આપના માટે પ્રતિકૂળ થશે. આપને પનોતી નથી પરંતુ શનીની ચાલ આપના માટે યોગ્ય નથી તેથી આ વર્ષે સારા-ખરાબ અનુભવોનો સરવાળો બની રહેશે. ક્યારેક એકદમ સરળતા રહે તો ક્યારેક સમય બહુ જ કઠીન રહે. ક્યારે આ ખરાબ સમયમાંથી બહાર આવી જઈએ તેવું વિચાર્યા કરો.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે નબળું રહેશે. નવા વર્ષના પ્રારંભમાં કારતક વદ બારસ તા. ૫ ડીસે.થી રાહુનું અષ્ટમ સ્થાનમાં પરિભ્રમણ શરૂ થતાં ધીરે ધીરે આપને સ્વાસ્થ્ય સંબંધી તકલીફો શરૂ થાય. આઠમાં સ્થાનમાંથી પસાર થઈ રહેલો રાહુ આપને બંધનયુક્ત પરિસ્થિતિમાં મૂકી દે.

જૂની બીમારી ફરી ઉથલો મારતાં નવી વારસાગત બીમારી લાગું પડતાં આપની મુશ્કેલીમાં વધારો થતો જાય. આપની આરોગ્ય વિષયક તકલીફો વધતી જાય. મૃત્યુ ન થાય પરંતુ મૃત્યુજનક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો તેવું લાગ્યા કરે. આપે આરોગ્યની બાબતમાં ખૂબ જ સાવધાની રાખવી પડે.

વર્ષ દરમ્યાન પડવા-વાગવાથી, અકસ્માતથી આપે સંભાળવું પડે. આપની બેદરકારીના લીધે પથારીવશ થવાની પરિસ્થિતિ ના ઊભી થાય તેની આપે કાળજી રાખવી પડે. વજન ઉતરતું જાય.

તા. ૪ જૂનથી તા. ૨૪ ઓગસ્ટ દરમ્યાન સીઝનલ-વાયરલ બીમારીમાં સપડાઈ જાવ. રક્તચાપની બીમારી હોય તેમણે આ સમય દરમ્યાન સાવધાની રાખવી તે સિવાય મો, દાંત-જડબાની, ગળા-ગરદન - ખભાની તકલીફ આપને રહે.

તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર દરમ્યાન પણ ઉપરની તકલીફો ફરી જણાય. તે સિવાય છાતીમાં દર્દ-પીડાનો અનુભવ થાય. વર્ષ દરમ્યાન આપે આંખોની કાળજી રાખવી પડે. ઉંમરલાયકને મોતિયો આવે કે મોતિયો પાકી જતાં ઓપરેશન કરાવવું પડે.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહેશે. વર્ષ દરમ્યાન આવક જણાય. આવકમાં વધારો પણ થાય પરંતુ રાહુનું પ્રતિકૂળ પરિભ્રમણ આપને કોઈ ને કોઈ આકસ્મિક ખર્ચાઓ અપાવ્યા કરે. જેના લીધે આપનું નાણાંકીય આયોજન ખોરવાઈ જાય. આપ ધાર્યા પ્રમાણે બચત કરી શકો નહીં.

ભાઈભાંડુ વર્ગ - સગા-સંબંધી વર્ગ - મિત્રવર્ગની સાથે નાણાંકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી પડે. નાણાંકીય બાબતોમાં જામીનદાર તરીકે કોઈ જગ્યાએ સહી કરવી નહીં. આર્થિક નુકસાનીની સાથે કાયદાકીય પ્રક્રિયામાં ફસાઈ જાવ તેવું બને. આપના સંબંધો બગડે નહીં તેની તકેદારી રાખવી પડે.

વર્ષ દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ આપના માટે એકંદરે સારું રહેતા નાણાંકીય લાભ કરાવડાવે. જૂની ઉઘરાણીના નાણાં કે ફસાઈ ગયેલા નાણાં છુટા થવાથી રાહત જણાય. પરંતુ નાણાનું વ્યવસ્થિત આયોજન - સમજી-વિચારીને રોકાણ આપે કરી રાખવું પડે.

રાહુનુ પ્રતિકૂળ પરિભ્રમણ આપને કૌટુંબિક-પારિવારીક પ્રશ્ને ખર્ચ રખાવે. ચિંતા રખાવડાવે. તે સિવાય આપના આરોગ્યની બાબતમાં પણ આપને વારંવાર કોઈ ને કોઈ ખર્ચ આવ્યા કરે. વર્ષની મધ્યથી શનિનું પ્રતિકૂળ પરિભ્રમણ સંતાન બાબતે આપને ખર્ચ રખાવે.

વર્ષ દરમ્યાન નવા નાણાંકીય રોકાણ કરવામાં ખૂબ જ ધ્યાન રાખવું પડે. સાઈબર ઠગીના ભોગ ના બનો તેની આપે તકેદારી રાખવી પડે.

પત્ની-સંતાન-પરિવાર

પારિવારીક દ્રષ્ટિએ વર્ષ જેમ જેમ પસાર થતું જાય તેમ-તેમ આપને કોઈ ને કોઈ ચિંતા રહ્યા કરે. વર્ષ દરમ્યાન પારિવારીક - કૌટુંબિક પ્રશ્નોમાં અટવાયા કરો. આપની ચિંતા-દોડધામ-ખર્ચમાં વધારો જણાય. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમ્યાન આપે સંયુક્ત માલ-મિલ્કત-ધંધાના પ્રશ્ને ધ્યાન રાખવું પડે. પત્નીના લીધે સંયુક્ત કુટુંબમાં તકલીફ ઉભી ના થાય તેની તકેદારી આપે રાખવી પડે.

તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ આપને પુત્ર-પૌત્રાદિકના પ્રશ્ને ચિંતા રખાવડાવે. સંતાનના અભ્યાસ-આરોગ્યની ચિંતા આપને રહે. સંતાન સાથે વિચારોના મતભેદ ઉભા થાય. વાદ-વિવાદ-ગેરસમજ ઉભી થઈ જાય. ટૂંકમાં પારિવારીક દ્રષ્ટિએ વર્ષ ઠીક રહે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

નોકરીમાં સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે મધ્યમ રહેશે. ગુરૂની સાનુકૂળતા વર્ષ દરમ્યાન કામમાં સરળતા રખાવડાવે તો રાહુનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળતા ઉભી કરે.

વર્ષારંભે કૌટુંબિક-પારિવારીક પ્રશ્નોના લીધે નોકરીમાં વારંવાર રજાઓ લેવી પડે જેની અસર આપના કામ પર આપની પ્રતિષ્ઠા પર પડે. તેમ છતાં આપના કામ નીકળી જતાં આપને રાહત જણાય.

વર્ષારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષાન્ત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે વધુ સારું રહેશે. આ સમય દરમ્યાન આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવા કામ થવાથી આપને આનંદ રહે. આપના કામમાં ઉપરીવર્ગ - સહકાર્યકર વર્ગ - નોકર-ચાકર વર્ગનો સાથ સહકાર મળી રહે.

ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન સાનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પસાર થવાનું બને. જોકે એકંદરે આપના માટે વર્ષ સારું પસાર થાય...

ભાઈભાંડુ - સગા-સંબંધીવર્ગને ત્યાં નોકરી કરતાં હોવ તો આપને થોડો લાભ-ફાયદો જણાય. નોકરીના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. કંપની તરફથી પરદેશગમન માટે આપને પસંદ કરવામાં આવતા આનંદ રહે.

પરંતુ રાહુનું પરિભ્રમણ વર્ષ દરમ્યાન આપના માટે થોડી અડચણો ઉભી કર્યા કરે. આપના જે કામ સરળતાથી પતે તેવા હોય તેમાં આપે ધક્કા ખાવા પડે. આપના પરિશ્રમ - દોડધામમાં વધારો કરાવડાવે. કૌટુંબિક-પારિવારીક કામમાં હોવ તો આપે ધ્યાન રાખવું પડે. તે સિવાય નાણાંકીય જવાબદારીવાળું કામ કે તેને લગતું કોઈ કામ આપ સંભાળતા હોવ તો આપે તકેદારી રાખવી પડે. કોઈના ભરોસે નાણાં મૂકીને જવું નહીં તે સિવાય આરોગ્યલક્ષી તકલીફના લીધે કામકાજમાં વિલંબ-રૂકાવટ અનુભવાય.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન સાનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પસાર થવાનું બને. જોકે એકંદરે આપના માટે વર્ષ સારું પસાર થાય.

વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે સારું રહે છે. આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કાર્ય થઈ શકે. અન્ય લોકો દ્વારા આપના કામની કદર-પ્રશંસા થાય. ધંધામાં નવી કોઈ વાતચીત આવે કે નવો કોઈ ઓર્ડર મળી રહે. ધંધાકીય નવું કોઈ આયોજન વિચારતાં હોવ, નવો ધંધો કરવાનું વિચારતાં હોવ તો તેમાં પ્રગતિ જણાય. આપના સ્થાપિત ધંધાની નવી કોઈ શાખા કે દુકાન ખોલવાનું વિચારતાં હોવ તો તેમાં આપને સાનુકૂળતા મળી રહે.

પરંતુ વર્ષના પ્રારંભમાં કારતક વદ બારસ તા. ૫ ડીસેમ્બરથી રાહુ આપના માટે પ્રતિકૂળ થઈ રહ્યો છે તેથી તે આપને કામમાં રૂકાવટ રખાવે. સમયસર કામ ઓર્ડર પૂરું કરવામાં અડચણ રખાવે. ઉઘરાણીના નાણાં અટકી જવાને લીધે નવો માલ લેવામાં, નવા ધંધામાં, શાખા શરૂ કરવામાં આપને તકલીફ જણાય. કૌટુંબિક - પારિવારીક ધંધામાં, સંયુક્ત ધંધામાં વાદ-વિવાદ - ગેરસમજ - મનદુઃખથી આપે સંભાળવું પડે.તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ આપને આયાત-નિકાસના કામમાં તકલીફ રખાવડાવે. લોખંડ-કેમીકલ, કમ્પ્યુટર, હાર્ડવેર-સોફ્ટવેર - એસેસરીઝના ધંધામાં આપને અચાનક પ્રતિકૂળતા થતી જાય.આ સિવાય વર્ષ દરમ્યાન આરોગ્યની અસ્વસ્થતાની અસર આપના કામકાજ પર પડે. તેના લીધે કામમાં વિલંબ-રૂકાવટ રહ્યા કરે.

સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગ માટે સંવત ૨૦૮૩નું વર્ષ એકંદરે સારું રહે. અવિવાહીત વર્ગને વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થવાથી આનંદ રહે. ગુરૂના પરિભ્રમણના લીધે કામકાજમાં આપને સાનુકૂળતા રહે. નોકરી-વ્યવસાયમાં આપના કાર્યની કદર-પ્રશંસા થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. બઢતી-બદલીના યોગ ઉભા થાય. પરંતુ રાહુનું પરિભ્રમણ આપને કૌટુંબિક - પારિવારીક પ્રશ્ને ચિંતા રખાવે. તે સિવાય આપે આપના આરોગ્યનું ધ્યાન રાખીને કામકાજ કરવું. સ્વાસ્થ્યની બાબતમાં આપે બેદરકારી રાખવી નહીં. તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ આપને સંતાનની ચિંતા રખાવડાવે. ગર્ભાવસ્થા રહેવામાં મુશ્કેલી ઊભી થાય. જેમને ગર્ભાવસ્થા રહી છે. તેમણે કસુવાવડ ન થાય કે પ્રસૂતિ દરમ્યાન કોઈ અડચણો ઉભી ન થાય તેની તકેદારી રાખવી પડે.

ખેડૂતવર્ગ

ખેડૂતવર્ગ માટે સંવત ૨૦૮૩નું વર્ષ મધ્યમ રહે. ગુરૂની સાનુકૂળતા તેમજ રાહુ-શનિની પ્રતિકૂળતાની અસર વર્ષ દરમ્યાન રહ્યા કરે. ખેતરમાં કામ કરતાં પડવા-વાગવાથી, અકસ્માતથી સંભાળવું પડે. ઝેરી જીવજંતુ કરડી જતાં આપની તકલીફમાં વધારો થાય. ગરમીમાં કામ કરવાને લીધે આપની તબીયત બગડે. તા. ૪ જૂનથી તા. ૨૪ ઓગસ્ટ દરમ્યાન આગ, ઈલેક્ટ્રીક વીજળીથી દાઝવાથી કરંટ લાગવાથી આપે ધ્યાન રાખવું પડે. આમ છતાં વર્ષ દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ આપના માટે સારું રહેશે. તેના લીધે આપના કામ થાય. પાકમાં આપને રાહત જણાય. પાકની યોગ્ય કિંમત મળી રહેતાં આપને નાણાંકીય નુકસાની ના ભોગવવી પડે. નોકર-ચાકરવર્ગનો સાથ સહકાર મળી રહે. ભાઈભાંડુ આપને મદદરૂપ થવાના પ્રયાસ કરે. પરંતુ યાત્રા-પ્રવાસ દરમ્યાન નાણાંકીય રીતે સાચવવું પડે.

ઉપસંહાર

આમ વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે મધ્યમ રહે. ક્યારેક સમય સાનુકૂળ તો ક્યારેક પ્રતિકૂળ જણાય. આરોગ્યની બાબતમાં વર્ષ આપના માટે નબળું રહેશે. તેથી આપે બેદરકારી રાખવી નહીં. આપના કાર્યને વખાણવામાં આવે. આપના કાર્યની નોંધ લેવામાં આવે. પરંતુ નાણાંકીય આયોજનમાં આપે કોઈના દોરવાયા - દોરવાઈ જવું નહીં. નવા જમાના પ્રમાણેના નાણાંકીય ફેરફો આપે સંભાળવું પડશે. વર્ષની મધ્યથી આપે વાણીની સંયમતા રાખીને કામ કરવું પડે. મહત્ત્વના નિર્ણય લેવામાં આપે ઉતાવળ કરવી નહીં. તેમ છતાં કેટલાક અગત્યના કાર્યોનો ઉકેલ આવવાથી, આવક થવાથી આપને આનંદ અનુભવાય.

વિદ્યાર્થીવર્ગ

વિદ્યાર્થીવર્ગ માટે વર્ષ એકંદરે સારું પસાર થાય. ગુરૂની સાનુકૂળતા વર્ષ દરમ્યાન આપને અભ્યાસમાં મદદરૂપ થાય. ધાર્યા પ્રમાણે મહેનત કરી શકો. ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ જવાનું આયોજન કરતાં હોવ તો તેમાં પ્રગતિ જણાય. સાનુકૂળતા મળી રહે. પરંતુ આપે વર્ષારંભથી જ સ્વાસ્થ્યની બાબતમાં કાળજી રાખવી પડે, વધુ પડતાં તણાવ-ઉજાગરાની અસર આપના સ્વાસ્થ્ય પર પડે. પરીક્ષા સમયે બીમારી-અકસ્માતથી આપે સંભાળવું પડે. થોડાક ગુણ માટે આપે મનગમતી લાઈન છોડવી પડે તેવું બને. જૂન માસથી શનિની પ્રતિકૂળતા આપની અભ્યાસને લગતી મુશ્કેલીમાં વધારો કરશે. પરંતુ ગુરૂ સારો છે તેથી તેનો સહારો આપને મળી રહે.

ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

કર્ક (ડ.હ.)



વર્ષ આપના માટે સારું પસાર થાય. નોકરી-ધંધો, આરોગ્ય, કૌટુંબિક-પારિવારીક સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે સારું રહે...

વિક્રમ સંવત ૨૦૮૩નું આ વર્ષ જેમ જેમ પસાર થતું જાય તેમ તેમ આપને રાહત થતી જાય. ગુરૂનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ રહેશે. વર્ષારંભની લગભગ એક માસ સુધી રાહુનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ રહે પરંતુ ત્યાર બાદ તેની ચાલ આપને રાહત અપાવે. વર્ષ દરમિયાન શનિ બે રાશિમાંથી પસાર થઈ રહ્યો છે. આપને પનોતી નથી, શનિનું પરિભ્રમણ પણ આપના માટે સાનુકૂળ સાબીત થાય.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ એકંદરે સારું પસાર થાય. ગત વર્ષ દરમિયાન આપ જે શારીરિક-માનસિક તકલીફોમાંથી પસાર થતાં હોય તેમાંથી ધીરે-ધીરે મુક્ત થતાં જાવ. આપની તબીયતમાં સુધારો થતો જાય.

વર્ષારંભથી આપ અષ્ટમ રાહુના બંધનમાં છો તેથી સ્વાસ્થ્ય બાબતે આપને ચિંતા રખાવડાવે. પડવા-વાગવાથી, અકસ્માતથી કે બીમારીના લીધે પથારીવશ થઈ જાવ. પરંતુ તા. ૫ ડિસેમ્બરથી રાહુના બંધનમાંથી આપ મુક્ત થાવ અને આપને રાહતનો શ્વાસ લેવાય. આપના આરોગ્યમાં ધીરે ધીરે સુધારો જણાય. જૂની બીમારી, વારસાગત બીમારીમાં આપનો રોગ કાબુમાં રહેતાં તબીયત સારી થાય. વજનમાં વધારો જણાય.

તા. ૧૩ ફેબ્રુ.થી તા. ૧૫ માર્ચ દરમિયાન ચામડીના રોગોથી સંભાળવું પડે. આંખની તકલીફ જણાય. તે સિવાય તા. ૨૪ ઓગસ્ટથી તા. ૭ ઓક્ટોબર દરમિયાન કમરમાં-પીઠમાં દર્દ-પીડા જણાય. ચસક આવી જાય. બી.પી.ની તકલીફ હોય તેમણે આ સમય દરમિયાન દવા લેવામાં ધ્યાન રાખવું પડે. લોહીના બગાડથી થતાં રોગો કે કોલેસ્ટ્રોલની તકલીફ જેમને હોય તેમણે આ સમય દરમિયાન વિશેષ સાવધાની રાખવી.

આર્થિક સુખ સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ ગત વર્ષની સરખામણીએ આ વર્ષ સારું પસાર થાય. વર્ષારંભે કારતક વદ બારસ તા. ૫ ડિસેમ્બર સુધી રાહુ નબળો છે જે આપને દિવાળીના સમયમાં નાંણાકીય મુશ્કેલી રખાવે. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે, ખોટા ખર્ચાઓને લીધે આવક કરતાં જાવકનું પ્રમાણ વધી જાય. પરંતુ ત્યારબાદનો સમય આપના માટે સારો રહે.

વર્ષ દરમિયાન ગુરૂ-શનિ-રાહુનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ રહેતાં આપની નાંણાકીય મુશ્કેલીઓનો અંત આવતો જાય. આવક થતાં, વધતાં આપને રાહત જણાય. જૂની ઊઘરાણીના નાંણા છૂટા થવાથી આપના માનસિક પરિતાપ-વ્યગ્રતાનો અંત આવે. આકસ્મિક કોઈ ધન લાભ મળી શકે.

પરંતુ ૧૩ ફેબ્રુઆરીથી તા. ૧૫ માર્ચ દરમિયાન આપે નાંણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી પડે. તા. ૧૫ જૂનથી તા. ૧૬ જુલાઈ દરમિયાન આપને આકસ્મિક ખર્ચ જણાય. આ સમય દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિ પર ભરોસો મૂકી ક્યાંય રોકાણ કરવું નહીં. સાઈબર ઠગીના ભોગ ના બનો તેની આપે કાળજી રાખવી પડે. તા. ૨૪-૮થી તા. ૭-૧૦ દરમિયાન સંતાનના પ્રશ્ને આપને ચિંતા-ખર્ચ જણાય. ધંધામાં આવક ઓછી જણાય. ધીરજ રાખીને આ સમય પસાર કરી લેવો.

પત્ની-સંતાન-પરિવાર

સંવત ૨૦૮૩નું વર્ષ પત્ની-સંતાન-પરિવારની દ્રષ્ટિએ આપના માટે સારું રહેશે. વર્ષારંભે રાહુનું પરિભ્રમણ કૌટુંબિક-પારિવારિક પ્રશ્ને આપને ચિંતા-ઉચાટ-ખર્ચ રખાવે. પરંતુ જેમ વર્ષ પસાર થાય તેમ આપને રાહત થતી જાય. અવિવાહિત વર્ગને વર્ષ દરમિયાન વિવાહ-લગ્નની વાતચીત આવતા કે નક્કી થતાં આનંદ અનુભવાય. સંતાનના અભ્યાસ-આરોગ્યની ચિંતા આપને ઓછી થાય. ૨૪-૮ થી ૭-૧૦ દરમિયાન આપને સંતાનની ચિંતા રહે. તે સિવાય પુખ્ત ઉંમરના સંતાનના કારકિર્દી, નોકરી-ધંધાનો પ્રશ્ન ઉકેલાતાં રાહત રહે.

તા. ૫ ડીસેમ્બરથી રાહુ પત્નીસ્થાન-સાંસારિક જીવનના સ્થાનમાંથી પસાર થશે. તેથી સાંસારિક જીવનમાં નાની-નાની નોક-ઝોંક રહ્યા કરે. પરંતુ તેને અહમ્નો પ્રશ્ન બનાવીને મોટું સ્વરૂપ આપવું નહીં. જોકે વર્ષ દરમિયાન પત્નીનો સાથ-સહકાર રહે. તેના નસીબ-ભાગ્યથી આપને લાભ-ફાયદો જણાય. તા. ૨૪ ઓગસ્ટથી તા. ૭ ઓક્ટોબર દરમિયાન માતા-પિતાની ચિંતા જણાય.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય?

વિક્રમ સંવત ૨૦૮૩ના પ્રારંભે અષ્ટમ રાહુ આપને નોકરીમાં તકલીફ આપે. મહત્ત્વના પ્રોજેક્ટ આપના હાથમાંથી સરી જાય. પરંતુ તા. ૫ ડીસેમ્બર કારતક વદ બારસથી રાહુનું પરિભ્રમણ આપને રાહત આપશે. આપ અષ્ટમ રાહુના બંધનમાંથી મુક્ત થાવ. આપના રૂકાવટ-વિલંબમાં અટવાયેલા કામમાં પ્રગતિ જણાય.

વર્ષ દરમિયાન ગુરૂનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ રહે છે તેથી કામમાં સરળતા રહે. આપના અગત્યના કામનો ઉકેલ આવતો જાય. આપને નવી કોઈ તક પ્રાપ્ત થાય. આપે ક્યાંય ઈન્ટરવ્યૂ આપ્યો હોય તો તેમાં પ્રગતિ જણાય. કોઈ જગ્યાએથી આપને સામેથી સંપર્ક કરવામાં આવે તેવું બને. પરંતુ નવી જગ્યાએ જતાં પહેલાં બધા પાસા બરાબર જોઈ-તપાસી લેવા. વર્ષ દરમિયાન મહત્ત્વના નિર્ણય લેવામાં આપે ઉતાવળ કરવી નહીં. ચર્ચા-વિચારણા કરીને આગળ વધવું.

વર્ષ દરમિયાન ગુરૂ-શનિનું સાનુકૂળ પરિભ્રમણ આપને નવા પ્રોજેક્ટ અપાવે. ગત વર્ષ દરમિયાન આપની પાસેથી લઈ લેવામાં આવેલ કે છીનવી લેવામાં આવેલ કાર્ય-પ્રોજેક્ટ આપને પુનઃ આપવામાં આવે કે તેમાં આપને સહભાગી બનાવવામાં આવે.

૧૫ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન આપે નાંણાકીય જવાબદારીવાળા કામમાં સંભાળવું પડે. કાયદાકીય પ્રક્રિયામાં ફસાઈ ન જાવ તેની તકેદારી રાખવી પડે..

તા. ૧૫ જૂનથી તા. ૧૬ જુલાઈ દરમિયાન આપે નાંણાકીય જવાબદારીવાળા કામમાં સંભાળવું પડે. કાયદાકીય પ્રક્રિયામાં ફસાઈ ન જાવ તેની તકેદારી આપે રાખવી પડે. તે સિવાય તા. ૨૪ ઓગસ્ટથી તા. ૭ ઓક્ટોબર દરમિયાન આપને કામમાં પ્રતિકૂળતા રહે. ઘર-પરિવાર, સંતાનની ચિંતાના લીધે આપ કામ પર ધ્યાન આપી શકો નહીં. આપના સ્વાસ્થ્યના લીધે પણ કામમાં વિલંબ થાય. આ સમય દરમિયાન કામકાજને લગતા મહત્ત્વના નિર્ણયો લેવાના હોય તો શક્ય હોય ત્યાં સુધી મુલતવી રાખવા. ન છૂટકે લેવા પડે તો તેમાં તકેદારી રાખવી. આવેશ-ઉશ્કેરાટમાં નિર્ણય લેવા નહીં.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય?

વિક્રમ સંવત ૨૦૮૩ આપના માટે ગત વર્ષની સરખામણીએ સારું રહે. ગ્રહો જ સાનુકૂળ પરિભ્રમણ આપના કાર્યનો ઉકેલ અપાવે. વર્ષારંભથી કારતક વદ બારસ તા. ૫ ડીસેમ્બર સુધી અષ્ટમ રાહુ આપને મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કરે. આપ બંધનયુક્ત પરિસ્થિતિમાં છો તેવું લાગ્યા કરે. પરંતુ ત્યાર બાદ રાહુનું રાશિ પરિવર્તન થતાં આપ આઠમા રાહુના બંધનમાંથી મુક્ત થાવ. ધીરે ધીરે આપને રાહત થતી જાય.

વર્ષ દરમિયાન ગુરૂ-શનિ તેમજ રાહુનું પરિભ્રમણ સાનુકૂળ રહેતાં આપના વિલંબમાં અટકી પડેલા કામનો ઉકેલ આવે. આપની પાસેથી જતાં રહેલાં જૂના ગ્રાહકો આપની પાસે પુનઃ પરત ફરે. નવા ગ્રાહકો બંધાતા આવકમાં વધારો જણાય. ધંધાકીય રીતે નવી કોઈ વાતચીત આવે કે નવો ઓર્ડર મળી રહે. સરકારી કામમાં સરળતા થતી જાય.

તે સિવાય ધંધો વધારવાનું વિચારતાં હોવ, નવી દુકાન ખોલવાનું, શાખા ખોલવાનું કે ફ્રેન્ચાઈઝી મોડલ ઉભું કરી નવી ફ્રેન્ચાઈઝી આપવાનું વિચારતાં હોવ તો તેમાં પ્રગતિ જણાય. આપને કામમાં સરળતા રહે. સ્થાપિત ધંધાની સાથે બીજો નવો કોઈ ધંધો શરૂ કરવાનું આયોજન કરતાં હોવ તો તેમાં સાનુકૂળતા મળી રહે. દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં સરળતા થતી જાય. આપના કામ ઉકેલાતાં આવક થતી જાય.

પરંતુ ૨૪-૮થી તા. ૭-૧૦ દરમિયાન આપને ધંધામાં મુશ્કેલી જણાય. કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલીના લીધે કામમાં વિલંબ થાય, સમયસર કામ થઈ શકે નહીં. ઓર્ડર સમયસર પૂરા કરી શકો નહીં. મશીનરીની તકલીફના લીધે આપનું કામ અટકી પડે. નિર્ણયો લેવામાં સાવધાની રાખવી પડે. તા. ૧૫-૬થી તા. ૧૬-૭ દરમિયાન નાંણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી પડે. કાયકાદીય, સરકારી પ્રક્રિયામાં આપને અડચણ રહ્યા કરે.

સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગે વર્ષારંભે પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખવી પડે. જોકે વર્ષ જેમ જેમ પસાર થતું જાય તેમાં સુધારો થતો જાય. વર્ષ દરમિયાન પતિ-સંતાન-કુટુંબ-પરિવારનો સહયોગ મળી રહેતાં આપને આનંદ રહે. નોકરીયાત-વ્યવસાયી મહિલાઓ માટે આ વર્ષ મહત્ત્વનું બની રહેશે. આપના કાર્યની કદર-પ્રશંસા થાય. આપના માટે નવી તકો ઊઘડે. કંપનીમાંથી પરદેશ જવા માટે આપના નામની પસંદગી કરવામાં આવે.

વિદ્યાર્થીવર્ગ

વિદ્યાર્થીવર્ગ માટે આ વર્ષ મહત્ત્વનું સાબીત થાય. અભ્યાસમાં આપને સાનુકૂળતા-સફળતા મળી રહે. આપની મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત થતાં આનંદ રહે. કારકિર્દીનું વર્ષ હોય તેમણે થોડી ગંભીરતા રાખી જો વર્ષારંભથી જ અભ્યાસની તૈયારી શરૂ કરી દીધી હોય તો તેમને સફળતા મળી રહે. ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ જવાનું વિચારતાં હોવ, આયોજન કરતાં હોવ તો તેમાં પ્રગતિ જણાય. ઉચ્ચ અભ્યાસના અંતે કેમ્પસ ઈન્ટરવ્યૂમાંથી જ સારી કંપનીમાં પસંદગીના યોગ ઉભા થાય.

પરંતુ તા. ૨૪ ઓગસ્ટથી તા. ૭ ઓક્ટોબર દરમિયાન આપે અભ્યાસમાં વિશેષ કાળજી રાખવી પડે. પરીક્ષા આવતી હોય તો બીમારી-અકસ્માતથી સંભાળવું પડે. મિત્રવર્ગના લીધે અભ્યાસ બગડે નહીં તેની તકેદારી રાખવી. આ સમય દરમિયાન પરદેશની કાર્યવાહીમાં સંભાળવું પડે.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે સારું પસાર થાય. નોકરી-ધંધો, આરોગ્ય, નાંણાકીય સુખાકારી, કૌટુંબિક-પારિવારીક સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે સારું રહે. દરેક ક્ષેત્રમાં ગત વર્ષ કરતાં આપને આ વર્ષ દરમિયાન વધુ સાનુકૂળતા મળી રહેતાં કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. આપનો કામ કરવાનો ઉત્સાહ જળવાઈ રહે. આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામ થઈ શકે. સંતાનના પ્રશ્ને આપની ચિંતા-પરેશાની ઓછી થતી જાય. જમીન-મકાન-વાહન લેવાના યોગ સર્જાય. નવદંપતીને, સંતાન ન હોય તેમને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થવાથી આનંદ રહે.

ખેડૂતવર્ગ

ખેડૂતવર્ગ માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ગત વર્ષ કરતાં સારું રહે. ખેતીમાં આપને રાહત રહે. મહેનત કરો તેના પ્રમાણમાં પાક ઉતરતાં, સારો પાક ઉતરતાં આપને આનંદ રહે. આપના પાકની સારી-ઉંચી કિંમત પ્રાપ્ત કરી શકો. નવી જમીન લેવાના યોગ ઉભા થાય. ભાગમાં ખેતી કરનારાને સરળતા રહે. કામની કદર થતાં કામ કરવાનો ઉત્સાહ રહે. સરકારી યોજનાઓનો આપને સમયસર લાભ મળી રહે. સમયસર વરસાદ થતાં કે પાણીની વ્યવસ્થા થતાં પાકને નુકસાન ના થાય. પરંતુ તા. ૨૪ ઓગસ્ટથી તા. ૭ ઓક્ટોબર દરમિયાન પાકમાં જીવાત પડવાથી નુકસાનીથી સંભાળવું પડે. યુરીયાયુક્ત ખાતર કે કેમીકલના છંટકાવથી પાક બળી જાય. આ સમય દરમિયાન વરસાદની ખેંચ સર્જાતા આપને પાણીનો પ્રશ્ન રહે. સમયસરનું આયોજન આપને નુકસાનીથી બચાવશે.



રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

સિંહ (મ.ટ.)



વર્ષની મધ્ય સુધી શનિની નાની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે પસાર થઈ રહી છે અને રાહુનું પરિભ્રમણ પણ મધ્યમ ચાલી રહ્યું છે...

વિક્રમ સંવત ૨૦૮૩નું આ વર્ષ આપના માટે મધ્યમ રહેવાનું વર્ષ દરમ્યાન ગુરૂની સાનુકૂળતા પ્રતિકૂળતા તેમજ વર્ષની મધ્ય સુધી શનિની નાની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે પસાર થઈ રહી છે અને રાહુનું પરિભ્રમણ પણ મધ્યમ ચાલી રહ્યું છે. આમ, વર્ષ દરમ્યાન આપ સારી નરસી ઘટનાઓમાંથી પસાર થાવ. નવા વર્ષનો પ્રારંભ જ ચિંતા-ખર્ચથી થાય.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે નબળું રહેવાનું. વૈશાખ વદ બારસ તા. ૨ જૂન સુધી શનિની નાની અઢી વર્ષની પનોતી અષ્ટમ મૃત્યુ સ્થાનમાંથી લોખંડના પાયે પસાર થઈ રહી છે. જે આપની સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓમાં વધારો કરે. આપની બેદરકારી આપના માટે હાનિકારક સાબીત થાય.

તે સિવાય તા. ૨૪ જાન્યુઆરી પોષ વદ બીજથી ગુરૂ વક્ર ગતિથી કર્ક રાશિમાં પ્રવેશ કરશે જે જેઠ વદ છઠ તા. ૨૫ જૂન સુધી રહેશે. તે દરમ્યાન આપે સીઝનલ વાયરલ બીમારીથી સંભાળવું પડે. આંખોની, મસ્તકની તકલીફ જણાય. પગની તકલીફમાં સાવધાની રાખવી પડે. તે સિવાય કારતક વદ બારસ તા. ૨ ડીસે.થી રાહુ બીમારી સ્થાનમાંથી પસાર થઈ રહ્યો છે. જે વર્ષ દરમ્યાન રહેશે તેથી આપે જૂની બીમારીમાં, વારસાગત બીમારીમાં ધ્યાન રાખવું પડે.

તા. ૯-૩ થી તા. ૨૬-૪ દરમ્યાન માનસિક પરિતાપ વ્યગ્રતા રહ્યા કરે. છાતીમાં દુઃખાવો, દર્દ-પીડા જણાય, ગભરામણ થાય, શ્વાસ લેવામાં તકલીફ જણાય તો દાક્તરી સલાહ લઈ લેવી. કમરમાં પીડા રહે. વજન ઉંચકવામાં કમરમાં ચસક ન આવી જાય કે બીજી કોઈ ઈજા ન થાય તેની તકેદારી આપે રાખવી પડે. વર્ષાન્તે પણ આપે આરોગ્યની સંભાળ રાખવી પડે. રક્તચાપની તકલીફ વધી જાય.

આર્થિક સુખસંપત્તિ

આર્થિક સુખ સંપત્તિની દ્રષ્ટિએ આ વર્ષ મધ્યમ રહેવાનું. વર્ષ દરમ્યાન આપે નાણાંકીય આયોજન ખૂબ જ સાચવીને, સંભાળીને કરવું પડે.વર્ષની મધ્ય સુધી લોખંડના પાયે ચાલી રહેલી શનિની નાની પનોતી, વર્ષ દરમ્યાન રાહુનું પરિભ્રમણ આપને કોઈને કોઈ આકસ્મિક ખર્ચાઓ આપ્યા કરે. તેમાં પણ તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂનું વક્રી પરિભ્રમણ આપની મુશ્કેલીમાં વધારો કરે. વક્રી ગુરૂ બારમા સ્થાનમાંથી પસાર થઈ રહ્યો છે જે આપને કોઈ ને કોઈ ખર્ચ રખાવડાવે. આ સમય દરમ્યાન ખોટા ખર્ચાઓ પણ થયા કરે. જેના લીધે નાણાંભીડનો અનુભવ થાય. આપનાવ્યવહારો ચલાવવા મુશ્કેલ થઈ જાય. ભાઈભાંડુ સગાવહાલા પાસેથી ઉછીના ઉધાર લેવા પડે.આ સમય દરમ્યાન આપે નવું કોઈ નાણાંકીય રોકાણ કરવામાં પણ સાવધાની રાખવી પડે. કોઈના દોરવાયા દોરવાઈ જવું નહીં. જમીન મકાન વાહનની ખરીદીના યોગ ઉભા થાય પરંતુ સાવધાનીથી આગળ વધવું. સાસરીપક્ષે મોસાળપક્ષે ખર્ચ જણાય.

જો કે વર્ષના પ્રારંભથી તા. ૨૪-૧ સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષાન્ત સુધી ગુરૂનું પરિભ્રમણ આપની રાશિમાંથી થઈ રહ્યું છે જે આપના માટે રાહત અપાવનારું બની રહેશે. આ સમય દરમ્યાન આપની નાણાંકીય ચિંતા પરેશાની ઓછી થાય. આવકનો સ્ત્રોત જળવાઈ રહેતાં આપના ખર્ચા નીકળી જાય. આપના વ્યવહારો સચવાઈ જાય. તેમાં પણ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધીનો સમય આપના માટે વધુ સારો રહે. ખર્ચાઓ ઘટતાં આપને રાહત થતી જાય. બચત કરવાનું વિચારતાં હોવ તો થઈ શકે. આકસ્મિક કોઈ લાભ-ફાયદો મળી રહે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

સંવત ૨૦૮૩નો પ્રારંભ નોકરીમાં આપના માટે થોડો સારો રહે. વર્ષારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી ગુરૂનું આપની રાશિમાં પરિભ્રમણ આપને મદદરૂપ થતું જાય. કામમાં થોડી સરળતા જણાય. જો કે શનિની નાની પનોતી તા. ૨ જૂન સુધી લોખંડના પાયે છે તે આપની મુશ્કેલી રખાવે. કૌટુંબિક પારિવારીક કે સ્વાસ્થ્ય સંબંધી તકલીફના લીધે કામમાં વિલંબ જણાય.

તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન સુધી ગુરૂ વક્રી થઈને કર્ક રાશિમાંથી પસાર થઈ રહ્યો છે તે આપના માટે મુશ્કેલી ઉભી કરે. આપના ધાર્યા પ્રમાણે કામકાજ થઈ શકે નહીં. આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ આવ્યા કરે. આપના દોડધામ શ્રમમાં વધારો થતો જાય. નાણાંકીય જવાબદારીનું કામકાજ કે તે અંગેનું કોઈ કાર્ય સંભાળનારે આ સમય દરમ્યાન વિશેષ સાવધાની રાખવી પડે.

રાજકીય, સરકારી, ખાતાકીય કીન્નાખોરીના ભોગ ના બનો, તેની પ્રક્રિયામાં અટવાઈ ના જાવ તેની તકેદારી આપે રાખવી પડે. નોકરી બાબતે કોર્ટ કેસ ચાલતો હોય તો આ સમયગાળા દરમ્યાન આપને પ્રતિકૂળતા રહે. અન્ય કોઈની ભૂલના ભોગ આપે બનવું પડે. તા. ૯ માર્ચથી ૨૬ એપ્રીલ દરમ્યાન દેશ પરદેશના કામમાં આયાત નિકાસના કામમાં, જમીન મકાન વાહન, ઈલેક્ટ્રીકના કામમાં આપને વિલંબ રહે.

પરંતુ તા. ૨૫ જૂનથી ગુરૂ પુનઃ આપની રાશિમાં પરિભ્રમણની શરૂઆત કરતાં વર્ષાન્તે આપને રાહત થતી જાય. આપના અટકી પડેલા કામ એક પછી એક ઉકેલાતાં જાય. સહકાર્યકર વર્ગ નોકર ચાકર વર્ગનો સાથ સહકાર મળી રહે. નોકરીમાં નવી તક પ્રાપ્ત થાય. બઢતી બદલીના કાર્યમાં પ્રગતિ જણાય. પદોન્નતીના યોગ ઉભા થાય. સ્થળ-સ્થાનની ફેરફારી થાય. નોકરીમાંથી પરદેશ જવાનું આયોજન થાય. કોર્ટ કેસમાં આપને રાહત થતી જાય. આપના પક્ષે નિર્ણય આવે કે સમાધાનના યોગ ઉભા થાય.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩ના આ વર્ષમાં મધ્ય સુધીનો સમય આપના માટે પ્રતિકૂળતાવાળો રહેશે. જો કે વર્ષારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી ગુરૂનું પરિભ્રમણ આપને થોડી રાહત રખાવશે. પરંતુ વૈશાખ વદ બારસ તા. ૨ જૂન સુધી શનિની નાની પનોતી લોખંડના પાયેથી અષ્ટમ મૃત્યુ સ્થાનમાંથી પસાર થઈ રહી છે. તેમજ તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન સુધી ગુરૂમહારાજ વક્રી થઈને કર્ક રાશિમાંથી બારમા વ્યય સ્થાનમાંથી પસાર થઈ રહ્યા છે જે આપને કામકાજમાં રૂકાવટ મુશ્કેલી રખાવડાવશે. શનિ-ગુરૂની પ્રતિકૂળતા દરમ્યાન આપે ધીરજ અને શાંતિ રાખીને સમય પસાર કરી લેવો. ધંધામાં આવક જણાય નહીં. ધંધો અટકી પડ્યો છે તેવું લાગ્યા કરે. જાવક ચાલુ રહેતાં નાણાંકીય મુશ્કેલીનો આપે સામનો કરવો પડે. આવેલા ગ્રાહક પાછા જતાં રહે, મળેલા ઓર્ડર, રદ થતાં આપની મુશ્કેલીમાં વધારો થાય. વ્યવહારો કેમ ચલાવવા તેનો પ્રશ્ન આપને મૂંઝવ્યા કરે.તે સિવાય ઈન્કમટેક્ષ, જીએસટીના ચક્કરમાં ફસાઈ ન જાવ તેની તકેદારી આપે રાખવી પડે.

ગુરૂનું આપની રાશિમાંથી પરિભ્રમણ આપને લાભ ફાયદો અપાવશે. વિદ્યાર્થીવર્ગ માટે વર્ષનો ઉત્તરાર્ધ વધુ સારો રહે...

સરકારી ખાતાકીય મુશ્કેલીનો સામનો કરવો પડે. તા. ૯ માર્ચથી ૨૬ એપ્રીલ દમ્યાન કોર્ટ કચેરીના ચક્કરમાં, કાયદાકીય મુશ્કેલીમાં વધારો થાય. ઈલેક્ટ્રીકના ધંધામાં, જમીન મકાન વાહનના કામમાં, ખેતીના કાર્યમાં ખનીજ સંપત્તિના કાર્યમાં આપે સંભાળવું પડે.જો કે તા. ૨૫ જૂનથી ગુરૂનું પુનઃ આપની રાશિમાં પરિભ્રમણ આપના માટે રાહત અપાવનારું બની રહેશે. શનિની પનોતી પૂરી થઈ ગઈ હશે અને તેનું પરિભ્રમણ પણ આપના માટે લાભદાયી થાય. ધંધો ધીમે ધીમે ફરીથી બેઠો થતો જાય. જૂના ગ્રાહકો પાછાં આવતાં જાય. આપની આટલા વર્ષોની શાખના આધારે નવા ગ્રાહકો બંધાય. ધંધાકીય નવી કોઈ વાતચીત આવે કે ઓર્ડર મળી રહે. આપની મુશ્કેલીઓનો ધીરે ધીરે અંત આવતો જાય. હરિફવર્ગ ઈર્ષ્યા કરનારવર્ગ આપને હાનિ પહોંચાડવાના પ્રયાસ કરે. પરંતુ ફાવી શકે નહીં. કામ ઉકેલાતાં આપનામાં નવો જોમ ઉત્સાહ આવે. આયાત-નિકાસના કામમાં સાનુકુળતા થતી જાય.

સ્ત્રીવર્ગ

આપનું આ વર્ષ મધ્યમ પસાર થાય. શનિની પનોતી લોખંડના પાયે આયુષ્ય સ્થાનમાંથી પસાર થઈ રહી છે જે આપને સ્વાસ્થ્ય સંબંધિ ચિંતા રખાવે. પતિની ચિંતા રખાવડાવે. તેમાં પણ ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન સુધી ગુરૂ પણ આપના માટે પ્રતિકૂળ રહે છે જે આપને સંતાનના પ્રશ્ને ચિંતા-ઉચાટ ખર્ચ રખાવે. નોકરી વ્યવસાયમાં આપના ધાર્યા મુજબ કામ ન થવાથી ઉચાટ ઉદ્વેગ રહે. સાસરીપક્ષે મોસાળપક્ષે વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખથી સંભાળવું પડે. બીમારી ચિંતા-ખર્ચનું આવરણ આવી જાય.

પરંતુ વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. સુધી અને તા. ૨૫ જૂનથી ગુરૂ આપની રાશિમાંથી પસાર થતાં આપને સાનુકુળતા રહે. પતિ-સંતાનની ચિંતા ઓછી થાય. તેમનો સહકાર મળી રહે. અવિવાહીતને વિવાહ લગ્નની વાતચીત આવે કે નક્કી થતાં આનંદ રહે. નોકરી વ્યવસાયમાં આપના કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. આપના કાર્યની કદર પ્રશંસા થાય. ભાગ્યોદય થાય.

ખેડૂતવર્ગ

વિક્રમ સંવત ૨૦૮૩ દરમ્યાન ખેડૂતવર્ગે વધુ પડતાં જોખમો લેવા નહીં. નવા પાક કે પાક ઉગાડવાની નવી પધ્ધતિઓ અપનાવવામાં આપને તકલીફ પડે. તા. ૨ જૂન સુધી ખેતરમાં કામ કરતા ઓજાર વાગી જાય કે ઝેરી જીવજંતુ કરડી ન જાય તેની તકેદારી રાખવી પડે. તા. ૨૪-૧ થી તા. ૨૫-૬ સુધી ગુરૂનું પરિભ્રમણ આપની તકલીફમાં ખર્ચમાં વધારો કરે. તેમાં પણ તા. ૯ માર્ચથી તા. ૨૬ એપ્રીલ સુધીનો સમય વધુ નબળો રહે. ખેતીકામમાં કોઈને કોઈ મુશ્કેલી આવ્યા કરે.

વિદ્યાર્થી વર્ગ

વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરનો સમય મધ્યમ રહે. શારીરિક માનસિક તકલીફના લીધે કે કૌટુંબિક પારિવારીક ચિંતાના લીધે અભ્યાસમાં અડચણ આવ્યા કરે. શનિની નાની પનોતી તા. ૨ જૂન સુધી લોખંડના પાયે રહે છે તેમજ તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન સુધી ગુરૂ વક્રી થઈને નબળો થાય છે તેથી અભ્યાસમાં આપને કોઈને કોઈ મુશ્કેલી આવ્યા કરે. વાંચવામાં મન લાગે નહીં કે વાંચો પરંતુ યાદ રહે નહીં. મહેનતના પ્રમાણમાં સફળતા પરિણામ ન મળતાં નાસીપાસ થઈ જાવ. પરીક્ષા સમેય બીમારી અકસ્માતથી સંભાળવું પડે. પરંતુ તા. ૨૫ જૂનથી ગુરૂ આપની રાશિમાં પુનઃ આવતાં આપને રાહત થતી જાય. પનોતી પણ પૂરી થઈ ગઈ હશે તેથી અભ્યાસમાં સાનુકુળતા રહે. આપના મહેનતનું પરિણામ પ્રાપ્ત કરી શકો. ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ જવાનું આયોજન કરતાં હોવ તો તેમાં આપને સાનુકુળતા સફળતા મળી રહે. અભ્યાસ પૂર્ણ કરી કારકિર્દીની શરૂઆત કરી શકો.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે મધ્યમ રહે. ગુરૂ શનિનું પ્રતિકૂળ સાનુકુળ પરિભ્રમણ તેમજ રાહુનું પરિભ્રમણ આપને મધ્યમફળ આપે. વિશેષતઃ વર્ષની મધ્ય સુધીનો સમય આપના માટે વધુ વિષમ રહે. ખાસ કરીને આપે આરોગ્ય સંબંધી તેમજ નાણાંકીય બાબતોમાં આપે સંભાળવું પડે. વર્ષ દરમ્યાન નાણાંકીય આયોજન સમજી વિચારીને કરવું જો કે ગુરૂનું આપની રાશિમાંથી પરિભ્રમણ આપને લાભ ફાયદો અપાવશે. વિદ્યાર્થીવર્ગ માટે વર્ષનો ઉત્તરાર્ધ વધુ સારો રહે. અવિવાહીતવર્ગને વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. નવદંપતીને સંતાન ન હોય તેમને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થાય. સ્ત્રીવર્ગે પતિ સાથે સાસરીમાં વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખથી સંભાળવું પડે.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક પારિવારીક દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. શનિની પનોતી આપને કૌટુંબિક પારિવારીક ચિંતા રખાવડાવે. પત્નીના આરોગ્ય આયુષ્યની ચિંતા આપને રહ્યા કરે. તે ઉપરાંત પોષ વદ બીજથી જેઠ વદ છઠ સુધી ગુરૂનું વક્રી પરિભ્રમણ આપને સંતાનના પ્રશ્ને ચિંતા ઉચાટ ખર્ચ અપાવે તેના અભ્યાસ આરોગ્ય કારકીર્દીની ચિંતા આપને રહ્યા કરે. વર્ષ દરમ્યાન રાહુનું પરિભ્રમણ મોસાળપક્ષે સાસરીપક્ષની ચિંતા આપે. જો કે વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. સુધી ગુરૂનું પરિભ્રમણ આપને રાહત આપે. જો કે વર્ષાન્તે તા. ૨ જૂનથી પૂરી થતી શનિની પનોતી તેમજ ૨૫ જૂનથી ગુરૂનું સાનુકુળ પરિભ્રમણ આપને રાહત આપતું જાય. અવિવાહીત સંતાનોના વિવાહ-લગ્નની વાત આવે કે નક્કી થાય. પત્નીની ચિંતા ઓછી થાય. પત્ની સાથે વાદ વિવાદ ગેરસમજ મનદુઃખ થયું હોય તે તે દૂર થાય. કોર્ટ કેસ ચાલતો હોય તો તેમાં રાહત થાય કે સમાધાનનો માર્ગ ઉભો થાય.

ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

કન્યા (પ.ઠ.ણ.)



૨ જૂનથી આપને શનિની નાની અઢી વર્ષની પનોતી શરૂ થાય છે. જે લોખંડના પાયે રહેશે, જે કઠિન બની રહે...

વિક્રમ સંવત ૨૦૮૩નું આ વર્ષ આપના માટે નબળું રહેશે. વર્ષ દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ પ્રતિકૂળ-સાનુકુળ રહે છે. રાહુ મધ્યમ છે પરંતુ વર્ષાન્તે વૈશાખાવદ બારસ તા. ૨ જૂનથી આપને શનિની નાની અઢી વર્ષની પનોતી શરૂ થાય છે. જે લોખંડના પાયે રહેશે. તેમજ બીજા ગ્રહોના પરિભ્રમણને જોતાં એકંદરે વર્ષનો મોટોભાગ આપના માટે પ્રતિકૂળ રહે છે. જેના લીધે સંવત ૨૦૮૩નું આ વર્ષ આપના માટે કઠીન બની રહે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે નબળું છે. તેથી વર્ષારંભથી જ આપે સ્વાસ્થ્યની યોગ્ય કાળજી લેવી પડશે. વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે પ્રતિકુળ છે. તેથી નાની-મોટી કોઈને કોઈ તકલીફ આપને રહ્યા કરે. સીઝનલ-વાયરલ બીમારીથી આપે સંભાળવું પડે.

આંમાંની તકલીફ આપને જણાય. તા. ૧૨ નવેમ્બરથી તા. ૯ માર્ચ અને ૨૬ એપ્રિલથી ૪ જૂન સુધીનો સમય આપને પેટ-પેઢૂની પગની તકલીફ રહે. મોં-ગળાની-દાંત-પેઢાની જડબાની, કાનની તકલીફ જણાય. તા. ૨૪/૧ થી તા. ૨૫/૬ દરમ્યાન ગુરૂની સાનુકુળતા આપને થોડી રાહત આપશે.

પરંતુ જેમ વર્ષ પસાર થાય તેમ આપે આરોગ્યનું વિશેષ ધ્યાન રાખવું પડે. શનિનું પરિભ્રમણ તા. ૨ જૂનથી અષ્ટમ-મૃત્યુ સ્વાસ્થ્યથી થઈ રહ્યું છે જે આપની કષ્ટ-પીડામાં વધારો કરાશે. તા. ૨૫ જૂનથી ગુરૂ પુનઃપ્રતિકુળ થતાં જૂની બીમારી ફરી ઉથલો મારે. વારસાગત બીમારી લાગૂ પડતાં આપની ચિંતામાં વધારો થાય. આપની બેદરકારીના લીધે રોગ વધી જાય. કીડની, પેટ-પેઢુ, પગ, ગુપ્તભાગની તકલીફ આપને પરેશાનીમાં વધારો કરે. આપે કોઈપણ નાની તકલીફને પણ ગંભીરતાથી લઈ સમયસર દાકતરી નિદાન કરાવી લેવું. સલાહ લઈ લેવી. ઉપચાર ચાલુ કરી દેવા. વાહન ચલાવવામાં આપે ખૂબ જ સાવધાની રાખવી.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ આપનું આ વર્ષ ઠીક રહે. વર્ષારંભથી તા. ૨૪ જાન્યુઆરી અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂની પ્રતિકુળતા આપની નાંણાકીય ચિંતામાં વધારો કરે. આ સમય દરમ્યાન વારંવાર આવી રહેલા આકસ્મિક ખર્ચાઓ, ખોટા ખર્ચાઓ આપનું નાંણાકીય આયોજન બગાડી નાંખે. નાંણાભીડનો અનુભવ થાય. આવક સ્થિર થઈ ગઈ છે અને જાવક વધતી જાય છે તેવું આપને લાગ્યા કરે.

વૈશાખ વદ બારસ તા. ૨ જૂનથી શરૂ થઈ રહેલી શનિની પનોતી આપની મુશ્કેલીમાં વધારો કરે. શારીરિક તકલીફોના લીધે ખર્ચા આવ્યા કરે. સંતાનના પ્રશ્ને આપને ખર્ચ જણાય. તે સિવાય જમીન-મકાન-વાહનમાં આકસ્મિક ખર્ચ આવી જતાં આપ મુશ્કેલીમાં મૂકાઈ જાવ. કૌટુંબિક-પારિવારીક પ્રશ્ને, માતા-પિતાના આરોગ્યની બાબતમાં થઈને ખર્ચ જણાય. ખર્ચની અવધી લંબાતા આપની નાંણાકીય મુશ્કેલીમાં વધારો જણાય.

આ વર્ષ દરમ્યાન આપે નાંણાકીય રોકાણ કરવામાં સાવધાની રાખવી પડે. કોઈના દોરવાયા દોરવાઈ જઈને નાંણાકીય જોખમ વધારવું નહીં. તેમાં પણ તા. ૧૨ નવેમ્બરથી તા. ૯ માર્ચ અને તા. ૨૬/૪ થી તા. ૪/૬ સુધીના સમયમાં આપને શારીરિક-માનસિક કોઈ ને કોઈ તકલીફના લીધે ખર્ચ જણાય. આપે સાઈબર ઠગીથી સંભાળવું પડે. ઓનલાઈન કે ઓફલાઈન નાંણાકીય લેવડ-દેવડ કરવામાં આપે સાવધાની રાખવી પડે.

વર્ષ દરમ્યાન તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂ આપના માટે સાનુકુળ રહેતાં આપને થોડી રાહત જણાય. રાહુનું પરિભ્રમણ પણ આપને મદદરૂપ થાય. આ સમય દરમ્યાન આકસ્મિક કોઈ લાભ ફાયદો આવી જાય.

આમ વર્ષ દરમ્યાન એકંદરે ગ્રહો પ્રતિકુળ રહેતાં આપે નાંણાકીય આયોજન ખૂબ જ સમય વિચારીને કરવું પડે. કોઈને ઉછીના-ઉધાર નાંણા આપવાનું બને ત્યાં સુધી ટાળવું.

પત્ની-સંતાન-પરિવાર

કુટુંબ-પરિવારની દ્રષ્ટિએ વર્ષ આપના માટે ઠીક રહે. વર્ષારંભથી તા. ૨૪ જાન્યુ. સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપને ઘર-પરિવારની ચિંતા આપે. માતા-પિતાના આરોગ્ય-આયુષ્ય બાબતે આપની ચિંતા-પરેશાની-ખર્ચ વધે. મોસાળપક્ષે-સાસરીપક્ષે બીમારી ચિંતાનું આવરણ આવી જાય. પત્ની સાથે વારંવાર નાની-નાની વાતોમાં સમજ-મનદુઃખ ઉભા થાય. તેમાં પણ વર્ષાન્તે વૈશાખ વદ બારસ તા. ૨ જૂનથી શનિની પનોતી લોખંડના પાયે શરૂ થતાં આપની કૌટુંબિક-પારિવારીક ચિંતામાં વધારો કરાવે. સંતાનના પ્રશ્ને આપને કોઈને કોઈ મુશ્કેલી રહે. તેના આરોગ્ય-અભ્યાસ-કારકીર્દીની ચિંતા આપને રહ્યા કરે.

જો કે તા. ૨૪ જાન્યુ થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂ સાનુકુળ રહેતાં આપને શાંતિ-રાહત રહે. કુટુંબ-પરિવારની ચિંતા ઓછી થાય. સંતાનના પ્રશ્નનો કામનો ઉકેલ આવતો જાય. અવિવાહીતવર્ગને વિવાહ-લગ્નના યોગ ઉભા થાય. નવદંપતિને તેમજ સંતાન ન હોય તેમને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થાય.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

ગુરૂનું પ્રતિકુળ પરિભ્રમણ વર્ષના પ્રારંભ થી તા. ૨૪ જાન્યુ. સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષનાં અંત સુધી રહે છે. જે આપને નોકરીમાં ચિંતા-ઉચાટ આવશે. તેમજ તા. ૨ જૂનથી શનિની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે શરૂ થઈ રહી છે જે આપના કષ્ટ-પીડામાં વધારો કરે. આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી રહ્યા કરે. આપના ધાર્યા પ્રમાણેના કામ ન થતાં આપને ઉચાટ-ઉદ્વેગ રહે. આપની સાથે કામ કરનારા જ આપને દગો-વિશ્વાસઘાત આપે. સાસરીપક્ષ કે મોસાળપક્ષમાં કે સગા-સંબંધીને ત્યાં નોકરી કરતાં હોવ તો આપની ન સહેવાય, ન રહેવાય જેવી પરિસ્થિતિ થાય. આપે અપમાન સહન કરવું પડે. આપ કશું કહી શકો નહીં. પરંતુ મજબૂરીના લીધે આપે ત્યાં નોકરી ચાલુ રાખવી પડે. અન્ય કોઈની ભૂલ ના લીધે આપે ઠપકો સાંભળવો પડે.

ગ્રહો પ્રતિકુળ રહેતાં આપે નાંણાકીય આયોજન ખૂબ જ સમય વિચારીને કરવું પડે. કોઈને ઉછીના-ઉધાર નાંણા આપવાનું બને ત્યાં સુધી ટાળવું...

તા. ૧૨ નવેમ્બરથી તા. ૯ માર્ચ અને તા. ૨૬/૪ થી તા. ૪/૬ દરમ્યાન આપે નાંણાકીય જવાબદારીવાળા કામમાં વિશેષ સાવધાની રાખવી પડે. પૈસા ભરેલું પાકીટ ખોવાઈ કે ચોરાઈ ન જાય તેનું ધ્યાન રાખવું. બેંકમાં કેશિયરની જવાબદારી સંભાળનારે કોઈના ભરોસે રહેવું નહીં. હીસાબમાં ગોટાળો થતાં આપે ઘરના પૈસા ભરવાનો સમય આવે.તે સિવાય વર્ષ દરમ્યાન આપના આરોગ્યના લીધે કે કૌટુંબિક-પારિવારીક તકલીફોના લીધે નોકરીમાં વારંવાર રજાઓ પાડવી પડે. ઉપરીવર્ગ તરફથી તેના લીધે આપે ઠપકો સાંભળવો પડે. ઉપરાંત નોકરીમાં આપના સ્થાન, નિશ્ચિતતા અંગે પણ પ્રશ્ન ઉદ્ભવે. તેમ છતાં તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂનું સાનુકુળ પરિભ્રમણ આપને લાભ-ફાયદો કરાવે. આપના મહત્ત્વનાં એક-બે કામ ઉકેલાતાં આપને રાહત જણાય. આપના કાર્યની કદર-પ્રશંસા થાય. પરંતુ આપે મહત્ત્વના નિર્ણય લેવામાં ઉતાવળ કરવી નહીં. પરદેશના કાર્યમાં પ્રગતિ જણાય.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વર્ષારંભથી ગુરૂની પ્રતિકુળતા આપને ચિંતા રખાવડાવે. વર્ષ દરમ્યાન ગુરૂ વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી તા. ૨૫ જુનથી વર્ષના અંત સુધી આપના માટે પ્રતિકુળ રહે છે. જે આપના કામમાં વિલંબ રખાવડાવે. તેમાં પણ તા. ૨ જૂનથી શરૂ થઈ રહેલી અઢી વર્ષની શનિની પનોતી અષ્ટમ-મૃત્યુ સ્થાનમાંથી લોખંડના પાયે પસાર થઈ રહી છે જે આપની મુશ્કેલીમાં વધારો કરશે. ગુરૂ-શનિની પ્રતિકુળતાને લીધે ધંધામાં આપને રૂકાવટ રહ્યા કરે. હરિફવર્ગ-ઈર્ષ્યા કરનાર વર્ગ આપની મુશ્કેલી વધારે ધંધામાં હરિફાઈનો સામનો કરવો પડે. આપના ગ્રાહકવર્ગને તોડવાના પ્રયાસો થાય. ઉધારીમાં ધંધો કરનારને ઉઘરાણી ફસાઈ જતાં નાંણાકીય મુશ્કેલીનો સામનો કરવો પડે. કોઈના દોરવાયા દોરવાઈ જઈને આપે માલનો ભરાવો કરી રાખવો નહીં.તે ઉપરાંત સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા ને લીધે આપ કામ પર પૂરતું ધ્યાન આપી શકો નહીં. કૌટુંબિક-પારિવારીક પ્રશ્નો-જવાબદારીઓ પણ આપના કાર્યમાં અડચણ રખાવે. આપે માણસો પર નિર્ભર રહેવું પડે. આપની વારંવારની ગેરહાજરીના લીધે તેઓ પણ બેદરકાર થતા જાય અને તેની અસર આપના ધંધા પર દેખાય. જૂના ગ્રાહકો આપનાથી દૂર થાય. આપે મહત્ત્વના નિર્ણયો લેવાતા ધ્યાન રાખવું પડે. તા. ૧૨ નવે. થી તા. ૯ માર્ચ અને તા. ૨૬ એપ્રિલ થી તા. ૪ જૂન દરમ્યાન સરકારી-ખાતાકીય મુશ્કેલી જણાય. ઈન્કમટેક્ષ જીએસટીના ચક્કરમાં અટવાઈ જાવ.

સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગ માટે આ વર્ષ નબળું રહે. શનિ-ગુરૂની પ્રતિકુળતા આપને કૌટુંબિક-પારિવારીક ચિંતા રખાવડાવે. સંતાનના અભ્યાસ-આરોગ્ય-કારકીર્દીની ચિંતા રહે. પતિ સાથે વાદ-વિવાદ-ગેરસમજ-મનદુઃખ થાય. નોકરીયાત-વ્યવસાયી મહીલાઓને ઘર-પરિવાર અને કાર્યસ્થળની જવાબદારીઓ એકસાથે સંભાળવામાં મુશ્કેલી પડે. કાર્યસ્થળે પણ આપે અવગણના, અપમાનનો સામનો કરવો પડે. આપની સાથે કાર્ય કરનારા જ આપની વિરુધ્ધમાં જતાં કામ કરવાની ઈચ્છા મરી પરવારે. નોકરી છોડી દેવાની ઈચ્છા થાય. ધંધામાં હરિફાઈના લીધે આપે નુકસાનીનો સામનો કરવો પડે. તે સિવાય આપને શારીરિક-માનસિક કોઈને કોઈ સમસ્યા રહ્યા કરે. તબીયતની બાબતમાં આપે બેદરકારી રાખવી નહીં.

વિદ્યાર્થી વર્ગ

વિદ્યાર્થીવર્ગે વર્ષ દરમ્યાન ખોટા વહેમ-અહમ કે વધુ પડતા આત્મવિશ્વાસમાં રહ્યા વગર વર્ષના પ્રારંભ થી જ અભ્યાસ અંગેનું આયોજન કરી તેને અનુસરતા રહેવું. પરીક્ષા સમયે બીમારી-અકસ્માતથી સંભાળવું પડે. માનસિક હતાશા-નિરાશામાં સપડાઈ ન જાવ તેની તકેદારી આપે રાખવી પડે. તેમાં પણ વર્ષના અંતિમ ૬ માસ આપની મુશ્કેલીમાં વધારો થાય. કોઈ ને કોઈ કારણ સર અભ્યાસમાં રૂકાવટ આવ્યા કરે. થોડા ગુણના લીધે વર્ષ ના બગડે કે લાઈન ના બદલવી પડે તેનું ધ્યાન રાખવું પડે.

વ્યસની-રખડું મિત્રોથી દૂર રહેવું મિત્રવર્ગ સાથે મોજમજા-હરવા-ફરવામાં અભ્યાસ બગડે અને પાછળથી પસ્તાવવું પડે જો કે તા. ૨૪ જાન્યુ થી તા. ૨૫ જૂન દરમ્યાન આપને અભ્યાસમાં સાનુકુળતા જણાય. આપના મહેનતનું પરિણામ મળવાથી આપને આનંદ થાય. પરદેશ જવાની કાર્યવાહીમાં પ્રગતિ જણાય. નવી કારકીર્દીની શરૂઆતમાં આ સમય સારો રહે.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩નું આ વર્ષ આપના માટે ઠીક રહે. વર્ષ દરમ્યાન આપ શારીરિક-માનસિક, આર્થિક, કૌટુંબિક-પારિવારીક, સામાજિક-વ્યવહારિક કોઈ ને કોઈ મુશ્કેલીથી ઘેરાયેલા રહો. આપના કાર્યમાં કોઈ ને કોઈ તકલીફો આવ્યા કરે. નાંણાકીય મુશ્કેલીઓના લીધે વ્યવહાર સાચવવામાં આપને તકલીફ જણાય. આપની બેદરકારીના લીધે રોગ વધી જાય અને આપના કષ્ટ-પીડા-ખર્ચમાં વધારો થાય. સંતાનના પ્રશ્ને આપને ચિંતા-પરેશાની રહ્યા કરે. મોસાળપક્ષે-સાસરીપક્ષે બીમારી-ચિંતા-ખર્ચનું આવરણ આવી જાય. જો કે વર્ષ દરમ્યાન થોડો સમય ગુરૂની સાનુકુળતા આપને ક્ષણિક રાહત આપી જાય.



શું તમને ચોઘડિયાં જોતાં આવડે છે?

ચોઘડીયાથી દરેક પરિચિત છે. ઘેર ઘેર ચોઘડીયાની ચર્ચા થાય છે. એક સમય હતો કે લોકો ચોઘડીયું જોઈને ઘરની બહાર નીકળતા હતા. હવેસમય બદલાયો છે. લોકો હસ્ત મેળાપ કે ગૃહ પ્રવેશ વખતે ચોઘડીયાનું ધ્યાન રાખે છે. હવે સમય બદલાયો છે.

દિવસનાં ચોઘડિયાં

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

જેન ઝેડ કે જેન ઝીમાં આવતા યુવા વર્ગને ચોઘડીયામાં સમજ નથી પડતી. તેમના માટે આ ખાસ લેખ છે. સામાન્ય રીતે ચોઘડિયું એટલે ચાર ઘડીનો સમય. દિવસના ચોઘડિયાની શરૂઆત સૂર્યોદયથી અને રાત્રિના ચોઘડિયાં શરૂઆત સૂર્યાસ્તથી થાય છે. મુખ્યત્વે ચોઘડિયાં ત્રણ પ્રકારના હોય છે: શુભ, મધ્યમ અને અશુભ.

શુભ ચોઘડિયાં

સામાન્ય રીતે શુભ ચોઘડિયાંમાં શુભ, અમૃત અને લાભ આ ત્રણ પ્રકારનો સમાવેશ થાય છે. પંચાંગમાં આ શુભ ચોઘડિયાંસામેસાથિયાની નિશાની આપવામાં આવેછે.

મધ્યમ ચોઘડિયાં

મધ્યમ ચોઘડિયામાં ચલનો સમાવેશ થાય છે. સારું કાર્ય ચલના ચોઘડિયામાં શરૂ કરી શકાય છે.

અશુભ ચોઘડિયાં

અશુભ ચોઘડિયાંમાં રોગ, ઉદ્વેગ અને કાળ એમ ત્રણ પ્રકારનોસમાવેશ થાય છે.

ચોઘડિયાંનો સમય દોઢ દોઢ કલાકનો હોય છે અને સૂર્યોદય થાય ત્યારબાદ દિવસના ચોઘડિયાંની ગણતરી થાય છે. દા.ત. સૂર્યોદય ૬ વાગે થતો હોય તો પ્રથમ ચોઘડિયાંનો સમય ૬ થી ૭.૩૦નો રહેશે. દરેક દિવસે અને રાતે ચોઘડિયાં અલગ હોય છે પણ દરેક વારના ચોઘડિયાં ફિક્સ હોય છે. એટલે કે દર સોમવારે પહેલું ચોઘડિયું અમૃત જ રહેવાનું. તે જ રીતે રાત્રિના ચોઘડિયાંનો સમય સાંજના ૬થી સામાન્ય રીતે ગણવામાં આવેછે.

દરરોજ આખા દિવસ દરમ્યાન ૩ ચોઘડિયાં શુભ અને ૩ ચોઘડિયાં અશુભ રહેવાના જ. દરેક વારનો એક સ્વામી હોય છે અને તે વારના ચોઘડિયાંની શરૂઆત તે વારના સ્વામીથી થાય છે. દા.ત. રવિવારના સ્વામી ઉદ્વેગ છે તો રવિવારનું પહેલું ચોઘડિયું ઉદ્વેગ, સોમવારના સ્વામી અમૃત

રાત્રીના ચોઘડિયાં

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

છે, મંગળવારના સ્વામી રોગ, બુધવારમાં લાભ, ગુરુવારના સ્વામી શુભ, શુક્રવારના સ્વામી ચલ અને શનિવારના સ્વામી કાળ. એટલે કે સોમવાર, બુધવાર અને ગુરુવારે સવારના પહેલાં ચોઘડિયામાં સારું કામ કરી શકાય છે.

લગ્ન પ્રસંગે કંકોતરી લખવાની હોય કે ગણેશ સ્થાપન કે માંડવા મૂર્હત કરવાનું હોય તો પણ ચોઘડિયાં જોવામાં આવેછે.

‘સ્વીકાર, અર્પણ અને સમર્પણઃ શાશ્વત સુખની સંજીવની’

આજનો સાંપ્રત સમય એ મોબાઈલ, કમ્પ્યૂટર અને ટેક્નોલોજીનો યુગ છે. રોકેટની જેમ અત્યંત ઝડપથી બદલાતી દુનિયાનો યુગ છે. વિશ્વનું ચિત્ર હાથવગું છે. આજના અતિ ઝડપી પર (ફિફ્થ જનરેશન) ટેક્નોલોજીના યુગમાં જ્યાં બધું જ એક ક્લિક પર ઝડપથી થાય છે. ડિજિટલ ક્રાંતિના આ સમયમાં લોકોના કામો પલભરમાં પતી જાય છે. વર્તમાન જીવનશૈલી પણ ઝડપી અને પરિવર્તનશીલ બની રહી છે, પરંતુ દુર્ભાગ્ય એ છે કે માનવીનું અંતરનું જગત વિખેરાઈ રહ્યું છે. આજનો માનવી આત્મિક સુખ, શાંતિ અને સંતોષથી વિમુખ થઈ રહ્યો છે. નિર્ભેળ આનંદ અને પરસ્પરનો પ્રેમ અદૃશ્ય થતો જાય છે. પરસ્પર હળવા-મળવાનો મનોહર માહોલ લુપ્ત થતો રહ્યો છે. સંબંધોની મધુરતા ધીમે-ધીમે ઓછી થઈ રહી છે, જીવન તનાવગ્રસ્ત બની રહ્યું છે. ભીતરમાં ખાલીપો વ્યાપી રહ્યો છે ત્યારે સ્વીકાર અર્પણ અને સમર્પણનો ત્રિવેણી સંગમ શાશ્વત સુખની સંજીવની સ્વરૂપેછે.

જીવનને આનંદિત અને અર્થપૂર્ણ બનાવવા માટે સૌ પ્રથમ ‘સ્વીકાર’ની જરૂર છે

જીવનને આનંદિત અને અર્થપૂર્ણ બનાવવા માટે સૌ પ્રથમ ‘સ્વીકાર’ની જરૂર છે. ‘સ્વીકાર’ એ સાર્થક જીવનની ચાવીછે. સ્વીકાર એટલે હાર નથી, નબળાઈ પણ નથી, પરંતુ અંતરની શક્તિ છે, સ્વીકારમાં શ્રેષ્ઠ આદરભાવ પ્રતિબિંબિત થાય છે. જીવનમાંથી ચિંતા, ઈર્ષ્યા, વેરઝેર, નફરત, સંઘર્ષ જેવા નકારાત્મક વિચારોને દૂર કરવા માટેસ્વીકારભાવનો ગુણ કેળવવો જરૂરીછે. જીવનમાં સ્વીકારભાવથી શાંતિની શરૂઆત થાય છેઅનેતૃષ્ણાનો અંત આવેછે. સ્વીકાર એઆત્મિક સાધના છે, એક પ્રકારનો શ્રેષ્ઠ સંયમ છે. કોઈ પ્રેમથી પુષ્પ આપે તો પણ તેનો સ્વીકાર કરવો અને કોઈ વસ્તુ ભેટ સ્વરૂપેઆપે તોય સ્વીકારવી. કોઈપણ પ્રકારની આનાકાની કેફરિયાદ વિના સ્મિતભાવેસ્વીકારતાં રહેવું એ જીવનનો આનંદછે. સ્વીકારભાવ સકારાત્મકતાની સુવાસ પ્રસરાવે છે. પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર એ જ જીવનનો સાચો વૈભવ અનેઆધ્યાત્મિક ઉન્નતિનો માર્ગછે. સ્વીકારનો ઉમદા ભાવમાંથી જ સમર્પણનો ઉદય થાય છે. સ્વીકાર એ પરમ શાંતિનું પ્રથમ દ્વાર છે, તો અર્પણ એ સદ્ગુણોની સુવાસ અનેકર્તવ્યની પવિત્રતા છે.

અર્પણનો આદર્શ અનુપમ છે. માનવ પાસે જે કંઈ શ્રેષ્ઠ હોય તે અન્ય માનવનેઆપવાની શુભ ભાવના એટલે અર્પણ. સમય, શક્તિ, કલા, કૌશલ્ય, જ્ઞાન કે ધન જે કંઈ પણ માનવ પાસેહોય, તેને સમાનજના હિત માટે વહેવડાવું જોઈએ. આપવું એ એક પ્રકારનું પૂજાકાર્ય છે. જેનાથી હૃદયમાં સકારાત્મકતા અને સાત્વિકતાની ભાવના પ્રજ્વલિત થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, ‘‘તું જે કંઈ કરે છે, તે મને અર્પણ કર.’’ જ્યારે મનુષ્ય નિઃસ્વાર્થ ભાવે અને અહંકાર મુક્ત થઈને કંઈક આપેછે, ત્યારે તે અર્પણ પવિત્ર પૂજા અને સત્કર્મ બની જાય છે. અર્પણમાં ઉદારતા અને ઉમદાપણું સમાયેલું છે. પ્રકૃતિ પણ માનવને આ જ શીખવેછે : નદી પોતાનું પાણી ક્યારેય પીતી નથી, વૃક્ષો પોતાના ફળો પોતે ખાતાં નથી. વૃક્ષો પોતે તડકો વેઠીને વટે માર્ગુઓને શીતળ છાંયડો આપેછે, અને વાદળો પોતાનું અસ્તિત્વ મિટાવીને સમગ્ર સૃષ્ટિ પર જળ વરસાવે છે. આ સઘળું અર્પણ અને સમર્પણ છે - પરમાર્થનું એક પવિત્ર અને અદ્વિતીય કાર્યછે.

વિક્રમ સંવત ૨૦૮૩નું રાજકીય ભવિષ્ય

યુદ્ધના લીધે પ્રજાની હાડમારીમાં વધારો થાય, મોંઘવારી વધતા પ્રજાનો આક્રોશ વધે, રોગચાળો, કુદરતી આપત્તિ જેવી કે ભૂકંપ પૂર વાવાઝોડું ત્સુનામી, આગના બનાવોમાં વધારો થાય, જાન-માલને નુકસાન થાય, વૈશ્વિક સ્તરે મૃત્યુદર વધે, વાદળો બંધાય પરંતુ વરસાદ ઓછો પડતાં ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થાય, અનાજના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે

સરકારની રાજકીય પકડ ઢીલી થઈ રહી છે તેવું લાગેઃ પ્રજાનો આક્રોશ વધે



વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ કારતક સુદ એકમ તા. ૧૦ નવેમ્બર મંગળવારે થાય છે. તેમજ શક સંવતની શરૂઆત ચૈત્ર સુદ એકમ તા. ૭ એપ્રીલ ૨૦૨૭ને બુધવારના રોજ થાય છે. તે અનુસાર તેમજ વર્ષ દરમ્યાન ગ્રહોના પરિવર્તન પરિભ્રમણ અને યોગ પ્રમાણે દેશ દુનિયાના રાજકીય ભવિષ્ય પર નજર નાખીએ.

વર્ષ દરમ્યાન ગુરૂ કર્ક અને સિંહ રાશિમાં, રાહુ કુંભ અને મકર રાશિમાં તેમજ શનિ મીન અને મેષ રાશિમાં પરિભ્રમણ કરી રહ્યા છે. આમ, આ ત્રણેય ગ્રહો બે રાશિમાંથી પસાર થઈ રહ્યા છે. મંગળનું પરિભ્રમણ સિંહથી વૃશ્ચિક રાશિ દરમ્યાન છે.

દુનિયા માટે વર્ષ કેવું?

વર્ષનો પ્રારંભ અને ગ્રહોની પરિસ્થિતિ જોતાં દુનિયાના રાજકારણમાં ઉથલ-પાથલ જોવા મળે. અમેરિકામાં ટ્રમ્પ સરકારને પુનઃ સત્તામાં આવવામાં મુશ્કેલી પડે. દુનિયાના અન્ય રાષ્ટ્રોમાં સત્તા પરિવર્તનના યોગ ઉભા થાય. પ્રજા રસ્તા પર ઉતરે, આંદોલન કરે, સરકાર ઉથલાવવાના પ્રયાસો કરે.

રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની હુંસાતુસી, યુદ્ધના લીધે પ્રજાની હાડમારીમાં વધારો થાય. મોંઘવારી વધતા પ્રજાનો આક્રોશ વધે. રોગચાળો, કુદરતી આપત્તિ જેવી કે ભૂકંપ પૂર વાવાઝોડું ત્સુનામી, આગના બનાવોમાં વધારો થાય. જાન-માલને નુકસાન થાય. વૈશ્વિક સ્તરે મૃત્યુદર વધે. વાદળો બંધાય પરંતુ વરસાદ ઓછો પડતાં ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થાય. અનાજના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે.

અમેરિકા, રશિયા, ચીન, યુરોપ જેવા દેશોની જીદ મુમત, હુંસાતુસીમાં નાના દેશોએ ભોગ બનવું પડે. દુનિયામાં આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો જોવા મળે.

દેશ માટે વર્ષ કેવું ?

અખંડ ભારત અને સ્વતંત્ર ભારતની કુંડળી અનુસાર દેશમાં આંતરકલહમાં વધારો થાય. પ્રજામાં અસંતોષ વિરોધની લાગણી પ્રવર્તે. વિરોધપક્ષ દ્વારા વિવિધ મુદ્દાઓનો વિરોધ કરવામાં આવે. સરકારની રાજકીય પકડ ઢીલી થઈ રહી છે તેવું લાગે. મોંઘવારીમાં વધારો થાય. પ્રજાની પીડા વધે. પૂર્વોત્તર રાજ્યોમાં પ્રજાનો આક્રોશ વધે ! હિંસાનું પ્રમાણ વધે! તે સિવાય આંતરરાષ્ટ્રિય સંબંધો, નીતિઓમાં વધુ સ્પષ્ટ વલણ અપનાવવું પડે!

દેશ માટે વર્ષ કેવું ?

સ્વતંત્ર ભારતની કુંડળી પ્રમાણે વર્ષના પ્રારંભમાં તેમજ અંકમાં ગુરૂનું પરિભ્રમણ મુશ્કેલી ઉભી કરે. પ્રજાનો ઉગ્રાટ, રોષ, આક્રોશ રસ્તા પર આંદોલન સ્વરૂપે જોવા મળે! દેશની સંપત્તિને નુકસાન થાય ! વેપાર ખાધ વધે ! આંતરરાષ્ટ્રીય વેપારમાં તે અંગે ના કરારમાં તકલીફ પડે.

તેમાં પણ વર્ષના પ્રારંભમાં તા. ૧૨ નવેમ્બરે મંગળ સિંહ રાશિમાં પ્રવેશ કરશે તે ૯ માર્ચ ૨૦૨૭ સુધી રહેશે. ત્યારબાદ પુનઃ ૨૬ એપ્રિલથી તા. ૪ જુલાઈ સુધી સિંહ રાશિમાંથી પસાર થાય છે. આ સમય દરમ્યાન દેશમાં આંદોલન ઉગ્ર બનતા જાય ! આગ, હત્યા, અકસ્માત, અપમૃત્યુના બનાવ વધતા જાય ! કુદરતી આપત્તિ જેવી કે - ભૂકંપ, વાવાઝોડું, પૂર જેવા બનાવો બને ! માનવસર્જિત આપત્તિના લીધે દેશની જાહેરસંપત્તિને નુકસાન પહોંચે. રાજકીય ખાધ, આંતરરાષ્ટ્રીય દેવામાં વધારો થતા પ્રજાની હાડમારી વધે!

પૂર્વના રાજ્યો જેવા કે પશ્ચિમ બંગાળ, સેવન સિસ્ટર્સ, ઉત્તરમાં જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ, દિલ્હી, પશ્ચિમોત્તરમાં રાજસ્થાન, પંજાબમાં કોઈને કોઈ સમસ્યા ઉત્પન્ન થાય. આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા રાજ્યોમાં વિશેષ સાવધાની રાખવી પડે.

ગુજરાત માટે વર્ષ કેવું ?

ગુજરાત માટે વર્ષ મધ્યમ રહે ! વરસાદ ઓછો થાય ! મોંઘવારીમાં વધારો થાય ! સરકાર મોંઘવારીને કાબુમાં રાખવામાં નિષ્ફળ રહે.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને સ્વાસ્થ્યના કારણોસર કે અન્ય કારણોને લીધે સત્તા છોડવી પડે. પ્રવર્તમાન સરકારને પુનઃ સત્તારૂઢ થવા માટે લોકોનો વિશ્વાસ જીતવો પડે. વિરોધ પક્ષના સંખ્યાબલમાં વધારો થાય ! ભ્રષ્ટાચાર, રોડ અકસ્માતનું પ્રમાણ વધે !

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે વર્ષ કેવું રહે?



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ માટે વર્ષ આરોહ-અવરોહવાળું રહે. વર્ષારંભે ૫ ડીસેમ્બર સુધી રાહુનું પરિભ્રમણ તેમજ ૨૪ જાન્યુઆરી સુધી ગુરૂનું પરિભ્રમણ થોડી મુશ્કેલી રખાવે. પ્રજાના વિરોધનો સામનો કરવો પડે. સ્વાસ્થ્ય સંભાળવું પડે. મહત્વના નિર્ણય લેવામાં ઉતાવળ ન કરવી. વિરોધપક્ષ દ્વારા વિવિધ મુદ્દે તેમને ઘેરવામાં આવે ! કેટલીક બાબતોમાં, નિર્ણયોમાં સાથીપક્ષો દ્વારા જ વિરોધ કરવામાં આવે !

તા. ૨૪ જાન્યુઆરી ૨૦૨૭થી તા. ૨૫ જૂન ૨૦૨૭ દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ સાનુકૂળ રહેતાં સરળતા થતી જાય. પ્રજાના અસંતોષને દૂર કરવામાં સફળતા મળે. પ્રજાનો વિરોધ શાંત કરી શકે ! સાથી પક્ષોનું તેમજ પક્ષના સભ્યોનું સમર્થન મળી રહે. આંતરરાષ્ટ્રિય સંબંધોમાં, વેપાર નીતિઓમાં સાનુકુળતા રહે. સુધારો થાય.

આંતરરાષ્ટ્રિય કક્ષાએ માનમોભો વધે ! દુનિયાના દેશો દ્વારા મહત્ત્વના મુદ્દાઓ અંગે તેમની સાથે ચર્ચા કરવામાં આવે !

પરંતુ ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ મધ્યમ રહેશે. પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં ધ્યાન રાખવું પડે. પક્ષમાં અસંતોષનો, ગેરશિસ્તનો સામનો કરવો પડે ! સાથીપક્ષો દ્વારા ગઠબંધનમાંથી છૂટા થવાની વાત કરીને તેમને દબાવવાના પ્રયાસો થાય !

દિવાળીનું શુભ પર્વ આપના જીવનમાં....
અગિયારસથી જીવનના મહત્વના કાર્યોમાં અગ્રતા લાવે,
વાઘબારસથી પ્રગતિના દ્વાર ખૂલે,
ધન તેરસથી શુદ્ધ ધન પ્રાપ્ત થાય,
કાળી ચૌદશથી જીવનમાં કલહ દૂર થાય,
દિવાળીથી દિલમાં માનવતાનો દીપ પ્રગટે,
નૂતન વર્ષથી જીવન નવપલ્લવિત થાય,
ભાઈબીજથી ભાઇ બેનની પ્રીતિ વધે,
ત્રીજથી ત્રેવડ વધે,
ચોથથી ચતુરાઈ વધે,
લાભપાંચમથી પાંચ પરમેશ્વરની પરમ કૃપા વર્ષે જેનાથી
આખું વર્ષ સુખ શાંતિ સમૃદ્ધિ સહકાર અને સુયોગ સભર નીવડે
તે માટે પ્રભુ પ્રાર્થના સહ
હાર્દિક શુભેચ્છા.

સંવત ૨૦૮૩નું વર્ષ ફળ

કારતક
- દેશ, દુનિયાના મંત્રી, રાજનેતાનું મૃત્યુ!
- દેશ-દુનિયામાં આગના બનાવો !
- ઘી, મગ મોંઘા !

માગશર
- ધાન્ય મોંઘું!
- જળના અભાવથી આગળનું વર્ષ બગડે!
- લોકોનું સ્વાસ્થ્ય બગડે !

પોષ
- દુર્ભિક્ષ, દુકાળ!
- મગ, ઘી મોંઘા!
- રાજનેતા, મંત્રી પદભ્રષ્ટ!

મહા
- દેશ, દુનિયામાં અરાજકતા વધે!
- નેતાઓમાં વિગ્રહ!
- યુદ્ધ થાય!

ફાગણ
- દુનિયામાં ભયનું વાતાવરણ!
- દુર્ભિક્ષ

ચૈત્ર
- રોગચાળો ઘટે!
- પાક સારો થાય!

વૈશાખ
- છત્રભંગ યોગ
- દેશ, દુનિયાના પ્રધાનમંત્રી, પ્રમુખ, રાજાનું મૃત્યુ ! પદભ્રષ્ટ!

વૈશાખ
- પ્રજા વૃદ્ધિ
- રાજાઓમાં, નેતાઓમાં પરસ્પર યુદ્ધ!
- વરસાદ ઓછો!
- દુર્ભિક્ષ!
- લોખંડ, અડદ, કાળાવસ્ત્ર મોંઘા થાય!
- ચોર, લૂંટારાઓનો આતંક વધે!

જેઠ
- મોંઘવારીમાં વધારો
- પવન ફૂંકાય ! વાવાઝોડું આવે!
- પ્રજાના કષ્ટ-પીડામાં વધારો થાય!

અષાઢ
- દેશ, દુનિયામાં આંધી-તુફાન!
- અન્નનો સંગ્રહ કરવાથી લાભ!

શ્રાવણ
- છત્રભંગ યોગ
- રાજનેતાના મૃત્યુ, પદભ્રષ્ટ થવાથી દેશ-દુનિયામાં અરાજકતા!
- દુનિયામાં ભયનો માહોલ સર્જાય!

ભાદરવો
- છત્રભંગ યોગ
- ધાન્ય સસ્તું!
- પ્રજાના સ્વાસ્થ્યમાં સુધારો!

આસો
- અન્ન-ધાન્યમાં મોંઘવારી
- ગાય, ભેંસ મોંઘા થાય!
- દેશ, દુનિયામાં અગ્નિનો પ્રકોપ ઉત્પાત!

ગૃહમંત્રી અમિત શાહ માટે વર્ષ કેવું રહે?

ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ માટે આ વર્ષ પ્રતિકૂળતાવાળું રહે. રાજકીય આટાપાટામાં, બધાને સાચવવામાં તકલીફ અનુભવાય. આપના હરિફવર્ગ, આપની પ્રગતિની ઈર્ષ્યા કરનાર વર્ગ દ્વારા આપને મુશ્કેલીમાં મૂકવાના પ્રયાસ થાય ! આપની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના પ્રયાસ થાય !

વ્યક્તિગત દ્રષ્ટિએ આપે સ્વાસ્થ્યની કાળજી રાખવી પડે. તે સિવાય અકસ્માતથી સંભાળવું પડે. આપને શારિરીક માનસિક હાનિ પહોંચાડવા માટે હુમલાના પ્રયાસ થાય ! કોર્ટુબિક ચિંતા પરિતાપ રહે. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન સુધી વધુ ધ્યાન રાખવું પડે. ત્યારબાદ આપને થોડી રાહત થતી જાય !





રાહુલ ગાંધી માટે વર્ષ કેવું?

વિક્રમ સંવત ૨૦૮૩ના ગ્રહયોગ જોતાં રાહુલ ગાંધી માટે વર્ષ મધ્યમ રહે ! વર્ષ દરમિયાન માતાના આરોગ્ય-આયુષ્યની ચિંતા રહે ! માતૃવિયોગના યોગ ઉભા થાય ! તે સિવાય જાહેરક્ષેત્રના કાર્યોમાં મુશ્કેલી પડે ! આપની ગણતરી-ધારણા અવળાં પડતાં જાય ! પક્ષના સભ્યો વચ્ચે એકજૂટતા રાખવાનો પ્રશ્ન, પક્ષને એક રાખવાનો કે તૂટતો બચાવવાનો પ્રશ્ન ઉદ્‌ભવે ! પોતાની રાજકીય કારકીર્દીને, પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેનું ધ્યાન રાખવું પડે ! જોકે વર્ષ દરમિયાન ગુરૂનું પરિભ્રમણ ક્યારેક-ક્યારેક આપને રાહત આપી જાય !

કોંગ્રેસ માટે વર્ષ કેવું ?



હિંદી રાષ્ટ્રીય મહાસભા-કોંગ્રેસની કુંડળી જોતાં વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ જેમ પસાર થતું જાય તેમ મુશ્કેલીઓ વધતી જાય.

વર્ષના પ્રારંભમાં ગુરૂનું પરિભ્રમણ પ્રતિકૂળ રહે છે જે મુશ્કેલી ઉભી કરાવે. જાહેર ક્ષેત્રના કાર્યોમાં ધાર્યા પ્રમાણે પ્રજાનો સહકાર ના મળે.

તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમિયાન ગુરૂનું પરિભ્રમણ મધ્યમ રહે છે. પરંતુ આ સમય દરમિયાન પક્ષમાં ફંડની કમી, પક્ષના સભ્યોમાં બળવો જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડે.

તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ વિકટ પરિસ્થિતિ ઉભી કરે. તેમાં પણ તા. ૨૫ જૂનથી પુનઃ ગુરૂ નબળો તથા મુશ્કેલીમાં વધારો થાય. પક્ષના સભ્યો અંદર-અંદર ઝગડે, ખેંચતાણ કરે. પદ-પ્રતિષ્ઠા મેળવવા માટે ભાઈ-ભાંડુ દુશ્મન થઈ જાય. કુંડળીમાં રાહુ પરથી ગોચરનો ગુરૂ પસાર થતાં ચાંડાલયોગ બને છે જે પક્ષમાં મહાસંકટના એંધાણ આપે છે.

કોંગ્રેસ સાથે ગઠબંધનમાં જોડાયેલા પક્ષોમાં વિવાદ ઉભો થાય ! પક્ષ છૂટા પડે ! કોંગ્રેસ પક્ષમાં પુનઃ ભંગાણના યોગ ઉભા થાય ! ગાંધી પરિવારના વિવાદો સપાટી પર આવે !

સોનિયા ગાંધી માટે વર્ષ કેવું?



સોનિયા ગાંધી માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ મધ્યમ રહે. વર્ષ દરમિયાન ગુરૂનું પરિભ્રમણ કુટુંબ-પરિવારની ચિંતા રખાવે ! જો કે ક્યારેક મહત્વના મુદ્દે સાનુકૂળતા મળી રહે !

પરંતુ કારતક વદ બારસ તા. ૫ ડિસેમ્બરથી રાહુનું પરિભ્રમણ નબળું થતાં સ્વાસ્થ્ય સંબંધી ચિંતામાં વધારો થાય ! આરોગ્યની અસ્વસ્થતાને લીધે પક્ષમાં-કુટુંબમાં બરાબર ધ્યાન આપી શકાય નહીં ! આપની બેદરકારીના લીધે રોગનું પ્રમાણ વધી જતાં મુશ્કેલીમાં વધારો થાય ! વર્ષના અંતમાં મહત્વના નિર્ણય લેવામાં સાવધાની રાખવી પડે ! ગ્રહયોગ અનુસાર રાજકારણમાંથી સંન્યાસ લેવા તરફ ગતિ કરે કે તેવી ઈચ્છા પ્રગટ કરે !

ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

તુલા (ર.ત.)



૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરુનું પરિભ્રમણ આપના માટે સારું રહે છે. આ સમય દરમ્યાન આપને આકસ્મિક લાભ-ફાયદો મળી જાય...

સંવત ૨૦૮૩માં આપને શનિની પનોતી નથી. શનિનું પરિભ્રમણ પણ આપના માટે સારું છે. વર્ષ દરમ્યાન ગુરુનું પરિભ્રમણ મધ્યમ-સારું રહેશે. આમ, આ વર્ષમાં શનિ-ગુરુનું પરિભ્રમણ એકંદરે આપના માટે લાભદાયી બની રહેશે. આપના કાર્યમાં સરળતા રહે.

પરંતુ કારતક વદ બારસ તા. ૫ ડીસેમ્બરથી રાહુ મકર રાશિમાં પરિભ્રમણની શરૂઆત કરી રહ્યો છે. જે આપના માટે પ્રતિકુળ રહેશે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહેશે. ગુરુ-શનિ આપને રાહત રખાવશે. પરંતુ તા. ૫ ડીસેમ્બરથી આપ ચતુર્થ રાહુના બંધનમાં આવશો જે આપને આરોગ્યલક્ષી ચિંતા અપાવડાવે. નાના-નાની વાતને પણ આપે ગંભીરતાથી લેવી.

વર્ષ દરમ્યાન રાહુનું પરિભ્રમણ આપને શારીરિક-માનસિક-કોઈને કોઈ તકલીફ અપાવે. જેમને હ્રદય સંબંધિત સમસ્યા હોય તેમણે વિશેષ સાવધાની રાખવી. હ્રદયના ધબકારા વધી કે ઘટી જવાની સમસ્યાથી સંભાળવું પડે. જેમને પહેલા આ તકલીફ થઈ હોય તેમણે સમયસર દાકતરી તપાસ કરાવતા રહેવું. છાતીમાં દર્દ-પીડા-ગભરામણ, શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યા થાય તો તેમાં અવગણના કરવી નહીં. આપની બેદરકારી આપને બંધનયુક્ત પરિસ્થિતિમાં મૂકી દે. પોષ-મહા માસ દરમ્યાન આ તકલીફ વધે. મે-જૂન માસ દરમ્યાન મોં-દાંત-જડબાની-પેઢાની-ગળાની-ગરદન-થાપાની, ગાલની તકલીફ જણાય. ૧૭/૯ થી ૧૭/૧૦ આંખોમાં દર્દ-પીડા રહે.

પરંતુ વર્ષ દરમ્યાન ગુરુ તેમજ શનિનું પરિભ્રમણ આપને રાહત આપે. સમયસરના નિદાન-સારવારથી આપ મોટી ઉપાધીમાંથી ઉગરી જાવ. આપનો શૂળીનો ઘા સોયથી ટળી જાય.

આર્થિક સુખ-સંપત્તિ

નાંણાકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ એકંદરે સારું રહે. વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુઆરી તેમજ જેઠ વદ છઠ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરુનું પરિભ્રમણ આપના માટે સારું રહે છે. આ સમય દરમ્યાન આપને આકસ્મિક લાભ-ફાયદો મળી જાય. આવકમાં વધારો જણાય. જૂની ઊઘરાણીના નાંણા છૂટા થાય. આવકના બીજા સ્ત્રોત ઉભા થાય. આવક વધતા બચત કરવામાં સરળતા રહે. તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરુનું પરિભ્રમણ આપના માટે મધ્યમ રહેશે.

પરંતુ વર્ષારંભે કારતક વદ બારસથી રાહુ આપના માટે પ્રતિકુળ થશે તેમજ વર્ષની મધ્ય સુધી શનિનું પરિભ્રમણ પણ આપના માટે નબળું રહેતાં આપને કોઈને કોઈ આકસ્મિક ખર્ચ અપાવે. ખોટા ખર્ચાઓને લીધે આપનું નાંણાકીય આયોજન ખોરવાઈ જાય.

ખાસ કરીને આપના સ્વાસ્થ્ય સંબંધી ખર્ચાઓ આવ્યા કરે. તે સિવાય કૌટુંબિક-પારિવારીક ખર્ચાઓ રહે. સાસરીપક્ષે મોસાળપક્ષે ખર્ચ જણાય. જમીન-મકાન-વાહન સંદર્ભે કોઈ તકલીફ આવતા આપે આકસ્મિક ખર્ચ કરવો પડે. કોર્ટ-કચેરીના પ્રશ્ને ખર્ચ જણાય.

જો કે વૈશાખ વદ બારસ તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ આપના માટે સારું થવાથી આપની રાહતમાં વધારો થાય. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો મોસાળપક્ષ-સાસરીપક્ષના ખર્ચાઓ બંધ થતાં રાહત અનુભવો. ગુરુની સાનુકુળતા પણ આવકમાં વધારો કરતાં નાંણાકીય સ્થિતિમાં સુધારો થતો જાય. પરંતુ વર્ષ દરમ્યાન માતા-પિતાના આરોગ્ય-બાબતે આપને ખર્ચ આવ્યા કરે. જો કે વર્ષાન્તે સંતાનની આવક શરૂ થતાં આપને રાહત થતી જાય. ધીરે-ધીરે બચત કરી શકો.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક-પારિવારીક દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. ધીરે-ધીરે સંતાનની ચિંતા-પરેશાની ઓછી થતી જાય. તેના આરોગ્ય-અભ્યાસ-કારકીર્દીની ચિંતા દૂર થાય. તેના પ્રશ્નોનો ઉકેલ આવતો જાય. અવિવાહીત સંતાનના વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થતાં આપને આનંદ રહે. પત્નીનો સાથ-સહકાર આપને મળી રહે. વર્ષની મધ્ય સુધી શનિનું પરિભ્રમણ આપને મોસાળપક્ષે સાસરીપક્ષે ચિંતા-ખર્ચનું આવરણ આવી જાય. જોકે વર્ષ પસાર થાય તેમ તેમાં પણ આપને રાહત થતી જાય. પરંતુ વર્ષના પ્રારંભમાં નબળો થઈ રહેલો રાહુ આપને માતા-પિતાના આરોગ્ય-આયુષ્ય બાબતે ચિંતા રખાવડાવે. માતૃપક્ષે-પિતૃપક્ષે કોઈ વડીલ હોય તો તેમની પણ આપને ચિંતા રહે. જો કે ગુરુના પરિભ્રમણના લીધે કોઈને કોઈ રસ્તા નીકળી જાય અને આપની ચિંતામાં ઘટાડો થાય.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩માં નોકરીમાં આપના માટે પ્રતિકુળ-સાનુકુળ સમય રહે. વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુઆરી સુધી ગુરુનું પરિભ્રમણ આપના માટે સાનુકુળ રહે છે તેથી નોકરીમાં આપને કામમાં સરળતા રહે. આપના કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. પરંતુ આપની પ્રગતિની ઈર્ષ્યા કરનારવર્ગ આપને હાનિ થાય તેવા પ્રયત્નો કરે. તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન સુધી ગુરુનું પરિભ્રમણ મધ્યમ રહે છે. આ સમય દરમ્યાન આપને કામકાજ અંગેની વ્યસ્તતા જણાય. આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. આપના કાર્યની સાથે અન્ય કામ આવી જતાં આપના દોડધામ-શ્રમમાં વધારો થાય. હરિફવર્ગની કનડગત ચાલુ જ રહે. કોર્ટ કચેરીના પ્રશ્ને તકલીફ રહે.

ગુરુ પુનઃ તા. ૨૫ જૂનથી સારો થતાં આપને રાહત થતી જાય. તા. ૨ જૂનથી શનિનું પરિભ્રમણ પણ સાનુકુળ થતાં આપના વિરુદ્ધમાં કામ કરનાર લોકો પાછા પડે.

આપના કાર્યમાં અ ા ક સ્મિ ક સાનુકુળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. પરદેશના કાર્યમાં પ્રગતિ જણાય. તે અંગેની મિલન-મુલાકાત ગોઠવાઈ શકે. આપના કાર્યની કદર-પ્રશંસા થવાથી આનંદ રહે. નોકરીની સાથે બીજો કોઈ વ્યવસાય કરતાં હોવ, કન્સલટન્સી જ કામ કરતાં હોવ તો તેમાં લાભ-ફાયદો મળી રહે.

આ વર્ષમાં શનિ-ગુરુનું પરિભ્રમણ એકંદરે આપના માટે લાભદાયી બની રહેશે. આપના કાર્યમાં સરળતા રહે...

પરંતુ વર્ષના પ્રારંભમાં કારતક વદ બારસથી રાહુ આપના માટે પ્રતિકુળ થાય છે. જે વર્ષ દરમ્યાન આપને કામમાં કોઈને કોઈ તકલીફ રખાવડાવે. સરળતાથી પતે તેવા કામમાં પણ આપને અડચણ આવે, કામમાં વિલંબ થાય. કેટલીકવાર છેલ્લી ઘડીએ કામ અટકી પડે કે આપને તે કામમાંથી દૂર કરવામાં આવે તેથી હતાશા-નિરાશા અનુભવો. ઘર-પરિવારની ચિંતાના લીધે કામમાં ધ્યાન આપવામાં મુશ્કેલી થાય. તે સિવાય કામના દબાણ-તણાવની અસર આપના સ્વાસ્ત્ય પર થતાં તેની અસર આપના કામ પર પણ જોવા મળે. ટૂંકમાં આ વર્ષ આપના માટે મિશ્ર રહે.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩માં ધંધાકીય રીતે આપનું વર્ષ આરોહ-અવરોહવાળુ રહે. ક્યારેક સાનુકુળતા મળે તો ક્યારેક પ્રતિકુળતાનો સામનો કરવો પડે વર્ષ દરમ્યાન ગુરુ શનિ-રાહુનું તેમજ અન્ય ગ્રહોનું પરિભ્રમણ આપને ઉતાર-ચઢાવનો અનુભવ કરાવડાવે. વર્ષનાં પ્રારંભથી પોષ વદ બીજ તેમજ જેઠ વદ છઠથી વર્ષના અંત સુધી ગુરુનું પરિભ્રમણ આપના માટે સાનુકુળ રહે છે. તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન સુધી ગુરુ મધ્યમ છે. વૈશાખ વદ બારસ સુધી શનિ પ્રતિકુળ છે. ત્યારબાદ સાનુકુળ થાય છે. તેમજ રાહુ વર્ષના પ્રારંભમાં કારતક વદ બારસથી નબળો થાય છે. આમ ગ્રહોની સ્થિતિ ધંધામાં આપને ક્યારેક એકદમ સફળતા, આકસ્મિક સાનુકુળતા અપાવે તો ક્યારેક આપને નાની બાબતમાં પણ રૂકાવટનો અનુભવ થાય. તેથી વર્ષ દરમ્યાન આપે સમય-સંજોગો-પરિસ્થિતિ અનુસાર આગળ વધવું.સીઝનલ ધંધામાં આપને આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક જણાય. લાભ ફાયદો મળી રહે. પરંતુ તેના લીધે માલનો ભરાવો કરવો નહીં. જરૂર પૂરતો જ માલ રાખવો. વર્ષાન્તે ધંધામાં આપને સંતાનનો સહકાર મળી રહે. વર્ષ દરમ્યાન સંયુક્ત ધંધામાં-ભાગીદારીવાળા ધંધામાં આપે ધ્યાન રાખવું પડે. તેમાં પણ વૈશાખ વદ બારસ સુધી આપે વાદ-વિવાદ-ગેરસમજણ-મનદુઃખથી સંભાળવું પડે. તેના લીધે છૂટા થવાના વિચારો આવે કે તેવા સંજોગો ઉભા થાય પરંતુ આપે મૌન રહી સમય પસાર કરી લેવો. ધીરે-ધીરે બધુ શાંત થતું જાય અને ગોઠવાતું જાય.તા. ૪ જૂન થી તા. ૨૪ ઓગસ્ટ દરમ્યાન આપે નાંણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી પડે. તે સિવાય સરકારી-ખાતાકીય કાર્યવાહીમાં અટવાઈ જાવ. કાયદાકીય મુશ્કેલીનો આપે સામનો કરવો પડે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન ઘર-પરિવારની ચિંતા-પ્રશ્નોના લીધે ધંધામાં પૂરતું ધ્યાન આપી શકો નહીં.

વિદ્યાર્થીવર્ગ

વિદ્યાર્થીવર્ગે વર્ષ દરમ્યાન કોઈનો દોરવાયા દોરવાઈ જવું નહીં. ખોટી સંગતવાળા, વ્યસની મિત્રોથી દૂર રહેવું. સ્વાર્થી મિત્રોને ઓળખીને તેમનાથી અંતર જાળવવું. કોઈની ભૂલના લીધે આપ તકલીફમાં ના મુકાવ તેની તકેદારી રાખવી પડે. પરીક્ષા સમયે બીમારી-અકસ્માતથી સંભાળવું પડે. તેમાં પણ વર્ષની મધ્ય સુધીનો સમય આપના માટે વધુ મુશ્કેલ રહેશે.

વર્ષ દરમ્યાન ગુરુનું મધ્યમ-સાનુકુળ પરિભ્રમણ આપને થોડી રાહત રખાવશે. આપના ભટકી જતાં મનને કાબુમાં રાખે. પરંતુ તેનો અર્થ એ નથી કે આપે બેદરકારી રાખવી. વર્ષના પ્રારંભથી જ આપે અભ્યાસ માટેનું આયોજન કરી તે માટેની તૈયારી મહેનત શરૂ કરી દેવી. તો જ આપ સારું પરિણામ પ્રાપ્ત કરી શકશો નહીંતર ફક્ત પાસ થાવ તેવું બને. પરીક્ષા સમયે મહત્વના સવાલો કે પેપર મળ્યું છે. તેવી વાતો પાછળ સમય-નાંણા બગાડવા નહીં. જાત મહેનત પર ભરોસો રાખવો.

ખેડૂતવર્ગ

ખેડૂતવર્ગને સંવત ૨૦૮૩માં જમીન, ખેતી, પાકને લગતા પ્રશ્નો રહ્યા કરે. ખેતી સાથે અન્ય વ્યવસાય કરનાર, નોકરી કરનારની મુશ્કેલીમાં વધારો થાય. કુદરતી આફતોના લીધે, જીવજંતુઓના આક્રમણના લીધે ઉભો પાક બગડી જાય, નાશ પામે, આપે નુકસાન ભોગવવું પડે. ભાઈભાંડુ સાથે સંયુક્ત ખેતી હોય તો તેમાં અડચણ આવે. ભાગમાં કે માણસ રાખીને ખેતી કરાવનારે દગા-વિશ્વાસઘાતથી સંભાળવું પડે.

તેમ છતાં વર્ષ દરમ્યાન ગુરુનું મધ્યમ-સાનુકુળ-પરિભ્રમણ આપને થોડી થોડી રાહત આપી જાય. રવિ પાકમાં આપને સરળતા રહે. આપના મહેનતના પ્રમાણમાં પરિણમ ના મળે પરંતુ સંપૂર્ણ નિષ્ફળતા પણ ના મળે.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩માં આપને ઉતાર-ચઢાવની પરિસ્થિતિનો અનુભવ રહ્યા કરે. કેટલાંક મહત્ત્વના કામ ઉકેલાય તો કેટલાક કાર્યમાં નજીવી-ક્ષુલ્લક બાત માટે આપે અડચણનો સામનો કરવો છે. વર્ષ દરમ્યાન આપે આરોગ્યની કાળજી રાખીને નોકરી-ધંધા, ઘર-પરિવાર કે અન્ય કામમાં વ્યસ્ત રહેવું. વર્ષ પસાર થાય તેમ સંતાનની ચિંતા ઓછી થતી જાય. તેનો સહકાર મળી રહેતાં આપ રાહત અનુભવો. અવિવાહીતવર્ગને વિવાહ-લગ્નની વાતચીત આવે નક્કી થાય. નવદંપતીને, લગ્નના ઘણા વર્ષો બાદ પણ જેમને સંતાન ન હોય તેમને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થવાથી આનંદ રહે. વર્ષ દરમ્યાન માતા-પિતાના આરોગ્ય-આયુષ્યની ચિંતા જણાય.

સ્ત્રી વર્ગ

સ્ત્રીવર્ગ માટે સંવત ૨૦૮૩નું વર્ષ મધ્યમ રહે. વર્ષના પ્રારંભમાં જ રાહુનું પ્રતિકુળ પરિભ્રમણ શરૂ થતાં આપને ઘર-પરિવારની કોઈ ને કોઈ ચિંતા રખાવ્યા કરે. માતૃપક્ષે બીમારી-ચિંતા-ખર્ચ ના લીધે આપને દોડધામ રહ્યા કરે. વર્ષના મધ્ય સુધી સાસરીપક્ષ-મોસાળપક્ષે પણ મુશ્કેલી રહે. નોકરી-વ્યવસાય કરનારી મહિલાઓને માટે સમય થોડો મુશ્કેલ રહે. કામને મહત્ત્વ આપવું કે ઘર-પરિવારને તેની મૂંઝવણ રહ્યા કરે. બન્ને પક્ષ વચ્ચે સંતુલન રાખવામાં મુશ્કેલી પડે.

જો કે વર્ષાન્તે શનિનું પરિભ્રમણ સારું થતાં તેમજ વર્ષનો મોટો સમય ગુરુ પણ આપના માટે સાનુકુળ રહેતાં આપને વચ્ચે-વચ્ચે થોડી રાહત થતી જાય. આપ કોઈને કોઈ રસ્તો કાઢીને મુશ્કેલીમાંથી બહાર આવતા જાવ. વર્ષાન્તે આપને પતિ-સંતાનનો સાથ સહકાર મળી રહેતાં કામમાં સરળતા થતી જાય પરંતુ વર્ષ દરમ્યાન આ બધી ચિંતા-દોડધામમાં આપે આપના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે.

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

વૃશ્ચિક (ન.ય.)



તા.૨ જૂનથી આપ ચોથા રાહુના બંધનમાંથી મુક્ત થતાં આપને રાહત થતી જાય. આપને પનોતી નથી પરંતુ શનિની ચાલ આપને પ્રતિકૂળતા આપે

સંવત ૨૦૮૩ ના વર્ષમાં ગુરૂનું પરિભ્રમણ મધ્યમ રહે છે. થોડા સમય માટે તેનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ રહેશે. જેથી આપને રાહત થાય. વર્ષારંભે રાહુનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ છે તેથી આપને ચિંતા-ઉચાટ રખાવડાવે. કામકાજમાં વિલંબ જણાય પરંતુ કારતક વદ બારસ તા. ૨ જૂનથી આપ ચોથા રાહુના બંધનમાંથી મુક્ત થતાં આપને રાહત થતી જાય. વર્ષારંભે વૈશાખ વદ બારસ તા. ૨ જૂનથી શનિ મેષ રાશિમાં પ્રવેશ કરશે. આપને પનોતી નથી પરંતુ શનિની ચાલ આપને પ્રતિકૂળતા આપે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષારંભે ઘર-પરિવારના સભ્યો, માતા-પિતાના આરોગ્ય-આયુષ્ય બાબતે આપન ઉચાટ-ઉદ્વેગ રહે. દોડધામ-ખર્ચ જણાય. પરંતુ ચોથા રાહુમાંથી મુક્ત થતાં આપની ચિંતા-પરેશાની ઘટતી જાય. રાહુની પ્રતિકૂળતાને લીધે આપના સ્વાસ્થ્યનું આપે ધ્યાન રાખવું પડે. હૃદય-બી.પી.-કોલેસ્ટ્રોલની તકલીફવાળાએ વિશેષ સાવધાની રાખવી. તા. ૧૩/૨ થી તા. ૧૫/૩ દરમ્યાન પુનઃ આપને છાતીને સંદર્ભિત તકલીફ જણાય. પીઠમાં દર્દ-પીડા રહે. ચામડીના રોગોથી સંભાળવું પડે. તા. ૧૫ જૂન થી તા. ૧૬ જુલાઈ દરમ્યાન નીચે નમીને, વાંકા વળીને વજન ઉપાડવામાં, સૂવામાં નસ દબાઈ જવાને લીધે કમરની તકલીફ, પીઠની તકલીફ જણાય. આ સમય દરમ્યાન વાહન ચલાવવામાં સાવધાની રાખવી પડે.

વર્ષાન્તે શનિનું પરિભ્રમણ આપને કષ્ટ-પીડા રખાવે. સીઝનલ-વાયરલ બીમારીમાં અટવાઈ જાવ. મોં-ગળાની, દાંતની-ગરદન-માથાની તકલીફ જણાય. તા. ૨૪/૮ થી તા. ૭/૧૦ દરમ્યાન માનસિક પરિતાપ રહે. તે સિવાય પડવા-વાગવાથી, આગ-ઈલેકટ્રીકથી સંભાળવું પડે. તેમ છતાં વર્ષ દરમ્યાન ગુરૂ આપને રાહત આપતો જાય. બીમારીનું સમયસર નિદાન-ઉપચાર થઈ જવાથી મોટી મુશ્કેલીમાંથી ઉગરી જાવ. જોકે વજનમાં વધારાથી આપે સાવધ રહેવું પડે.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ વર્ષ આપના માટે મધ્યમ રહેવાનું. વર્ષારંભે રાહુનું પરિભ્રમણ આપને કોઈ કોઈ આકસ્મિક ખર્ચ રખાવડાવે. દિવાળીનો સમય હોવા છતાં આવક ન થતાં આપને ચિંતા-ઉચાટ રહે. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ મધ્યમ છે. તેથી આવક સ્થિર થઈ જાય કે આવકમાં ઘટાડો જણાય. માતા-પિતાના આરોગ્ય બાબતે ખર્ચ જણાય.

જો કે તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂની સાનુકૂળતા આપને રાહત અપાવડાવે. અટકી ગયેલી ઘરાકી પુનઃ શરૂ થતાં આવક થતી જાય. નવો કોઈ ઓર્ડર મળી રહેવાથી આવકમાં વધારો જણાય. જૂની ઉઘરાણીના નાણાં અચાનક આવી જવાથી આપને રાહત-આનંદ અનુભવાય. પરદેશથી આવવાવાળું પેમેન્ટ છૂટું થતાં રાહત જણાય.

પરંતુ વર્ષારંભે ગુરૂ પુનઃ મધ્યમ થશે અને શનિનું રાશિ પરિવર્તન પણ આપના માટે પ્રતિકૂળ રહેતાં કોઈને કોઈ આકસ્મિક ખર્ચ-ખરીદી રહ્યા કરે. ખોટા ખર્ચાઓ થયા કરે. આપના સ્વાસ્થ્ય સંબંધી તકલીફના લીધે ખર્ચ જણાય. માતા-પિતા, તેમના પક્ષે વડીલવર્ગ હોય તેમને સાસરીપક્ષ-મોસાળપક્ષમાં બીમારી-અકસ્માતનું ચક્કર આવી જતાં આપને ખર્ચ જણાય. આકસ્મિક ખર્ચના લીધે આપનું નાણાંકીય આયોજન ખોરવાઈ જાય. વર્ષ દરમ્યાન આપે નાણાંકીય આયોજન ખૂબ જ સમજી-વિચારીને કરવું. આકસ્મિક ખર્ચાઓની જોગવાઈ પહેલેથી જ કરતાં જવું. તા. ૨૪ ઓગસ્ટ થી તા. ૭ ઓક્ટોબર દરમ્યાન રાજકીય-સરકારી, ખાતાકીય બાબતોમાં, કોર્ટ-કચેરીમાં આપને ખર્ચ જણાય. આ સમય દરમ્યાન ક્યાંય પણ જતાં-આવતાં પૈસા ભરેલું પાકીટ ચોરાઈ કે ખોવાઈ ન જાય તેની તકેદારી આપે રાખવી. નાણાંકીય નુકસાનીથી સંભાળવું પડે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩ માં નોકરીયાત વર્ગ માટે વર્ષ મધ્યમ રહે. વર્ષારંભે જ રાહુની પ્રતિકૂળતા આપને કામમાં કોઈને કોઈ રૂકાવટ રખાવે. કામનો ઉકેલ આવતાં-આવતાં કોઈ કારણસર અટકી પડે. ઘર-પરિવારની ચિંતા, આપના સ્વાસ્થ્યને લઈને નોકરીમાં વારંવાર રજાઓ લેવી પડે. કામમાં વિલંબ થતો જાય. જોકે કારતક વદ બારસે રાહુ બદલાઈ જતાં આપને થોડી રાહત આપે. વર્ષારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જુનથી વર્ષના અંત સુધી ગુરૂ આપના માટે મધ્યમ રહે છે. કેટલાક અગત્યના કામ ઉકેલાય તો કેટલાંક કામ અટકી પડે તેવું બને. આપના સરળતાથી પતે તેવા કામમાં પણ આપને દોડધામ રખાવડાવે. જોકે પોષ વદ બીજથી જેઠ વદ છઠ દરમ્યાન ગુરૂ સાનુકૂળ રહેતાં આપને કામમાં સરળતા થતી જાય. પરદેશના કામમાં પ્રગતિ જણાય. અગત્યના કામકાજ અંગેની મુલાકાતો સફળ થાય. આપના કાર્યની કદર-પ્રશંસા થાય. ઉપરીવર્ગ-સહકાર્યકરવર્ગ, નોકર-ચાકર વર્ગનો સાથ-સહકાર આપને મળી રહે. બઢતી બદલી માટે પ્રયત્નો કરતાં હોવ તો તેમાં સાનુકૂળતા મળી રહે.

ગુરૂની પ્રતિકૂળતા, સાનુકૂળતા, શનીની પ્રતિકૂળતા તેમજ વર્ષારંભે રાહુની પ્રતિકૂળતાને લીધે કામકાજ અંગે દોડધામ-શ્રમ રહ્યા કરે...

તા. ૨૪ ઓગસ્ટથી તા. ૭ ઓક્ટોબર દરમ્યાન મહત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ કરવી નહીં. શક્ય હોય ત્યાં સુધી નિર્ણયો લેવાનું ટાળવું. આપની પ્રગતિથી ઈર્ષ્યા કરનાર વર્ગ દ્વારા આપને સતત મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ થાય. સરકારી નોકરી હોય તેમણે રાજકીય-સરકારી, ખાતાકીય કીન્નાખોરીના ભોગ બનવું પડે. કોર્ટ-કચેરી તેમજ નાણાંકીય જવાબદારીના કામમાં આપે સંભાળવું પડે.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

સંવત ૨૦૮૩નું આ વર્ષ ધંધાકીય રીતે સાનુકૂળ-પ્રતિકૂળ રહ્યા કરે. વર્ષારંભે પર્વના દિવસોમાં વધુ કમાવવાની લાલચમાં લોભમાં છેતરાઈ ન જાવ તેની તકેદારી રાખવી પડે. તે સિવાય ગજા બહારનો માલ ભરી દેવો નહીં. જોકે રાહુનું રાશિ પરિવર્તન થતાં આપને રાહત થાય. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને ત. ૨૫ જુનથી વર્ષના અંત સુધી ગુરૂ મધ્યમ રહે છે તેથી આપે કામકાજમાં ધ્યાન રાખવું પડે. ઓર્ડર સમયસર પૂરાં ન થતાં, વધુ પડતાં ઓર્ડર લઈ લેવાને લીધે અા પના દોડધામ-શ્રમમાં વધારો થાય. એકદમ કોઈના ભરોસામાં આવી જઈને કોઈ કામકાજ કરવું નહીં. તા. ૧૩/૨ થી તા. ૧૫/૩ દરમ્યાન સંયુક્ત ધંધામાં, ભાગીદારીવાળા ધંધામાં આપે સાવધાની રાખવી પડે. ૧૫ જુન થી ૧૬ જુલાઈ દરમ્યાન સ્વાસ્થ્ય સંબંધી તકલીફોના લીધે ધંધામાં ધ્યાન આપી શકો નહીં.

તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂની સાનુકૂળતા આપને રાહત અપાવડાવે. ધંધામાં નવી કોઈ વાતચીત આવે કે નવો કોઈ ઓર્ડર મળી રહે. નવી ઘરાકી બંધાતા આવકમાં વધારો જણાય. આનંદ થાય. દેશ-પરદેશના, આયાત-નિકાસના, કામમાં આપને સાનુકૂળતા મળી રહે. પ્રગતિ જણાય. ધંધાકીય નવું કોઈ આયોજન વિચારતાં હોવ, કરી રહ્યાં હોવ તો તેમાં સરળતા જણાય. વૈશાખ વદ બારસથી શનિની પ્રતિકૂળતા આપને ધંધાકીય કામમાં રૂકાવટ રખાવે. નોકર-ચાકરવર્ગની તકલીફના લીધે સમયસર કામ થઈ શકે નહીં. હરિફવર્ગ-ઈર્ષ્યા કરનાર વર્ગ આપની યશ-પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના પ્રયાસો કરે. મિત્રવર્ગ-સગા સંબંધીવર્ગ, મોસાળપક્ષ કે સાસરીપક્ષના સભ્યો સાથે ભાગીદારીમાં ધંધો કર્યો હોય તો વાદ-વિવાદ, ગેરસમજ-મનદુઃખથી સંભાળવું પડે. તા. ૨૪/૮ થી તા. ૭/૧૦ દરમ્યાન ઈન્કમટેક્સ, જી.એસ.ટી. કે અન્ય કોઈ સરકારી ખાતાના ચક્કરમાં અટવાઈ ન જાવ તેની તકેદારી રાખવી. નુકસાનીથી સંભાળવું પડે.

સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગ માટે સંવત ૨૦૮૩ નું વર્ષ દોડધામનું રહેસે. વર્ષ દરમ્યાન આપના કાર્યની સાથે ઘર-પરિવાર, સગા-સંબંધીવર્ગ, મિત્રવર્ગ, સામાજિક-વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા જણાય. આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. આપના દોડધામ-શ્રમમાં વધારો થાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય. પતિનો સહકાર રહે. પરંતુ ઘર-પરિવાર અને નોકરી-વ્યવસાયના કામ વચ્ચે સંતુલન સાધવામાં તકલીફ પડે.

વિદ્યાર્થીવર્ગ

આ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીવર્ગે વર્ષના પ્રારંભથી જ અભ્યાસની તૈયારીમાં લાગી જવું તેમના માટે હિતાવહ રહેશે. ઘર-પરિવારના પ્રસંગ-ઘટના કે ચિંતાના લીધે આપના અભ્યાસ પર અસર થાય. કારકીર્દીનું વર્ષ હોય તેમણે વિશેષ સાવધાની રાખવી. છેલ્લાં કેટલાક વર્ષની મહેનત પર થોડાક ગુણના લીધે પાણી ના ફરી વળે તેની તકેદારી રાખવી પડે. એક તરફી લાગણીના ખેંચાણમાં મિત્રતા-અભ્યાસ બગડે નહીં તે જોવું.

જો કે તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન ગ્રહની સાનુકૂળતા આપને અભ્યાસમાં પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થાય. ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ જવા માટે આ સમય શ્રેષ્ઠ રહે. વર્ષાન્તે શનિની પ્રતિકૂળતા આપને મિત્રવર્ગની ચિંતા રખાવે. મિત્ર વર્ગ સાથે વાદ-વિવાદ, ગેરસમજ-મનદુઃખ થઈ જાય. અભ્યાસમાં મન લાગે નહીં, વ્યસની, રખડું મિત્રોથી આપે સંભાળવું પડે.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે મિશ્ર રહેવાનું. ગુરૂની પ્રતિકૂળતા, સાનુકૂળતા, શનીની પ્રતિકૂળતા તેમજ વર્ષારંભે રાહુની પ્રતિકૂળતાને લીધે કામકાજ અંગે દોડધામ-શ્રમ રહ્યા કરે. ઘણીવાર થતાં-થતાં કામ અટકી પડે તો ક્યારેક કલ્પનામાં પણ ન હોય તેવાં કામનો સરળતાથી ઉકેલ આવવાથી આપને રાહત-આનંદની લાગણી અનુભવાય. કૌટુંબિક-પારિવારીક કોઈને કોઈ કામકાજના લીધે આપની પ્રવૃત્તિ વધી જાય. નાણાંકીય રીતે વર્ષ મધ્યમ રહેવાનું. સમજી વિચારીને ખર્ચ કરવો.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક-પારિવારીક દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન આપને ચિંતા રહ્યા કરે. વર્ષના પ્રારંભમાં જ રાહુની પ્રતિકૂળતા માતા-પિતાની ચિંતા અપાવે. ઘર-પરિવારના સભ્યોની તબીયત બાબતે દોડધામ-શ્રમ જણાય. વર્ષાન્તે વૈશાખ વદ બારસથી આપને સાસરીપક્ષ-મોસાળપક્ષના પ્રશ્નોને લીધે ઉચાટ-ઉદ્વેગ રહે. વડીલવર્ગના આરોગ્ય બાબતે ખર્ચ-ચિંતા જણાય. માતાના સ્વાસ્થ્ય અંગેની આપની ચિંતામાં વધારો જણાય. ભાઈભાંડુ પક્ષે બીમારી કે અન્ય કારણોને લીધે દોડધામ રહે. જોકે સંતાનના પ્રશ્ને આપની ચિંતા-પરેશાની ઘટતી જાય. તા. ૨૮/૮ થી તા. ૭/૧૦ દરમ્યાન મોસાળપક્ષે-સાસરીપક્ષે વાદ-વિવાદ, ગેરસમજ, મનદુઃખથી સંભાળવું પડે. નાણાંકીય લેવડ-દેવડની બાબતમાં સંબંધો બગડે નહીં તેની તકેદારી આપે રાખવી પડે. જોકે ગુરૂ આપને વર્ષ દરમ્યાન થોડી-થોડી રાહત અપાવે.



ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

ધન (ભ.ધ.ફ.ઢ.)



રાહુનું પરિભ્રમણ મધ્યમ રહે છે. પરંતુ નાંણાકીય બાબતોમાં તેનું પરિભ્રમણ આપને અસર કરે. આપે ધીરજ રાખીને દિવસો પસાર કરવા...

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે આરોહ-અવરોહવાળું રહે. વર્ષ દરમિયાન ગુરૂ-શનિનું પ્રતિકૂળ-સાનુકૂળ પરિભ્રમણ આપને ઉતાર-ચઢાવનો અનુભવ કરાવે. રાહુનું પરિભ્રમણ મધ્યમ રહે છે. પરંતુ નાંણાકીય બાબતોમાં તેનું પરિભ્રમણ આપને અસર કરે. વર્ષ દરમિયાન આપે ધીરજ રાખીને દિવસો પસાર કરવા. ઉતાવળ કરવી નહીં.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ આપના માટે મધ્યમ રહે. વર્ષારંભથી વૈશાખ વદ બારસ તા. ૨ જૂન સુધી શનિની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે રહે છે. તેમજ તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન સુધી ગુરૂ અષ્ટમ-મૃત્યુ સ્થાનમાંથી પસાર થઈ રહ્યો છે. જે આપને સ્વાસ્થ્યની બાબતમાં ચિંતા રખાવે. જૂની બીમારી ફરી ઉથલો મારતાં આપની તકલીફમાં વધારો થાય. વારસાગત બીમારી લાગુ પડે. તે સિવાય જેમને હૃદય સંબંધીત તકલીફો હોય, કોલેસ્ટ્રોલની તકલીફ હોય તેમણે વિશેષ સાવધાની રાખવી પડે. આ સમય દરમિયાન છાતીમાં દર્દ-પીડા-શ્વાસ લેવામાં તકલીફ-ગભરામણ, અકારણ બેચેની જેવું લાગે તો તરત જ ડાકતરી તપાસ કરાવી લેવી આપના હિતમાં રહેશે. તેમાં પણ ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન મંગળનું વક્રી થઈને અષ્ટમ્ સ્થાનમાંથી પસાર થવું આપની મુશ્કેલીમાં વધારો કરે.

જોકે વર્ષારંભથી તા. ૨૪ જાન્યુ. સુધી ગુરૂનું પરિભ્રમણ આપને થોડી રાહત આપશે. વર્ષાન્તે તા. ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ પુનઃ આપના માટે સારું રહે. આપના આરોગ્યમાં ધીરે ધીરે સુધારો થતો જાય. જૂની બીમારીમાં આપને રાહત થતી જાય. વજનમાં વધારો જણાય. પરંતુ તા. ૧૭-૭ થી તા. ૧૭-૮ દરમિયાન કમરમાં દર્દ-પીડા રહે.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષની મધ્ય સુધી શનિની પનોતીના લીધે આવક સ્થિર થઈ ગઈ છે તેવો અહેસાસ થાય. આવકમાં ઘટાડો જણાય. વર્ષારંભે કારતક વદ બારસ તા. ૫ ડિસેમ્બરથી રાહુ ધન ભુવનમાંથી પસાર થશે જે આપને વર્ષ દરમિયાન આકસ્મિક ખર્ચ રખાવડાવે. નાંણાભીડનો અનુભવ કરાવડાવે. ઉધરાણીના નાંણા છૂટા થવામાં વિલંબ જણાય. નાંણા અટકી-અટકીને આવી રહ્યા છે તેવું લાગ્યા કરે. વર્ષ દરમિયાન ગુરૂનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ-પ્રતિકૂળ રહેશે.

વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. સુધી ગુરૂ આપના માટે સારો રહે. આકસ્મિક આવક જણાય. આપના વ્યવહારો સચવાઈ જાય. પરંતુ તા. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે પ્રતિકૂળ રહેશે.આ સમય દરમિયાન આપને આરોગ્યની બાબતમાં ખર્ચ જણાય. તે સિવાય કૌટુંબિક-પારિવારિક પ્રસંગ-ઘટનાને લીધે આકસ્મિક ખર્ચ આવી જાય. આવક ઘટતી જાય અને જાવક વધતી જાય. તેના લીધે આપના નાંણાકીય આયોજનમાં ફેરફાર કરવા પડે. બચત વાપરવી પડે. આ સમય દરમિયાન મોટા કોઈ નાંણાકીય જોખમ લેવા નહીં તા. ૯ માર્ચથી તા. ૨૬ એપ્રિલ દરમિયાન આપને રાજકીય-સરકારી, ખાતાકીય કામમાં, કોર્ટ-કચેરીના કામમાં ખર્ચ જણાય. સંતાનના પ્રશ્ને ખર્ચ જણાય.

પરંતુ તા. ૨૫ જૂનથી ગુરૂનું પરિભ્રમણ પુનઃ સારું થતાં આપને રાહત થતી જાય. જાવકમાં ઘટાડો થતો જાય. આવક પુનઃ ચાલુ થાય. જૂની ઉધરાણીના નાંણા છૂટા થવાથી આપની ચિંતા-પરેશાની ઓછા થાય. પરદેશની ઉધરાણી પણ છૂટી થાય. ટૂંકમાં વર્ષ દરમિયાન આપે નાંણાકીય આયોજન કરતી વખતે આકસ્મિક ખર્ચની જોગવાઈ અલગથી કરી રાખવી.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક-પારિવારીક દ્રષ્ટિએ વર્ષ થોડું ચિંતા-ઉચાટવાળું રહે. જોકે ગુરૂના સાનુકૂળ પરિભ્રમણ દરમિયાન આપને રાહત રહે. શનિની પનોતી આપને માતા-પિતાના આરોગ્ય-આયુષ્યની ચિંતા રખાવશે. રાહુનું પરિભ્રમણ સંયુક્ત માલ-મિલકત-ધંધાના પ્રશ્નો રખાવે. તા. ૨૪ જાન્યુ. થી. તા. ૨૫ જૂન દરમિયાન ગુરૂનું પરિભ્રમણ આપને કુટુંબ-પરિવારના પ્રશ્ને કોઈ ચિંતા રખાવે. દોડધામ-શ્રમ-ખર્ચ જણાય. તા. ૯ માર્ચ થી તા. ૨૬ એપ્રિલ દરમિયાન આપને સંતાનના પ્રશ્ને ઉચાટ-ઉદ્વેગ રહ્યા કરે. તેના અભ્યાસ, પરિણામ, આરોગ્ય કારકિર્દીની ચિંતા આપને રહે. તેના લીધે કાયદાકીય કાર્યવાહીમાં ફસાઈ ન જાવ તેની તકેદારી આપે રાખવી પડે. તેના માટે આકસ્મિક કોઈને કોઈ ખર્ચ આવી જાય. વર્ષાન્તે આપને થોડી રાહત થતી જાય. કુટુંબ-પરિવારના પ્રશ્નો ઉકેલાતા જાય. સંયુક્ત માલ-મિલકત-ધંધાના પ્રશ્ને ભાઈભાંડુનો સહકાર મળી રહે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વર્ષના પ્રારંભથી વૈશાખ વદ બારસ સુધી શનિ લોખંડના પાયે કર્મ સ્થાનની સામેથી પસાર થઈ રહ્યો છે તે આપને નોકરીમાં તકલીફ રખાવે. આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતનો લાભ બીજાને મળે. ઉપરીવર્ગ-સહકાર્યકરવર્ગ-નોકર-ચાકરવર્ગની તકલીફ જણાય. આપની પ્રગતિની ઈર્ષ્યા કરનાર વર્ગ આપને મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કરે. આપના પદ-પ્રતિષ્ઠા-પદને હાનિ પહોંચાડવાના પ્રયત્નો કરે. આપની સાથે બેસનાર-સુખ-દુઃખની વાતો કરનાર વ્યક્તિ-મિત્ર દ્વારા જ દગો વિશ્વાસઘાત થાય. તા. ૨૪-૧ થી તા. ૨૫-૬ દરમિયાન ગુરૂનું પરિભ્રમણ પણ આપના માટે પ્રતિકૂળ રહે. સગા-સંબંધીને ત્યાં નોકરી કરનારે અપમાન-અવગણના સહન કરવા પડે. મહત્ત્વના નિણયો લેવામાં આપે ઉતાવળ કરવી નહીં.

જોકે વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધીનું ગુરૂનું પરિભ્રમણ આપને થોડીક રાહત રખાવશે. આપને કાર્યમાં થોડીક સરળતા કરી આપે. પરદેશના કાર્યમાં પ્રગતિ જણાય. પરંતુ વર્ષાન્તે આપને વધુ સાનુકૂળતા રહે. વૈશાખ વદ બારસે શનિની અઢી વર્ષની લોખંડના પાયે ચાલતી પનોતી પૂરી થશે અને શનિનું પરિભ્રમણ સારું થશે તેમજ તા. ૨૫ જૂનથી ગુરૂ સાનુકૂળ થતાં આપને ધીરે ધીરે રાહત થતી જાય.

તા.૯ માર્ચથી તા.૨૬ એપ્રિલ દરમિયાન મંગળનું વક્રી થઈને અષ્ટમ્ સ્થાનમાંથી પસાર થવું આપની મુશ્કેલીમાં વધારો કરે...

આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ઉકેલ આવતો જાય. આપનાથી દૂર થયેલા સહકર્મચારીઓ પુનઃ આપની નિકટ આવતાં જાય. ઉપરીવર્ગ દ્વારા આપના કાર્યની કદર-પ્રશંસા થાય. નોકરીમાં નવી તક પ્રાપ્ત થાય. સ્થળ-સ્થાનની ફેરફારી થાય. બઢતી-બદલીના કામમાં પ્રગતિ જણાય. આપને આપવામાં આવેલા લક્ષ્યને પ્રાપ્ત કરી શકો. જોકે તા. ૧૭-૭થી ૧૭-૮ દરમિયાન આપે થોડી સાવધાની રાખવી પડે.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩ના આ વર્ષ દરમિયાન ધંધાકીય રીતે આપે જે છે તેને સંભાળીને રાખવું. વધુ પડતા કોઈ જોખમો કરવા નહીં અજાણ્યા વ્યક્તિઓના દોરવાયા દોરવાઈ જવું નહીં. વૈશાખ વદ બારસ સુધી લોખંડના પાયે ચાલી રહેલી શનિની પનોતી આપના કાર્યમાં રૂકાવટ રખાવે. આપના ધાર્યા પ્રમાણેના કામ થવા દે નહીં. નોકર-ચાકરવર્ગ, કર્મચારી વર્ગની તકલીફના લીધે કામમાં વિલંબ જણાય. ઓર્ડર પૂરા કરવામાં તકલીફ રહે. ઘરાકી ઓછી થતી જાય, આવકમાં ઘટાડો જણાય. તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમિયાન ગુરૂનું પ્રતિકૂળતા અનપેક્ષિત મુશ્કેલીમાં વધારો કરે. જૂના ગ્રાહકો તૂટતા જાય ને નવા ગ્રાહકો બંધાય નહીં. ધંધો અટકી પડ્યો છે, ધંધાને કોઈની નજર લાગી છે તેવું લાગ્યા કરે. આવક જણાય નહીં અને જાવક ચાલુ રહેતાં આપનો ખર્ચ વધતો જાય. ધંધો બંધ કરી દેવાની ઈચ્છા થાય. સંયુક્ત ધંધામાં, ભાગીદારીવાળા ધંધામાં ભાઈભાંડુ-ભાગીદાર વર્ગ સાથે વાદ-વિવાદ-ગેરસમજણ-મનદુઃખ થઈ જાય. ધંધો બંધ કરી છૂટા પડો અથવા તો આપને એકલાને ધંધામાંથી દૂર કરવામાં આવે. આપની સાથે દગો-વિશ્વાસઘાત ન થાય તેની તકેદારી આપે રાખવી પડે. ધંધાકીય કોઈપણ નિર્ણય લેવામાં આપે ઉતાવળ કરવી નહીં. આવેશ-ઉશ્કેરાટમાં લીધેલ નિર્ણય પાછળથી આપને પસ્તાવો કરાવે.

પરંતુ વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે સાનુકૂળ રહે છે. પ્રથમ તબક્કામાં ગુરૂ આપને રાહત અપાવશે. બીજા તબક્કામાં ગુરૂની સાનુકૂળતા આપને કાર્ય સફળતા અપાવે. નવી કોઈ વાતચીત આવે કે નવો ઓર્ડર મળી રહે. નવા ગ્રાહકો બંધાય, જૂના ગ્રાહકો પુનઃ આપની પાસે આવે. પરદેશનું કામ મળી રહે. ધંધાકીય નવું કોઈ આયોજન વિચારતાં હોવ તો તેમાં સાનુકૂળતા-સફળતા મળી રહે.

સ્ત્રી વર્ગ

સ્ત્રી વર્ગ માટે આ વર્ષ મધ્યમ રહેશે. શનિની પનોતીના લીધે ઘર-પરિવાર અને નોકરી-વ્યવસાયના કામ વચ્ચે સંતુલન સાધવામાં મુશ્કેલી પડે. એકનું સાચવવા જાવ તો બીજાનું બગડે. ઘર-પરિવારનું ધ્યાન રાખવા જાવ તો નોકરી-ધંધામાં સાંભાળવું પડે અને નોકરી-ધંધાનું ધ્યાન રાખો તો ઘર-પરિવારનું સાંભળવું પડે. તેમાં પણ ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમિયાન ગુરૂની પ્રતિકૂળતા આપની મુશ્કેલી વધારે. ઘર-પરિવાર કે નોકરી-વ્યવસાય બેમાંથી એકની પસંદગી કરવાનો સમય આવી પડે. શું કરવું ? શું નહીં ? તેની સૂઝ પડે નહીં. આરોગ્યની તકલીફ આપના કષ્ટ-પીડામાં વધારો કરે. જોકે વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધીની ગુરૂની સાનુકૂળતા આપને રાહત આપે. તેમાં પણ વર્ષાન્તે આપને વધુ સરળતા થતી જાય. જે નોકરી-ધંધો છોડી દેવાનું વિચારતાં હોવ તેમાં જ આપને પ્રગતિ જણાય. આપના કાર્યની પ્રશંસા થાય. જોકે વૈશાખ વદ બારસ સુધી આપને માતાની-ભાઈભાંડુની ચિંતા રહે. ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન સંતાનની ચિંતા રહે.

ખેડૂત વર્ગ

ખેડૂત વર્ગ માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ઠીક રહે. શનિની પનોતીના લીધે વૈશાખ વદ બારસ સુધી આપને ખેતીમાં પ્રતિકૂળતા રહે. જમીનની ફળદ્રુપતા ઘટી જવાને લીધે પાક બરાબર થાય નહીં. જંતુનાશક દવાઓને લીધે પાકને નુકસાન થાય. જીવાત પડી જવાને લીધે કે પશુ-પક્ષીઓની તકલીફના લીધે પાક બગડી જાય. પોષ વદ બીજથી જેઠ વદ છઠ દરમિયાન ગુરૂની પ્રતિકૂળતા આપની મુશ્કેલી વધારે. ખેતરમાં કામ કરતા ગરમીના લીધે કે જીવજંતુ કરડી જવાને લીધે આપની તબીયત બગડે નહીં તેનું ધ્યાન રાખવું પડે. લોખંડના ઓજાર-સાધનો વાગી જવાથી શરીરમાં પરું થઈ જાય અને આપની તકલીફ વધે. જોકે વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ સુધી ગુરૂ આપને થોડી રાહત આપશે. જેઠ વદ છઠથી ગુરૂનું પરિભ્રમણ આપને વધુ સાનુકૂળ થશે. વર્ષના ઉત્તરાર્ધમાં આપને સારું રહે.

ઉપસંહાર

આમ, વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે ઉતાર-ચઢાવનું રહે. વર્ષ દરમિયાન ગુરૂ-શનિનું બે રાશિમાં પરિભ્રમણ અને સાનુકૂળ-પ્રતિકૂળ વલણ આપને ક્યારેક રાહત તો ક્યારેક ઉચાટ-ઉદ્વેગ રખાવે. વર્ષ દરમિયાન નાંણાકીય આયોજન સંભાળીને કરવું. આપના સ્વાસ્થયની વિશેષ કાળજી રાખવી. આપની બેદરકારીના લીધે આપનું આરોગ્ય વધુ બગડે નહીં તેની તકેદારી રાખવી પડે. નોકરી-ધંધામાં આપે ધીરજ અને શાંતિ રાખીને સમય પસાર કરવો. સાનુકૂળ-પ્રતિકૂળ સમય અનુસાર આપે આગળ વધવું. કૌટુંબિક-પારિવારિક દ્રષ્ટિએ આપને માતા-પિતા-ભાઈભાંડુની ચિંતા રહેશે.

વિદ્યાર્થી વર્ગ

વિદ્યાર્થી વર્ગે વર્ષના પ્રારંભથી જ અભ્યાસનું આયોજન કરીને તે પ્રમાણે તૈયારી શરૂ કરી દેવી. વ્યસની-રખડું-સ્વાર્થી મિત્રોથી દૂર રહેવું. તેવા મિત્રો પોતે અભ્યાસ કરી લે પરંતુ આપના અભ્યાસમાં ખલેલ પહોંચાડે. આપને બહાર હરવા-ફરવા લઈ જઈ સમયનો વ્યય કરાવડાવે. તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન સુધી ગુરૂની પ્રતિકૂળતા આપને અભ્યાસમાં રૂકાવટ આપે. વાંચવાની ઈચ્છા થાય નહીં. વાંચો તો યાદ ના રહે. આપની મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડે. કારકિર્દીનું વર્ષ હોય તેમણે વિશેષ સાવધાની રાખવી.

જોકે વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષાન્ત સુધીનું ગુરૂનું પરિભ્રમણ આપના માટે સારું રહેશે. જે આપને થોડી રાહત રખાવશે. આ સમયનો આપ પૂરેપૂરો ઉપયોગ કરીને અભ્યાસ કરી લેવો. જો કે તા. ૯ માર્ચથી તા. ૨૬ એપ્રિલ દરમિયાન આપે અભ્યાસમાં વિશેષ ધ્યાન રાખવું. પરીક્ષા સમયે બીમારી અકસ્માતથી સંભાળવું.

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

મકર (ખ.જ.)



તા. ૨૦ જુનથી શનિની નાની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે શરૂ થઈ રહી છે. જે આપને કષ્ટ-પીડા રખાવશે...

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે ઠીક રહેશે. વર્ષના મોટાભાગના સમયમાં ગુરૂની પ્રતિકૂળતા આપને હેરાન-પરેશાન રખાવે. રાહુનું પરિભ્રમણ આપને માનસિક પરિતાપ-વ્યગ્રતા આપે તેમજ વૈશાખ વદ બારસ તા. ૨૦/૬/૨૦૨૭ થી શનિની નાની અઢી વર્ષની પનોતી લોખંડના પાયે શરૂ થઈ રહી છે. જે આપને કષ્ટ-પીડા રખાવશે. આપની પરેશાનીમાં વધારો કરશે. જોકે વચમાં થોડો સમય માટે ગુરૂ સારો થતાં આપને રાહત જણાશે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન આપે ખૂબ જ ધ્યાન રાખવું પડશે. આપની બેદરકારીના લીધએ આપનું સ્વાસ્થ્ય વધુ બગડે નહીં તેની તકેદારી આપે રાખવી પડે. વર્ષારંભથી પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ. સુધી અને જેઠ વદ છઠ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ અષ્ટમ-મૃત્યુ સ્થાનમાંથી થઈ રહ્યું છે. જે આપને આરોગ્યલક્ષી તકલીફ આપે. આપ મૃત્યુજનક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો તેવું લાગ્યા કરે. જૂની બીમારી ફરી ઉથલો મારે. વારસાગત બીમારી કે નવી બીમારી લાગુ પડતાં આપની મુશ્કેલીમાં વધારો થાય. વધતું વજન આપના માટે આફતરૂપ બની રહે. પેટ-પેઢુની પગની તકલીફ જણાય. તે સિવાય આંખની, મોં-ગળાની, દાંત-જીભ-જડબાની, ગાલ-ગરદન-ખભાની તકલીફ જણાય. વૈશાખ વદ બારસથી શરૂ થઈ રહેલી શનિની પનોતી આપના સ્વાસ્થ્યને વધુ હાનિ કરે. છાતીમાં દર્દ-પીડા, શ્વાસની ગભરામણ જેવું જણાય. તા. ૧૨ નવે. ૨૦૨૬ થી તા. ૯-૪-૨૦૨૭ અને તા. ૨૬-૪ થી તા. ૪-૬ દરમ્યાન રક્તચાપની, લોહીની બગાડની તકલીફ થાય. છાતીની, કોલેસ્ટ્રોલની તકલીફ હોય તેમણે વધુ ધ્યાન રાખવું પડે. ટૂંકમાં સંવત ૨૦૮૩ના વર્ષ દરમ્યાન આપે આરોગ્ય બાબતે ખૂબ જ ધ્યાન રાખવું.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ વર્ષ આપના માટે નબળું છે. વિક્રમ સંવત ૨૦૮૩ દરમ્યાન આપે નાણાંકીય આયોજન ખૂબ જ સાવધાનીપૂર્વક કરવું. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી ગુરૂ પ્રતિકૂળ પરિભ્રમણ આપને આરોગ્યની બાબતમાં ખર્ચ રખાવે. તા. ૧૨-૧૧-૨૦૨૬ થી તા. ૯-૩-૨૦૨૭ અને તા. ૨૬-૪ થી તા. ૪-૬ દરમ્યાન મંગળનું પરિભ્રમણ આપને જમીન-મકાન-વાહન બાબતે ખર્ચ-ખરીદી રખાવે. ઘર-પરિવાર, માતા-પિતાના આરોગ્ય બાબતે આકસ્મિક ખર્ચ આવી જાય. કોર્ટ-કચેરીના પ્રશ્ને ખર્ચ રહે.

તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂ આપના માટે સાનુકૂળ રહેતાં આપને રાહત રહે. ખોટા ખર્ચાઓ, આકસ્મિક ખર્ચાઓ ઘટતાં આપની નાણાંકીય ચિંતા ઓછી થાય. બચત કરી શકો.

પરંતુ વૈશાખ વદ બારસ તા. ૨ જૂનથી અઢી વર્ષની નાની પનોતી લોખંડના પાયે શરૂ થાય છે. તે ધીરે ધીરે આપને નાણાંકીય તકલીફ આપે. તેમાં પણ તા. ૨૫ જૂનથી ગુરૂ પુનઃ પ્રતિકૂળ થતાં આપની મુશ્કેલીમાં વધારો થાય. આપની આવક સ્થિર રહે, ઘટતી જાય અને મોં ઘવારીના લીધે જાવક વધતી જાય. આકસ્મિક ખર્ચાઓ, ખોટા ખર્ચાઓને લીધે આપની નાણાંકીય તકલીફ વધતી જાય. નાણાંભીડનો સામનો કરવો પડે. બચત વાપરવાનો સમય આવે. આપના વ્યવહારો સાચવવામાં મુશ્કેલી પડે. વર્ષ દરમ્યાન જો આપ ખોટા ખર્ચાઓ પર કાબુ નહીં રાખો, નાણાંકીય આયોજન વ્યવસ્થિત રીતે નહીં કરો તો આપ વિકટ પરિસ્થિતિમાં મૂકાઈ જાવ. ઉછીના-ઉધાર લેવામાં વ્યાજના ચક્કરમાં ફસાઈ જાવ. કોઈને નાણાં આપ્યા હોય તો તે સમયસર પરત ના આવવાથી આપે બીજેથી નાણાં લઈ વ્યવહારો સાચવવા પડે.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક પારિવારીક દ્રષ્ટિએ વર્ષ મધ્યમ છે. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂની પ્રતિકૂળતા આપને કૌટુંબિક-પારિવારીક પ્રશ્ને ચિંતા-ઉચાટ રખાવે. દોડધામ-શ્રમ-ખર્ચ જણાય. સંયુક્ત માલ-મિલકત-ધંધાના પ્રશ્ને વાદ-વિવાદ-ગેરસમજ-મનદુઃખ થઈ જાય. ભાઈભાંડુના સંબંધોમાં ખટાશ આવી જાય. તા. ૧૨ નવેમ્બર થી તા. ૯ માર્ચ અને તા. ૨૬-૪ થી તા. ૪-૬ દરમ્યાન માતા-પિતાના આરોગ્યની ચિંતા જણાય. વૈશાખ વદ બારસથી શનિની અઢી વર્ષની પનોતી અને તા. ૨૫ જૂનથી ગુરૂ પુનઃ પ્રતિકૂળ થતાં આપની ઘર-પરિવાર અંગેની ચિંતામાં વધારો થાય. માતૃપક્ષે બીમારી ચિંતા-ખર્ચનું આવરણ રહે. આપે સાવધાની રાખવી પડે.

પરંતુ તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂની સાનુકૂળતા આપને રાહત અપાવશે. ભાઈભાંડુનો સહકાર મળી રહે. કૌટુંબિક-પારિવારીક પ્રશ્નોનો ઉકેલ આવતો જાય. આપની ચિંતા-પરેશાની ઓછા થતાં જાય. પત્ની-સંતાન આપને મદદરૂપ થાય.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩ નું વર્ષ આપને નોકરીમાં ચિંતા-ઉચાટ રખાવે. વર્ષનો મોટો સમય ગુરૂની પ્રતિકૂળતા આપને કામમાં રૂકાવટ-મુશ્કેલી આપે. આપના કામના દબાણ-તણાવ, દોડધામ-શ્રમની અસર આપના સ્વાસ્થ્ય પર ના પડે તેની કાળજી રાખવી. સહકાર્યકર લાંબા સમય સુધી રજા પર રહેતાં, નોકરી છોડી ના જતાં રહેતાં તેમનું કામ આપની પાસે આવવાથી અ ા પ ન ા કાર્યભારમાં વધારો થાય. નોકર-ચ ા ક ર વ ર્ગ ની તકલીફના લીધે સમયસર કામ પૂરું કરી શકો નહીં. અન્ય કોઈની ભૂલ ના લીધે આપે ઉપરી વર્ગનો ઠપકો સાંભળવો પડે. આપના સ્વાસ્થ્યના લીધે વારંવાર રજાઓ પડતાં આપનું કામ વધતું જાય, આપને નોકરીમાંથી છુટા કરવાની વાત આપના સુધી પહોંચાડવામાં આવે.

વર્ષ દરમ્યાન જો આપ ખોટા ખર્ચાઓ પર કાબુ નહીં રાખો, નાણાંકીય આયોજન વ્યવસ્થિત રીતે નહીં કરો તો આપ વિકટ પરિસ્થિતિમાં મૂકાઈ જાવ...

વૈશાખ વદ બારસ તા. ૨ જૂનથી લોખંડના પાયે શનિની અઢી વર્ષની પનોતી શરૂ થઈ રહી છે જે આપની મુશ્કેલીમાં વધારો કરો. કર્મ સ્થાન પરની તેની દ્રષ્ટિ આપના કષ્ટ-પીડામાં વધારો કરે. આપના કાર્યમાં વધુ પ્રતિકૂળતા આવતી જાય. કૌટુંબિક-પારિવારીક પ્રશ્નોને લીધે આપને કામમાં ધ્યાન આપી શકો નહીં. બેધ્યાનપણાને લીધે કામમાં ભૂલો થાય. નાણાંકીય જવાબદારીનું કામ સંભાળનારે વિશેષ સાવધાની રાખવી. કોઈના પણ ભરોસે રહેવું નહીં. વિચારો પર કાબુ રાખવો.

જોકે તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂ આપને સાનુકૂળ થતાં આપના મહત્વના કામનો ઉકેલ લાવી શકો. આપના કામ ઉકે લા વા થી આપને રાહત થતી જાય. આપના કામની કદ ર-પ્રશં સા થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. આ સમય દરમ્યાન નોકર-ચાકરવર્ગ આપને સહાયરૂપ બનવાના પ્રયાસ કરે.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩ દરમ્યાન આપે ધંધાકીય રીતે ખૂબ જ સાવધાની રાખવી. ધીરજ અને શાંતિથી દિવસો પસાર કરી લેવા. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂની પ્રતિકૂળતા આપને કામકાજમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી રખાવે. રાજકીય, સરકારી, ખાતાકીય કીન્નાખોરીના ભોગ બનવું પડે. ઈન્કમટેક્સ, GST, ED જેવી સરકારી સંસ્થાઓ આપના આંગણે આવીને ઊભી રહે. કોર્ટ-કચેરી, કાયદાકીય કાર્યવાહીમાં ફસાઈ જાવ. બજારમાં આપના યશ-પ્રતિષ્ઠાને હાનિ પહોંચે. સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને લીધે ધંધામાં બરાબર ધ્યાન આપી શકો નહીં. માણસોને ભરોસે કામ છોડવું પડે. સમયસર કામ પૂર્ણ ન થતાં જૂના ગ્રાહકો આપને ફરિયાદ કરે. આપની પાસેથી કામ લઈ બીજાને આપી દે. સંયુક્ત ધંધામાં, ભાગીદારીવાળા ધંધામાં આપને મુશ્કેલી રહે. અચાનક જ આપને ભાગીદારીમાંથી દૂર કરવામાં આવે કે ધંધો બંધ કરવામાં આવતાં આપની હાલત કફોડી થઈ જાય. તેમાં પણ વૈશાખવદ બારસથી શનિની પનોતી શરૂ થઈ રહી છે જે આપના માટે પ્રતિકૂળ રહેશે. તે આપની તકલીફમાં વધારો કરાવશે. ભાઈભાંડુ સાથેના, ભાગીદાર સાથેના સંબંધો વણસી જાય, લોખંડ, કોમ્પ્યુટર, કેમીકલના ધંધામાં આપની તકલીફમાં વધારો થાય. નાણાંકીય મુશ્કેલીના લીધે માલ રાખી શકો નહીં. અને માલ ના હોવાને લીધે ધંધો કરી શકો નહીં.જો કે તા. ૨૪ જાન્યુ. થી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ આપના માટે સારું રહે છે તેથી આપના ગણતરી-ધારણા પ્રમાણેનું કામ કરી શકો. મહત્વના નિર્ણયો લઈ શકો. કર્મચારીવર્ગ, નોકર-ચાકરવર્ગ આપને મદદરૂપ થાય. પરદેશના કામમાં પ્રગતિ જણાય. રાજકીય-સરકારી કામમાં સાનુકૂળતા મળી રહે.

વિદ્યાર્થીવર્ગ

વિદ્યાર્થી વર્ગે વર્ષ દરમ્યાન વધુ પડતા આત્મવિશ્વાસમાં આવ્યા વગર વર્ષના પ્રારંભથી જ અભ્યાસની તૈયારી શરૂ કરી દેવી. વર્ષ દરમ્યાન આરોગ્યને લગતી કોઈને કોઈ સમસ્યાને લીધે આપને અભ્યાસમાં રૂકાવટ રહે. કૌટુંબિક-પારિવારીક પ્રશ્નો, પ્રસંગ, ઘટનાને લીધે અભ્યાસમાં અડચણ આવે. પરદેશના કામમાં મુશ્કેલી જણાય. ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ જવાનું આયોજન કરતા હોવ તો તેમાં પીછેહઠ થતાં નાસીપાસ થવું પડે. પરીક્ષા સમયે બીમારી-અકસ્માતના લીધે વર્ષ બગડે નહીં કે થોડાક ગુણ માટે લાઈન બદલવી ના પડે તેનું ધ્યાન રાખવું. વર્ષાન્તે મિત્રવર્ગ સાથે હરવા-ફરવામાં, મોજમજામાં અભ્યાસ બગાડવો નહીં.

ખેડૂતવર્ગ

સંવત ૨૦૮૩નું વર્ષ ખેડૂતવર્ગ માટે નબળું છે. વર્ષ દરમ્યાન કોઈને કોઈ તકલીફના લીધે ધાર્યા પ્રમાણે કામ થઈ શકે નહીં. વાવણી-લણણી, પાકના વેચાણમાં મુશ્કેલીઓ આવ્યા કરે. ભાગમાં, માણસો રાખીને ખેતી કરનારાને તકલીફ રહે.

ઉપસંહાર

ભાગીદાર છેલ્લી ઘડીએ ફરી જતાં, માણસો ના આવતાં આપને શું કરવું તેની સૂઝ પડે નહીં. વર્ષ પસાર થાય તેમ નાણાંકીય મુશ્કેલી વધતાં બીજ, બીયારણ, ખાતર લેવામાં આપને મુશ્કેલી પડે. ઉછીના-ઉધાર લઈને ખેતી કરવાની સલાહ નહીં. પરિવારનું ધ્યાન રાખવું પડે. પોષ વદ બીજથી જેઠ વદ છઠ્ઠ દરમ્યાન ગુરૂની સાનુકૂળતા આપને ખરીફ પાકમાં રાહત આપે. આ સમય દરમ્યાન પાક સારો ઉતરતાં આવક જણાય.

સ્ત્રી વર્ગ

સ્ત્રીવર્ગ માટે સંવત ૨૦૮૩નું વર્ષ ઠીક રહે. પતિ-સંતાનની ચિંતા, કુટુંબ-પરિવારની ચિંતા, માતા-પિતા, ભાઈભાંડુવર્ગની ચિંતા રહ્યા કરે. આપના સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને આપે ચારેબાજુ દોડધામ કરવી. આપને આરોગ્યની તકલીફ રહે. પેટ-પેઢુની ગર્ભાશયની, ગુદા ભાગની, પગની તકલીફ રહે. તા. ૧૨-૧૧-૨૦૨૬ થી તા. ૯-૩-૨૦૨૭ અને ૨૬-૪ થઈ ૪-૬ દરમ્મયાન પડવા-વાગવાથી, મચકોડ, ફેક્ચરથી, આગથી, ઈલેકટ્રીકથી સંભાળવું પડે, શસ્ત્રક્રિયા ના કરાવવી પડે તેનું ધ્યાન રાખવું. નોકરી-વ્યવસાય કરનારી મહિલાઓને બન્ને બાજુ સંભાળ રાખવી તકલીફ પડે. વર્ષાન્તે કાર્યસ્થળે ઉપરીવર્ગ-સહકાર્યકરવર્ગની તકલીફ જણાય. શારીરિક-માનસિક શોષણના ભોગ બનવું પડે. ઘર-પરિવારની તકલીફના લીધે નોકરી-વ્યવસાય છોડી દેવાની ઈચ્છા થાય.પરંતુ પોષ વદ બીજથી જેઠ વદ છઠ્ઠ દરમ્યાન ગુરૂની સાનુકૂળતા આપને રાહત અપાવશે. આપના કેટલાંક અગત્યના કામ ઉકેલાય. કોર્ટ-કચેરીના કેસમાં રાહત રહે. કામમાં સરળતા રહેવાથી કામ કરવાનો ઉત્સાહ રહે.



ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

કુંભ (ગ.શ.સ.ષ)



પડવા-વાગવાથી સંભાળવું પડે. આગ, ઈલેક્ટ્રિકથી ધ્યાન રાખવું. મોં, ગળાની-દાંત-જડબાની, જીભની તકલીફ જણાય...

વિક્રમ સંવત ૨૦૮૩ના આ વર્ષમાં ગુરૂનું પરિભ્રમણ એકંદરે સારું રહે છે. થોડો સમય તે મધ્યમ રહેશે. વર્ષ દરમ્યાન આપને શનિની સાડાસાતીનો છેલ્લો તબક્કો ચાંદીના પાયે છે ત્યારબાદ પણ તેનું પરિભ્રમણ આપના માટે સાનુકુળ રહે છે. જે આપને લાભ અપાવે. પરંતુ વર્ષના પ્રારંભમાં કારતક વદ-બારસ તા. ૫ ડીસેમ્બરથી આપ બારમા રાહુના બંધનમાં આવશે. આપને બંધનયુક્ત પરિસ્થિતિનો અનુભવ થાય. અડચણ રહ્યા કરે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહેશે. વર્ષારંભે માનસિક પરિતાપ-વ્યગ્રતા રહે. વિચારોની અસમંજસ્તા જણાય. તા. ૫ ડીસેમ્બરથી રાહુનું પરિભ્રમણ પ્રતિકુળ થતાં આપને માટે તબીયતને લગતા પ્રશ્નો ઉભા કરે. વારંવાર સીઝનલ-વાયરલ બીમારીથી સંભાળવું પડે.

તા. ૨૪/૧ થી તા. ૨૫/૬ દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ બીમારી સ્થાનમાંથી થઈ રહ્યું છે. તેથી આપને સ્વાસ્થ્ય સંબંધી ચિંતા જણાય. આંખની, ગરદન, ખભાની તકલીફ જણાય. જૂની બીમારીમાં આપે ધ્યાન રાખવું પડે. તા. ૯/૩થી ૨૬/૪ અને તા. ૪/૬ થી તા. ૨૪/૮ દરમ્યાન આપે પડવા-વાગવાથી-મચકોડ-ફ્રેકચર-અકસ્માતથી સંભાળવું પડે. આગ, ઈલેક્ટ્રીકથી ધ્યાન રાખવું. મોં, ગળાની-દાંત-જડબાની, જીભની તકલીફ જણાય. પગનું ધ્યાન રાખવું.

જોકે વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ અને જેઠ વદ છઠથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપને રાહત અપાવડાવે. આ સમય દરમ્યાન બીમારીમાં આપને રાહત જણાય. જો કે આપનું વજન ના વધે તેની આપે તકેદારી રાખવી પડે. માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થાય. બેચેની-વ્યગ્રતા ઘટતી જાય. હતાશા-નિરાશા દૂર થાય. આંખોની-મોંની તકલીફમાં રાહત જણાય.

આર્થિક સુખ-સંપત્તિ

આર્થિક સુખ-સંપત્તિની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષ દરમ્યાન ગુરૂ શનિની સાનુકુળતા આપને આર્થિક લાભ કરાવે. આવકમાં વધારો જણાય. શનિની પનોતીનો અંતિમ તબક્કો ચાંદીના પાયે હોવાથી આપને લાભ-ફાયદો કરાવે. આપની આર્થિક સ્થિતિમાં સુધારો લાવે. ધનવૃષ્ધિ થાય.

પરંતુ વર્ષના પ્રારંભમાં કારતક વદ બારસ તા. ૫ ડીસેમ્બરથી રાહુ બારમા-વ્યય સ્થાનમાં પરિભ્રમણની શરૂઆત કરાશે. જે આપને વર્ષ દરમ્યાન કોઈને કોઈ આકસ્મિક ખર્ચ-ખરીદી રખાવે. કેટલીકવાર ખોટા ખર્ચાઓ થયા કરે. સ્વાસ્થ્ય સંબંધી ખર્ચ કરાવે. તે સિવાય રાજકીય-સરકારી-ખાતાકીય કામમાં, કોર્ટ-કચેરીના કામમાં ખર્ચ જણાય. તેમાં પણ તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમ્યાન ગુરૂનું પરિભ્રમણ આપના ખર્ચમાં વધારો કરાવે. હરિફવર્ગ-શત્રુવર્ગના લીધે ખર્ચમાં વધારો જણાય. સાસરીપક્ષે મોસાળપક્ષે કોઈને કોઈ કારણસર ખર્ચ રહે. તા. ૧૪/૧ થી તા. ૧૩/૨ દરમ્યાન આપને પત્ની સંબંધીત ખર્ચ રહે. તા. ૪/૬ થી તા. ૨૪/૮ દરમ્યાન ધંધાકીય તકલીફના લીધે નાણાભીડ રહે. ખર્ચ જણાય. કૌટુંબિક પારિવારીક ખર્ચ આવી જાય. ભાઈભાંડુ-અડોશ-પડોશ માટે ખર્ચ કરવો પડે.

પરંતુ વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ સુધી અને જેઠ વદ છઠથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે સાનુકુળ રહેતાં આપની આવક જળવાઈ રહે. આપના વ્યવહારો જળાઈ જાય. તા. ૨ જૂનથી આપને શનિની સાડાસાતી પૂરી થશે. ત્યારબાદનું શનિનું પરિભ્રમણ આપના માટે સારું રહે છે. તે પણ આપને આર્થિક વૃષ્ધિમાં મદદરૂપ થાય. આમ, વર્ષ દરમ્યાન ગ્રહોની પરિસ્થિતિ આવક-જાવક ચાલુ રખાવશે પરંતુ એકંદરે નાણાકીય સુખાકારી સારી આપે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩માં વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી ગુરૂની સાનુકુળતા આપની કામમાં સરળતા રખાવડાવે. આપના અગત્યના કામ ધીરે-ધીરે ઉકેલાતાં જાય. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે.

પરંતુ કારતક વદ બારસ તા. ૫/૧૨ થી રાહુ પ્રતિકુળ થતાં આપને કામમાં રૂકાવટ રખાવે. આપના થતાં કામ અટકી પડે. સરળ લાગતાં કામમાં પણ આપને દોડધામ રહે. ખર્ચ જણાય. સરકારી-ખાતાકીય ગૂંચવણમાં તેમાં આપને મુશ્કેલી જણાય.

સાસરી-મોસાળમાં કે એ પક્ષે કોઈ સંબંધીને ત્યાં નોકરી કરતાં હોય તો આપની તકલીફમાં વધારો થાય. આપના લીધે સંબંધો બગડે નહીં તેની તકેદારી રાખવી પડે. મજબૂરીના લીધે આપે અપમાન સહન કરીને પણ ત્યાં નોકરી ચાલુ રાખવી પડે. નાંણાકીય જવાબદારીનું કામ સંભાળતાં હોવ તો આપે વિશેષ કાળજી રાખવી પડે. નાંણાના હિસાબમાં ભૂલો ન થાય તે જોવું. રૂપિયા ભરેલું પાકીટ ચોરાઈ કે ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું. આપે નાંણાકીય ભરપાઈ કરવી પડે. તા. ૪ જૂનથી તા. ૨૪ ઓગસ્ટ દરમ્યાન આપને કામમાં વધુ મુશ્કેલી રહે. સહકાર્યકરવર્ગ-નોકર-ચાકરવર્ગની તકલીફ જણાય. હરિફવર્ગ-ઈર્ષ્યા કરનારવર્ગ આપને હાનિ પહોંચાડવાના પ્રયત્નો કરે.

કામના વધુ પડતાં દબાણ-તણાવ, દોડધામ-શ્રમની અસર આપના આરોગ્ય પર થાય.

જો કે તા. ૨૫ જુનથી ગુરૂ પુનઃ સાનુકુળ થશે જે આપને રાહત આપે. વર્ષ દરમ્યાન શનિનું પરિભ્રમણ પણ આપને કાર્યમાં સરળતા આપે. સાડાસાતીનો છેલ્લો તબક્કો ચાંદીના પાયે છે જે આપને સાનુકુળતા રખાવડાવે. કુટુંબ-પરિવારનો સાથ મળી રહે. આપના કાર્યની સાથે સંસ્થાકીય કાર્ય-જાહેરક્ષેત્રના કામમાં, સામાજિક-વ્યવહારિક કામમાં વ્યસ્ત રહેવાનું બને. દોડધામ-શ્રમ રહે પરંતુ કામનો ઉકેલ આવતો જવાથી આપને શાંતિ થાય. નવું કામ કરવાની હિમ્મત આવે. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે.

આવકમાં વધારો જણાય. શનિની પનોતીનો અંતિમ તબક્કો ચાંદીના પાયે હોવાથી આપને લાભ-ફાયદો કરાવે...

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ધંધાકીય રીતે આપના માટે ઉતાર-ચઢાવવાળું રહે. વર્ષની મધ્ય સુધી શનિની સાડાસાતીનો છેલ્લો તબક્કો ચાંદીના પાયે છે જે આપને માટે સારો રહેશે. ધંધામાં આવક જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ધરાકી આવી જાય. તા. ૨ જૂનથી પનોતી પૂરી થશે. ત્યાર બાદનું શનિનું પરિભ્રમણ પણ આપને સરળતા રખાવે. આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. નોકર-ચાકરવર્ગ-કર્મચારીવર્ગ આપને મદદરૂપ બની રહે. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સહારો આપને મળી રહે. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂ પણ આપના માટે સાનુકુળ રહેશે. આપના મહત્ત્વના કામનો ફટાફટ ઉકેલ આવતો જાય. અગત્યના નિર્ણય લેવામાં સરળતા રહે. આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થઈ શકે. સામાજિક કાર્યક્રમોમાં આપની સહભાગીતા આપી શકો. ધંધાકીય જવું આયોજન થઈ શકે. સ્થાપિત ધંધાની નવી શાખા ખોલવાનું વિચારતા હોવ તો તેમાં પ્રગતિ જણાય. દેશ-પરદેશના કાર્યમાં સાનુકુળતા મળી રહે.

પરંતુ વર્ષના પ્રારંભમાં તા. ૫ ડીસેમ્બરથી રાહ પ્રતિકુળ થતાં તે આપને કેટલાંક કાર્યોમાં રૂકાવટ રખાવે. ઈન્કમટેક્ષ, ઈડી, જીએસટીના ચક્કરમાં ફસાઈ ન જાવ તેની તકેદારી રાખવી પડે. પોષ વદ બીજથી જેઠ વદ છઠ સુધી ગુરૂનું પરિભ્રમણ આપને થોડીક મુશ્કેલી આપે. હરિફવર્ગ-ઈર્ષ્યા કરનારવર્ગ આપને પરહેશાનીમાં મૂકે. નફામાં નુકસાની ભોગવવી પડે. તા. ૪ જૂનથી તા. ૨૪ ઓગસ્ટ દરમ્યાન ધંધાકીય કોઈને કોઈ તકલીફ આવ્યા કરે. નોકર-ચાકરવર્ગની તકલીફના લીધે કામમાં વિલંબ જણાય. સમયસર ઓર્ડર પૂરો ના કરી શકો. નાંણાકીય મૂશ્કેલીનો આપે સામનો કરવો પડે. આપની પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી.

સ્ત્રીવર્ગ

સ્ત્રીવર્ગ માટે સંવત ૨૦૮૩નું વર્ષ એકંદરે સારું રહે. વર્ષ દરમ્યાન ગુરુ-શનિની સાનુકુળતા આપને નોકરી-ધંધામાં રાહત આપે. આપના કામ થઈ શકે. નોકરી શરૂ કરવાનું કે નવો ધંધો શરૂ કરવાનું વિચારતા હોવ તો તેમાં પ્રગતિ જણાય. પતિ-સંતાનનો આપને સાથ-સહકાર મળી રહે. અવિવાહીતને વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. નવવધૂને પતિને સમજવામાં આસાની રહે. સંતાન પ્રાપ્તિના યોગ ઊભા થાય. પરંતુ કારતક વર્ષ બારસથી રાહુની પ્રતિકુળતા આપની દોડધામમાં વધારો કરે. ખર્ચ વધારે.

વિદ્યાર્થીવર્ગ

આ વર્ષમાં ગુરૂ-શનિની સાનુકુળતા આપના અભ્યાસ માટે લાભદાયક રહે. પરંતુ રાહુની પ્રતિકુળતાને લીધે આપના અભ્યાસના આયોજનને અનુસરવામાં તકલીફ રહે. આપના ધાર્યા પ્રમાણે અભ્યાસ પૂર્ણ કરી શકો નહીં. વધુ પડતો આત્મવિશ્વાસ આપના માટે જોખમી સાબીત થાય. તેથી આપે સફળતામાં છકી જવાને બદલે મહેનત ચાલુ રાખવી. કારકીર્દીનું વર્ષ હોય તેમણે થોડાક ગુણ માટે તકલીફનો સામનો કરવો પડે. ઘર-પરિવાર-મિત્ર વર્ગનો સહકાર રહે. પરંતુ ૨૪/૨થી ૨૫/૬ દરમ્યાન આપે અભ્યાસની બાબતમાં વિશેષ કાળજી રાખવી પડે.

ઉપસંહાર

ટૂંકમાં વિક્રમ સંવત ૨૦૮૩માં ગ્રહોની સાનુકુળ-પ્રતિકુળ અસરોનો અનુભવ એકસાથે કરવો પડે. ગુરૂ-શનિની સાનુકુળતા કામમાં સરળતાં આપે, કામનો ઝડપથી ઉકેલ લાવે. આપને લાભ-ફાયદો કરાવે તો સામે રાહુની પ્રતિકુળતા આપને ચિંતા-ઉચાટ-ખર્ચ રખાવે. દોડધામ-શ્રમમાં વધારો થાય. આકસ્મિક ખર્ચાઓ આવ્યા કરે. ક્યારેક નાંણાભીડ જેવું લાગે તેમ છતાં કેટલાક અગત્યના કામમાં આપને સાનુકુળતા રહે. વર્ષ દરમ્યાન પત્ની-સંતાનનો સહકાર મળી રહે. વિવાહ-લગ્નના યોગ ઉભા થાય. સાસરીપક્ષ-મોસાળપક્ષની ચિંતા આપને સતાવ્યા કરે.

પત્ની-સંતાન-પરિવાર

કૌટુંબિક-પારિવારીક દ્રષ્ટિએ વર્ષ આપના માટે સારું રહે. શનિનું પરિભ્રમણ આપની પારિવારીક સુખાકારીમાં વધારો કરે. વર્ષારંભથી તા. ૨૪ જાન્યુ. સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપને સાનુકુળ રહે છે. અવિવાહીતવર્ગને વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. નવદંપતી એકબીજાને સારી રીતે સમજી શકે. પત્ની સાથે વાદ-વિવાદ-ગેરસમજ-મનદુઃખ થયું હોય તો દૂર થાય. સમાધાન થાય. પત્ની પિયર જતી રહી હોય તો પુનઃમિલનના યોગ ઉભા થાય. પરંતુ ૧૫/૫ થી ૧૫/૬ અને તા. ૧૭/૯ થી ૧૭/૧૦ દરમ્યાન પત્નીના સ્વાસ્થ્ય બાબતે આપને ચિંતા જણાય. વર્ષ દરમ્યાન રાહુનું પરિભ્રમણ મોસાળપક્ષ-સાસરીપક્ષની ચિંતા રખાવે. તા. ૨૪/૧ થી તા. ૨૫ જૂન દરમ્યાન સાસરીપક્ષે મોસાળપક્ષે બીમારીનું આવરણ આવી જાય. ખર્ચ જણાય. તે સિવાય આપે વાદ-વિવાદ-મનદુઃખથી સંભાળવું પડે. તા. ૪ જૂનથી તા. ૨૪ ઓગસ્ટ દરમ્યાન આપને ભાઈભાંડુવર્ગની ચિંતા જણાય. પિતાના, પિતૃપક્ષે કોઈ વડીલ હોય તો તેમના આરોગ્ય-આયુષ્યની ચિંતા રખાવે.



ગુજરાત સમાચાર
મંગળવાર, ૧૦-૧૧-૨૦૨૬

રાશિ ભવિષ્ય
2026-27
નૂતન વર્ષાભિનંદન

મીન (દ.ચ.ઝ.થ.)



વર્ષાન્તે શનિની સાનુકૂળતા આપને રાહત આપે. કામના ઉકેલમાં સરળતા રખાવે. આકસ્મિક લાભ-ફાયદા આપી જાય.

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ગત વર્ષ કરતાં થોડું સારું રહેશે. વર્ષના પ્રારંભમાં કારતક વદ બારસ તા. ૫ ડિસેમ્બરથી આપ બારમા રાહુના બંધનમાંથી મુક્ત થતાં આપને થોડી-થોડી રાહત થતી જાય. પરંતુ ત્યાં સુધી એટલે કે વર્ષારંભે આપને આકસ્મિક ખર્ચ જણાય. નાંણાકીય લેવડ-દેવડમાં આપે ધ્યાન રાખવું પડે. વૈશાખ વદ બારસ સુધી શનિની સાડાસાતીનો બીજો તબક્કો લોખંડના પાયે છે. જે આપને કષ્ટ-પીડા આપે. માનસિક પરિતાપ રહે. હૃદય પર ભાર જેવું લાગ્યા કરે પરંતુ ત્યાર પછી ત્રીજો તબક્કો ચાંદીના પાયે શરૂ થાય છે તે આપના માટે સારો રહેશે. ગુરૂનું પરિભ્રમણ વર્ષ દરમિયાન ઠીક રહેશે.

આરોગ્ય સુખાકારી

આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહેશે. વર્ષના પ્રારંભથી તા. ૨૪-૧ સુધી અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના સ્વાસ્થ્ય માટે ચિંતા રખાવે. આપે સીઝનલ વાયરલ બીમારીથી સંભાળવું પડે. વારંવાર વાયરલ-સીઝનલ બીમારીમાં સપડાઈ જાવ. જૂની બીમારીમાં આપની મુશ્કેલીમાં વધારો થાય. આપ જો બેદરકારી રાખો તો રોગ વધી જાય. વજન ઉચકવામાં, સૂવા દરમિયાન પીઠમાં નસ ના દબાઈ જાય, ચસક ન આવી જાય તેનું આપે ધ્યાન રાખવું પડે.

તા. ૨ જૂન સુધી આપની રાશિમાંથી પસાર થઈ રહેલો શનિ આપને માનસિક પરિતાપ-વ્યગ્રતા આપે. ઉચાટ-ઉદ્વેગ રખાવે. નિરાશાનો સામનો કરવો પડે. આપ હતાશામાં ન સરી જાવ તેનું ધ્યાન આપે રાખવું પડે. વર્ષારંભે આંખોની કાળજી રાખવી પડે. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમિયાન ગુરૂ આપના માટે સાનુકૂળ રહેતાં આપને રાહત જણાય. આપના આરોગ્યમાં સુધારો જણાય. વજન વધે. તા. ૨૪-૮થી તા. ૭-૧૦ સુધી આપને કમરમાં તકલીફ જણાય. કીડનીની તકલીફ હોય તેમણે વિશેષ સાવધાની રાખવી. તે સિવાય અગ્નિ-ઈલેકટ્રીકથી દાઝવાથી સંભાળવું પડે. વાહન ચલાવવામાં ધ્યાન રાખવું. આંખોમાં દર્દ-પીડા રહે.

આર્થિક સુખ-સંપત્તિ

વર્ષ દરમિયાન નાંણાકીય સુખાકારી મધ્યમ રહે. ગત વર્ષની સરખામણીએ થોડું સારું રહે. વર્ષારંભે રાહુનું પરિભ્રમણ આપને આકસ્મિક ખર્ચ કરાવે. તા. ૫-૧૨થી આપ બારમા રાહુના બંધનમાંથી મુક્ત થતાં નાંણાકીય દ્રષ્ટિએ આપને રાહત થતી જાય.

પરંતુ વર્ષારંભથી પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ. સુધી તેમજ જેઠ વદ છઠ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપના માટે ઠીક રહે. ષષ્ઠમ સ્થાનમાંથી પસાર થઈ રહેલો ગુરૂ આપને કોઈને કોઈ ખર્ચ રખાવે. ખોટા ખર્ચાઓથી આપે બચવું પડે. મોસાળપક્ષે-સાસરીપક્ષે ખર્ચ જણાય. કોઈને ઉછીના-ઉધાર આપવામાં ધ્યાન રાખવું પડે. મોંઘવારીના લીધે ખર્ચ વધતો જાય અને આવક સીમિત રહેતાં આપને નાંણાભીડ અનુભવાય. ધંધામાં આવક સ્થિર થઈ ગઈ છે તેવું અનુભવાય. સ્વાસ્થ્ય સંબંધી ખર્ચ જણાય.

વર્ષની મધ્ય સુધી શનિની પનોતીનો બીજો તબક્કો આપને પરેશાની આપે. લોખંડના પાયે ચાલી રહેલી પનોતી આપને ખર્ચ રખાવે. પત્ની-સંતાન માટે ખર્ચ જણાય. નવા નાંણાકીય જોખમો કરવા નહીં. કોઈના દોરવાયા દોરવાઈ જઈને કોઈ રોકાણ કરવું નહીં. સાઈબર ઠગીના ભોગ ના બની જાવ તેની તકેદારી આપે રાખવી પડે. પરંતુ તા. ૨ જૂનથી સાડાસાતીનો ત્રીજો તબક્કો ચાંદીના પાયે શરૂ થતાં આપને રાહત કરાવે. ધનલાભ-ધનવૃદ્ધિ થતાં આનંદ અનુભવો. બંધ થઈ ગયેલી આવક પુનઃ શરૂ થાય. એકદમ જૂની ઊઘરાણીના નાંણા આકસ્મિક જ છૂટાં થવાથી નાંણાકીય રાહત જણાય.

તા. ૨૪-૮થી તા. ૭-૧૦ દરમિયાન આપે બેંકના, વીમા કંપનીના, શેરોના કામમાં ધ્યાન રાખવું પડે. નાંણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી. આકસ્મિક ખર્ચ જણાય. આર્થિક નુકસાનીથી આપે સંભાળવું પડે.

પત્ની-સંતાન-પરિવાર

તા. ૨ જૂન સુધી શનિનું પરિભ્રમણ આપને પત્ની સંબંધિત કોઈને કોઈ સમસ્યા રખાવે. પત્નીના આરોગ્ય બાબતે ચિંતા જણાય. પત્ની સાથે વાદ-વિવાદ-ગેરસમજ-મનદુઃખથી સંભાળવું પડે. સાંસારિક જીવનમાં તકલીફ રહે. ભાઈભાંડુની ચિંતા રખાવશે. પરંતુ ત્યારબાદ શનિનું પરિભ્રમણ કૌટુંબિક-પારિવારીક સુખાકારીમાં વધારો કરે. કુટુંબ-પરિવારનો સાથ-સહકાર આપને મળી રહે. તા. ૨૪-૧ થી તા. ૨૫-૬ દરમિયાન ગુરૂ આપને સંતાનની ચિંતા-પરેશાનીમાં રાહત અપાવે. તેના મહત્ત્વના કામ થઈ શકે. અવિવાહીત સંતાનના વિવાહ-લગ્નમાં પ્રગતિ જણાય. નવદંપતીને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થાય. પરંતુ વર્ષારંભથી પોષ વદ બીજ સુધી અને જેઠ વદ છઠથી વર્ષના અંત સુધીનું ગુરૂનું પરિભ્રમણ આપને સાસરી પક્ષ-મોસાળ પક્ષની ચિંતા રખાવે. બીમારી-ખર્ચનું આવરણ આવી જાય. તે સિવાય ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન કૌટુંબિક-પારિવારીક પ્રશ્ને આપને ચિંતા-ઉચાટ-ખર્ચ રહે. આપે ધીરજથી કામ લેવું પડે.

નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ?

નોકરીમાં આ વર્ષ આપના માટે મધ્યમ રહે. વર્ષારંભે રાહુની પ્રતિકૂળતા આપને કામમાં રૂકાવટ રખાવે. પરંતુ તા. ૫ ડીસેમ્બરથી બારમા રાહુના બંધનમાંથી મુક્ત થતાં આપને થોડી રાહત જણાય. તે પછીનું રાહુનું પરિભ્રમણ આપને લાભ આપી જાય.

૨૪ જાન્યુ.થી ૨૫ જૂન દરમિયાન સંતાનના કામમાં સાનુકૂળતા રહે. તેના કાર્યનો ઉકેલ લાવી શકો. આપના ચિંતા-પરેશાનીમાં ઘટાડો થાય.

વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુઆરી સુધી તેમજ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ મધ્યમ રહે છે. આપના કાર્યમાં ક્યારેક પ્રતિકૂળતા જણાય તો ક્યારેક કામમાં સરળતા જણાય. આપની પ્રગતિની ઈર્ષ્યા કરનાર વર્ગ, હરિફ વર્ગ દ્વારા આપને મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ થાય. સ્વાસ્થ્યની અસ્વસ્થતાને લીધે કામમાં વિલંબ જણાય. સગા-સંબંધી વર્ગને ત્યાં નોકરી કરનારે સંબંધોની શરમ રાખવી પડે. અનિચ્છાએ પણ કેટલાંક કામ કરવા પડે. નાંણાકીય લેવડ-દેવડની બાબતોમાં આપે ધ્યાન રાખવું. વાદ-વિવાદથી દૂર રહેવું.

જોકે તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમિયાન ગુરૂ આપના માટે સાનુકૂળ રહેતાં આપને કામમાં સરળતા મળી રહે. કેટલાંક અગત્યના કામનો ઉકેલ આવે. આપના અનુભવ-આવડતથી મુશ્કેલીમાંથી રસ્તો કાઢી શકો.

ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ગત વર્ષની સરખામણીએ આપના માટે થોડું સારું રહે. વર્ષના પ્રારંભમાં જ આપ બારમા રાહુના બંધનમાંથી મુક્ત થતાં આપ ધીરે ધીરે રાહતનો અનુભવ કરો. અટકી પડેલા કામોમાં પ્રગતિ જણાય. પરંતુ ગુરૂ-શનિની પ્રતિકૂળતા રહેતાં થોડી મુશ્કેલી જણાય.

વર્ષના પ્રારંભથી પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ. સુધી તેમજ જેઠ વદ તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધીનું ગુરૂનું પરિભ્રમણ મધ્યમ રહે છે. ધંધાના કામની સાથે બીજું કોઈ કામ આવી જવાના લીધે કાર્યભાર, દોડધામ, શ્રમમાં વધારો થાય. સીઝનલ ધંધામાં હરિફવર્ગનો સામનો કરવો પડે. આપની પ્રગતિની ઈર્ષ્યા કરનાર વર્ગ આપના ગ્રાહકવર્ગને તોડવાના પ્રયાસ કરે અને તેમાં થોડેઘણે અંશે સફળ પણ થાય. તબીયતની અસ્વસ્થતાને લીધે ધંધામાં ધ્યાન આપવામાં મુશ્કેલી રહે.

તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન સુધી ગુરૂની સાનુકૂળતા રહેતાં આપને કામમાં સરળતા થતી જાય. પુખ્ત વયના સંતાનો આપને ધંધામાં મદદરૂપ થવાના પ્રયાસ કરતાં આપને રાહત જણાય. આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક જણાય. લાભ-ફાયદો મળી રહે. સરકારી-ખાતાકીય કામ થઈ શકે.

સ્ત્રીવર્ગ

વર્ષ દરમિયાન ગુરૂ-શનિની પ્રતિકૂળતા પતિ-સંતાનની ચિંતા રખાવે. સાંસારિક જીવનમાં કોઈને કોઈ મુશ્કેલી જણાય. માનસિક પરિતાપ-વ્યગ્રતા રહે. મોસાળપક્ષ-સાસરી પક્ષની તકલીફ રહે. દોડધામ ખર્ચ જણાય. ૨ જૂનથી પનોતીનો ત્રીજો તબક્કો ચાંદીના પાયે શરૂ થતાં આપને રાહત થતી જાય. કુટુંબ-પરિવાર આપને મદદરૂપ થવાના પ્રયત્ન કરે. નોકરી-વ્યવસાયમાં આપને લાભ-ફાયદો મળી રહે. ૨૪-૧થી ૨૫-૬ સુધી ગુરૂ સાનુકૂળ રહે. સંતાનની ચિંતા ઓછી કરાવે. સંતાન પ્રાપ્તિના યોગ ઊભા થાય. પરંતુ વર્ષના પ્રારંભથી તા. ૨૪-૧ અને તા. ૨૫-૬ થી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ આપની દોડધામ-શ્રમમાં વધારો કરે. આકસ્મિક ખર્ચ-ખરીદી રખાવે. નાંણાકીય આયોજન સંભાળીને કરવું પડે. નોકરી-વ્યવસાયમાં હરિફવર્ગ આપને મુશ્કેલીમાં મુકે. નવા કોઈ સાહસો કરવા નહીં.

વિદ્યાર્થી વર્ગ

વિદ્યાર્થીવર્ગ માટે વર્ષ ઠીક રહે. વર્ષના પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરૂનું પરિભ્રમણ વિદ્યાભ્યાસમાં આપને રૂકાવટ રખાવે. ધાર્યા પ્રમાણે મહેનત થઈ શકે નહીં. વાંચવા છતાં યાદ ના રહે તેવું બને. એકની એક વસ્તુ વારંવાર તૈયાર કરવી પડે. તા. ૨ જૂન સુધી આપની રાશિમાંથી પસાર થઈ રહેલો શનિ આપને ઉચાટ-ઉદ્વેગ રખાવે. અભ્યાસમાં મન લાગે નહીં. મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડે.

ઉપસંહાર

વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આ વર્ષ આપના માટે ગત વર્ષની સરખામણીએ થોડી થોડી રાહત આપનારું રહે. વર્ષના પ્રારંભણાં જ બારમા રાહુના બંધનમાંથી મુક્ત થાવ. વર્ષનો મોટોભાગ ગુરૂનું મધ્યમ પરિભ્રમણ તેમજ શનિની પ્રતિકૂળતાને લીધે આપના દોડધામ-શ્રમ-ખર્ચ, ઉચાટ-ઉદ્વેગમાં વધારો થાય. પત્ની સંતાનની ચિંતા રખાવે. પરંતુ વર્ષાન્તે શનિની સાનુકૂળતા આપને રાહત આપે. કામના ઉકેલમાં સરળતા રખાવે. આકસ્મિક લાભ-ફાયદા આપી જાય. ધનલાભ થાય. ૨૪ જાન્યુ.થી ૨૫ જૂન દરમિયાન સંતાનના કામમાં સાનુકૂળતા રહે. તેના કાર્યનો ઉકેલ લાવી શકો. આપના ચિંતા-પરેશાનીમાં ઘટાડો થાય.

ખેડૂત વર્ગ

ખેડૂત વર્ગ માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ મધ્યમ રહેશે. વર્ષની મધ્ય સુધી શનિની પ્રતિકૂળતા આપને તકલીફ આપે. તેમજ વર્ષના મોટાભાગનો સમય ગુરૂનું મધ્યમ ફળ રહે. ખેતીમાં ધાર્યા પ્રમાણે ખેડાણ-વાવણી-લણણી કરવામાં મુશ્કેલી રહે. અન્યના ભરોસે રહો તો આપનું કામ અટવાયા કરો. વિલંબીત થતું જાય. રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓના ઉપયોગમાં આપે ધ્યાન રાખવું. પાકની સાથે આપના સ્વાસ્થ્ય પર તેની આડઅસર ન થાય તેની કાળજી આપે રાખવી પડે. પાકનો યોગ્ય મોલ ન મળતાં નુકસાનીમાં કે ઓછા ભાવમાં વેચી દેવો પડે. ખેતરની જમીનના વિવાદમાં આપે કોર્ટ-કચેરીથી સંભાળવું પડે. વર્ષની મધ્યમ ગુરૂનું પરિભ્રમણ અને અંતમાં શનિનું પરિભ્રમણ આપને થોડી રાહત અપાવે. વર્ષાન્તે યોગ્ય વર્ષ થવાથી, પાણીની વ્યવસ્થા થવાથી સારો પાક ઉતરે તેવી આશા રહે.





નવા સંકલ્પનું પર્વ
નૂતન વર્ષ

નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે આ નવા વર્ષને 'સંકલ્પ પર્વ' તરીકે મનાવીએ. નવા વર્ષના સૂરજના સોનેરી કિરણો અનેક આશાઓ અપેક્ષાઓ મહત્વ કાંક્ષાઓ લઈને પ્રગટે છે ત્યારે આ પર્વનું ભારતીય સંસ્કૃતિમાં વિશેષ મહત્વ છે. આ પર્વને શાસ્ત્રોએ મહાપર્વ ગણાવ્યું છે. આજે તો પશ્ચિમી સંસ્કૃતિની અસર વધતાં નવીપેઢીમાં થર્ટીફર્સ્ટ ડિસેમ્બર એન ૧લી જાન્યુઆરી અંગ્રેજી ન્યૂયરનું મહત્વ વધ્યું છે. તેની ઉજવણી ધામધૂમથી કરાય છે. પણ ભારતીય સંસ્કૃતિ મુજબ વિક્રમનું નવું વર્ષ અને દિવાળીનું મહત્વ સદીઓથી રહ્યું છે એ આપણી મૂળ પરંપરા છે, એ ન ભૂલવું જોઇએ.

વળી નૂતનવર્ષે આપણે નવાં કપડાં, નવાં જૂતાં વિગેરે લાવી પહેરીએ છીએ જો કે આ ખરું પણ જેમ શરીર માટે નવાં વસ્ત્રોની સજાવટ આપણને જરૂરી લાગે છે. તેમ આ શરીરના મૂલાધાર આત્મા, ચેતન શક્તિ કે મનને પણ નવાં વસ્ત્રોની જરૂર હોય છે. એ નવાં વસ્ત્રો એટલે નવા સુંદર વિચારોથી એને શણગારવાની જરૂર છે. જૂના વિચારો ત્યજી દઈને નવાં વિચારો, નવાં સંકલ્પો કરવામાં આવે તો નવા વર્ષની ખરી ઉજવણી કરી ગણાય. આ સંકલ્પો જાત માટે હોય, કુટુંબ માટે હોય કે સમાજ માટે, પણ નવા વર્ષના પ્રારંભે કોઈ એક શુભ સંકલ્પ લઇ આખુ વર્ષ તેને પૂરો કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. એકલા સંકલ્પ કરવો પર્યાપ્ત નથી, તેને પૂર્ણ કરવા કે સફળ બનાવવા સતત પ્રયત્નશીલ રહેવું, કાર્યરત રહેવું કે જાગ્રત રહેવું એ પણ જરૂરી છે.

યોગ્ય દિશાની મહેનત ભાગ્ય પણ બદલી શકે છે. એકલા ભાગ્ય પર ભરોસો રાખીને બેસી ન રહેવાય, ભાગ્યને બદલવા માટે પરિશ્રમ કરવો પડે. અને એ પરિશ્રમ પણ સાચી દિશાનો હોવો જોઇએ. સ્વામી વિવેકાનંદે આપેલું એક સૂત્ર વધુ પ્રચલિત છે, ઉઠો, જાગો અને મંડ્યા રહો. અહીં ધ્યેય પ્રાપ્તિ માટે સફળ ન થવાય ત્યાં સુધી મંડ્યા રહેવાની વાત છે. માણસની એક જીદ દુનિયા બદલી શકે છે. ડુંગરો તોડીને રસ્તો બનાવી શકે છે. વૈજ્ઞાનિકો અનેક પ્રયોગોમાં નિષ્ફળ જાય છે, પણ પ્રયત્ન છોડી દેતા નથી. એ નિષ્ફળતાઓ પછી પણ મંડ્યા રહે છે. જે છેવટે સફળ થાય છે અને દુનિયાને કંઈક નવું આપી શકે છે. માટે સફળતા તેને જ જઈ વરે છે, જે પરસેવે ન્હાય છે.

આ નવા વર્ષે તમે મનગમતો નવો સંકલ્પ લો, ભલે એ ભણવા માટેનો હોય, નોકરી ધંધા માટેનો હોય, પત્ની બાળકોના લાભનો હોય, મા-બાપની સેવાનો હોય, જનતાની સેવાનો હોય, કે દેશ પ્રત્યેનો હોય, કોઈપણ સંકલ્પ તમારા જીવનને નવું બળ આપશે, નવી પ્રેરણા આપશે, અને કર્મનો સંતોષ આપશે.

શુધ્ધ આચાર-વિચાર યુક્ત સંકલ્પ જીવનની જડીબુટ્ટી છે એકવાર નવાં કપડાં નહીં હોય તો ચાલશે, પણ મન અને આત્મા પર ડાઘ હશે તો જીવનભર કચવાટ લાગશે. એના પર કોઈ દાગ નહીં હોય તો જીવન ઉજ્જવળ અને શાંતિમય બની રહેશે. નવા વર્ષના આ સંકલ્પ પર્વે આપણે દરીદ્રીનારાયણની સેવા, પેટ્રોલની બચત, પ્રદૂષણ હટાવો, વૃક્ષો વાવો, બેટી બચાવો, ટ્રાફિક નિયમોનું પાલન કરવું, સ્વચ્છતાનું પાલન, રક્તદાન કે દેહદાન, સુપ્રવૃત્તિમાં પોતાનું યોગદાન વિગેરે સંકલ્પો લઇ શકાય. કોઈ વ્યસન હોય તો તે છોડી દેવાનો સંકલ્પ, મક્કમ મને આજે જ કરો, કદાચ એમ નહીં કરાય તો આવતીકાલે એ ઘણું મોડું થઈ ગયું હશે. વ્યસન છોડવું એ જાત માટે, કુટુંબ માટે અને સમાજ માટે હિતકારી છે.

નવ સંકલ્પના આ પર્વને યોગ્ય રીતે મનાવીશું. તો જીવનમાં અદ્વિતિય આનંદ મળશે, સુખ-સંતોષ મળશે. યાદ રાખો શુભ સંકલ્પ સાથે, શુભકર્મ સાથે ઈશ્વર કૃપા, યશ એન કીર્તિ સંકળાયેલા જ છે.